

# અરિહંત ધ્યાન

મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી

Scanned by CamScanner

યોગશાસ્ત્રોના અષ્ટમ-પ્રકાશ ઉપર
આધારિત અને વિસ્તારિત,
૪૮ માનસ-ચિત્રો સ્વરૂપે

# અરિહંત-ધ્યાન

-મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

૧૫૯

Scanned by CamScanner

પ્રકાશક :

કમલ પ્રકાશન ટ્રસ્ટ
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન,
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,
રિલીફરોડ, અમદાવાદ-૧

ફોન : ૩૮૫૭૨૩ : ૩૮૦૧૪૩

લેખક-પરિચય :

સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

પ્રથમ સંસ્કરણ : નકલ ૭૦૦૦
ચૈત્ર સુદ એકમ
તા. ૨૬-૩-૮૨

ખંડ : ૧-૨

મુદ્રક :

રાજુભાઈ સી. શાહ
ક્રેનિમેક પ્રિન્ટર્સ
આમુનાયકની પોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧

ખંડ : ૩

મધુ પ્રિન્ટરી
દૂધવાળી પોળ,
ઘીકાંટા રોડ,
અમદાવાદ

મૂલ્ય
રૂ. ૩-૦૦

# □ અનુક્રમણિકા


પ્રાસ્તાવિકમ્ ખંડ : ૧ પૂ.પાદ. પં. ભગ. શ્રીમદ્
ભદ્રંકરવિજયજી મહારાજા સાહેબ ૧–૩૦

૧. ગર્હા : અનુમોદનાશરણ :

૨. અનુભવજ્ઞાનનો અપૂર્વ મહિમા

૩. અરિહંતની ઉપાસના

ભૂમિકા ખંડ : ૨ મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી ૩૧–૬૦

૧. પુણ્ય : અપરિહાર્ય શક્તિ

૨. સૂક્ષ્મનું પ્રચંડ બળ

૩. ચારિત્ર–નિર્માણ

૪. આ રહ્યો, વિશ્વકલ્યાણનો પંથ

૫. દેવો ભૂત્વા દેવં યજેત

૬. આલંબનનું મહત્ત્વ

૪૮ માનસ–ચિત્રો રૂપે
સાલંબન ધ્યાન ખંડ : ૩ મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી ૬૧–૧૦૮


Scanned by CamScanner

## પ્રકાશકીય

પૂજ્યપાદ, સંયમમૂર્તિ, વાત્સલ્યનિધિ પંન્યાસ ભગવંત શ્રીમદ્ ભદ્રંકરવિજયજી મહારાજા સાહેબશ્રીએ શ્રદ્ધરત્ન, સુશ્રાવક બાબુભાઈ કડીવાળા દ્વારા મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજીને પાઠવેલી કૃપા-પ્રસાદી એટલે આ અરિહંત-ધ્યાનની પ્રક્રિયા.

યોગશાસ્ત્રના અષ્ટમ-પ્રકાશમાં એનું મૂળ પડયું છે.

મુનિશ્રીએ કતારગામ (સુરત), ઘોટી તથા છેલ્લે ચંદનબાળામાં આ પ્રક્રિયાને સકળ સંઘ સમક્ષ રજૂ કરી હતી. તેને સાંભળ્યા બાદ અનેક પુણ્યાત્માઓની માગણી થઈ કે આ પ્રક્રિયા પુસ્તક રૂપે બહાર પાડવી જોઈએ, જેથી મંત્રજપથી જેઓનું ચિત્ત પરમાત્મામાં તન્મય ન બની શકતું હોય તેમને પરમાત્મામાં તન્મય બનવા માટે આ પ્રક્રિયા ખૂબ ઉપકારક થઈ પડશે.

આથી પૂજ્યપાદ પં. ભગ. શ્રીમદ્ ભદ્રંકરવિજયજી મહારાજા સાહેબને આ પ્રક્રિયાનું લેખન તૈયાર કરીને મોકલવામાં આવ્યું. પોતાની નાદુરસ્ત તબિયતમાં પણ તે કૃપાલુએ તેનું શ્રવણ કરીને સુધારાઓ સૂચવ્યા અને મુનિશ્રીને તે પ્રક્રિયા પરત કરવા સાથે મોકલેલા પત્રમાં તે પરમકૃપાલુશ્રીજીએ જણાવ્યું કે “એકંદરે આ લખાણ સુંદર અને ભાવવાહી થયું છે. આંતરિક આરાધના માટે સાધકોને તે અત્યંત પ્રેરણાદાયી અને ઉપકારક બની રહેશે. આરાધનાના અભ્યાસ સાથેનો તમારો આ પ્રયાસ અનુમોદનીય છે.”

વાચકોના અને આરાધકોના કરકમલમાં આવી સુંદર ધ્યાન-પ્રક્રિયા મૂકતાં અમે અનેરો આનંદ અનુભવીએ છીએ.

તા. ૧-૧૨-૮૧
વિ. સં. ૨૦૩૮, માગ. સુદ પાંચમ
અમદાવાદ.

લિ.
ટ્રસ્ટી મંડળ
કમલ પ્રકાશન ટ્રસ્ટ

Scanned by CamScanner

# અરિહંત પરમાત્માનું

# સાલંબન ધ્યાન

प्रास्ताविकम्

ખંડ : ૧

પૂજ્યપાદ વાત્સલ્યનિધિ પં. ભગ. શ્રીમદ્
ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ

વિષય-સૂચિ :

૧. ગર્હા : અનુમોદના : શરણ
૨. અનુભવ જ્ઞાનનો અપૂર્વ મહિમા
૩. અરિહંતની ઉપાસના

Scanned by CamScanner

## ૧. ગર્હા : અનુમોદના : શરણ

પોતે કરેલા ઉપકારના મહત્ત્વ જેટલું જ કે તેથી અધિક પરકૃત ઉપકારોનું મહત્ત્વ છે. એવો મધ્યસ્થવૃત્તિતારૂપ સમત્વ ભાવ એ દ્વેષ-દોષના પ્રતિકારસ્વરૂપ છે. ઉભય પ્રકારનું સમત્વ રાગદ્વેષને નિર્મૂળ કરી આત્માના શુદ્ધ સ્વભાવરૂપ કેવલજ્ઞાન–કેવલદર્શનને ઉત્પન્ન કરે છે. તેમાં લોકાલોક પ્રતિભાસિત થાય છે, પરંતુ એ કોઈથી પ્રતિભાસિત થતું નથી, કેમ કે તે સ્વયંભૂ છે. તેથી વીતરાગ અવસ્થા જ પરમ પૂજનીય છે અને તેને પ્રાપ્ત કરવાના ઉપાયભૂત ગર્હા, સુકૃતાનુમોદન અને શરણગમન એ પરમ ઉપાદેય છે.

वीतरागोऽप्यसौ देवो, ध्यायमानो मुमुक्षुभिः ।
स्वर्गापवर्गफलदः शक्तिस्तस्य हि तादृशी ॥१॥

આ દેવ વીતરાગ હોવા છતાં મુમુક્ષુ વડે જ્યારે ધ્યાન કરાય છે ત્યારે સ્વર્ગાપવર્ગરૂપી ફળને આપે છે, કેમ કે તેમની નિશ્ચિત તેવા પ્રકારની શક્તિ છે.

वीतरागोऽप्यसौ ध्येयो, भव्यानां स्याद् भवच्छिदे ।
विच्छिन्नबन्धनस्यास्य, तादृग् नैसर्गिको गुणः ॥

આ ધ્યેય વીતરાગ હોવા છતાં ભવ્ય જીવોના ભવોચ્છેદને માટે થાય છે. બંધન જેઓના છેદાઈ ગયા છે, તેઓમાં આ નૈસર્ગિક ગુણો હોય છે.

વીતરાગ આત્માઓનો સ્વભાવ જ તેમનું ધ્યાન કરનારાઓના રાગદ્વેષનો છેદ કરવાનો છે. 'स्वभावोऽतर्कगोचरः ।'–સ્વભાવ તર્કનો અવિષય છે. વસ્તુસ્વભાવના નિયમ મુજબ વીતરાગ વસ્તુનો સ્વભાવ જ સ્વ પર ભવોચ્છેદક છે. કોઈ પણ વસ્તુસ્વભાવ તર્કથી અગ્રાહ્ય છે.



Scanned by CamScanner

અરિહંતાદિનું શરણગમન

પરાર્થવૃત્તિ અને કૃતજ્ઞતાગુણ વડે દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનરૂપ ભવ્યત્વ પરિપાકના બે ઉપાયોનું સેવન થાય છે. ત્રીજો ઉપાય અરિહંતાદિ ચારનું શરણગમન છે. અહીં શરણગમનનો અર્થ એ છે કે જેઓ પરાર્થભાવ અને કૃતજ્ઞતાગુણના સ્વામી છે, તેઓને જ પોતાના એક આદર્શ માનવા, તેમના જ સત્કાર, સન્માન, આદર, બહુમાનને પોતાનાં કર્તવ્ય માનવાં.

પરાર્થભાવ અને કૃતજ્ઞતાગુણના સાચા અર્થી જીવોનું તે બે ભાવની ટોચે (Climax) પહોંચેલાઓની શરણાગતિ. ભક્તિ, પૂજા, બહુમાન વગેરે સહજપણે આવે છે. જો તે ન આવે તો સમજવું કે તેને અંતરથી દુષ્કૃતગર્હા કે સુકૃતાનુમોદન થયેલું નથી. એટલું જ નહીં પણ દુષ્કૃતગર્હા કે સુકૃતાનુમોદનનો ભાવ તેનામાં ઉત્પન્ન થયો હોય તે પણ તે સાનુબંધ નથી, જ્ઞાન-શ્રદ્ધાપૂર્વકનો નથી.

જ્ઞાન અને શ્રદ્ધાથી વિહીન એવો દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનનો ભાવ નિરનુબંધ બને છે, ક્ષણ વાર ટકીને ચાલ્યો જાય છે, તેથી તેને સાનુબંધ બનાવવા માટે તે બે ગુણોને પામેલા અને તેની ટોચે પહોંચેલા પુરુષોની શરણાગતિ અપરિહાર્ય છે.

એ શરણાગતિ, પરાર્થભાવ અને કૃતજ્ઞતાગુણને સાનુબંધ બનાવવા માટેનું સામર્થ્ય પૂરું પાડે છે, વીર્ય વધારે છે, ઉત્સાહ જગાડે છે અને તેમની જેમ જ્યાં સુધી પૂર્ણત્વ પ્રાપ્ત ન થાય, અર્થાત તે બે ગુણોની ક્ષાયિક ભાવે સિદ્ધિ ન થાય ત્યાં સુધી સાધનામાં વિકાસ થતો રહે છે. તેને અનુગ્રહ પણ કહેવાય છે. સાધનામાં ઉત્તરોત્તર વિકાસ વધારી સિદ્ધિ સુધી પહોંચાડનાર શ્રેષ્ઠ પ્રકારના આલંબનો



Scanned by CamScanner

પ્રત્યે આદરનો પરિણામ અને તેથી સિદ્ધિ એ તેમનો અનુગ્રહ ગણાય છે. કહ્યું છે કે—

आलंबनादरोद्भूतप्रत्यूहक्षययोगतः ।
ध्यानाद्यारोहणभ्रंशो, योगिनां नोपजायते ॥

—અધ્યાત્મસાર

ઊંચે ચઢવામાં આલંબનભૂત થનારાં તત્ત્વો પ્રત્યે આદરના પરિણામથી સિદ્ધિની આડે આવતાં વિઘ્નોનો ક્ષય થાય છે અને તે વિઘ્નક્ષયથી યોગી પુરુષોને ધ્યાનાદિના આરોહણથી ભ્રંશ થતો નથી.

આલંબનોના આદરથી થતા પ્રત્યક્ષ લાભને જ શાસ્ત્રકારો અરિહંતાદિનો અનુગ્રહ કહે છે.

**અરિહંતાદિ ચારનું આલંબન સ્વરૂપના બોધનું કારણ છે.**

જેનું આલંબન લઈને જીવ આગળ વધે છે તેનો ઉપકાર હૃદયમાં ન વસે તો તે પાછો પતનને પામે છે. એટલે પરાર્થવૃત્તિરૂપી દુષ્કૃતગર્હા કૃતજ્ઞતાગુણના પાલનસ્વરૂપ સુકૃતાનુમોદના અને તે ગુણોની સિદ્ધિને વરેલા મહાપુરુષોની શરણાગતિ; એ ત્રણે ઉપાયો મળીને જીવને મુક્તિગમન-યોગ્યતા વિકસાવે છે, અને ભવભ્રમણની શક્તિનો ક્ષય કરે છે.

સાચી દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના, દુષ્કૃતરહિત અને સુકૃતવાન તત્ત્વોની ભક્તિ સાથે જોડાયેલી જ હોય છે. તેથી એક ભક્તિને જ મુક્તિની દૂતી કહેલી છે.

કૃતજ્ઞતાગુણ સુકૃતની અનુમોદનારૂપ છે. પરાર્થવૃત્તિ દુષ્કૃતની ગર્હારૂપ છે. દુષ્કૃતની ગર્હારૂપ પરાર્થવૃત્તિ અને સુકૃતની અનુમોદનારૂપ કૃતજ્ઞતાભાવથી વિશુદ્ધ થયેલ અંતઃકરણમાં શુદ્ધ આત્મતત્ત્વનું પ્રતિબિંબ પડે છે. શુદ્ધ આત્મતત્ત્વ અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિકથિત ધર્મથી અભિન્ન સ્વરૂપવાળું છે.



Scanned by CamScanner

# અરિહંત ધ્યાન

અરિહંતાદિ ચારનું શરણગમન એ મુક્તિનું અનન્ય કારણ છે. મુક્તિ એ સ્વરૂપ-લાભરૂપ છે. સ્વરૂપનો બોધ એ અરિહંતાદિ ચારના અવલંબનથી થાય છે. અરિહંતાદિ ચારનું અવલંબન સ્વરૂપના બોધનું કારણ છે. આત્મામાં આત્માથી આત્માને જાણવાનું સાધન અરિહંતાદિ ચારનું શરણ-સ્મરણ છે. આ ચારનું સ્મરણ એ જ તત્ત્વથી આત્મસ્વરૂપનું સ્મરણ છે.

આત્માનું સ્વરૂપ નિશ્ચયથી પરમાત્મતુલ્ય છે, એવો બોધ જેને થયેલો છે, તેને પરમાત્મ-સ્મરણ એ જ વાસ્તવિક શરણગમન છે.

✖ આત્મતત્ત્વનું સ્મરણ વિશુદ્ધ અંતઃકરણમાં થાય છે.

અંતઃકરણની વિશુદ્ધિ દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદનથી થાય છે. દુષ્કૃત પરપીડારૂપ છે. તેની તાત્ત્વિક ગર્હા ત્યારે થાય છે કે જ્યારે પરપીડાથી ઉપાર્જન કરેલા પાપકર્મને પરોપકાર વડે દૂર કરવાનો વીર્યોલ્લાસ જાગે છે.

પરાર્થકરણનો વીર્યોલ્લાસ એ જ પરપીડાકૃત પાપીની સાચી ગર્હાના પરિણામસ્વરૂપ છે. દુષ્કૃતગર્હામાં પરાર્થકરણની વૃત્તિ છુપાયેલી છે. સુકૃતાનુમોદનમાં પરાર્થકરણનું હાર્દિક અનુમોદન છે. ચતુઃશરણ-ગમનમાં પરાર્થકરણ સ્વભાવવાળા આત્મતત્ત્વનો આશ્રય છે.

આત્મતત્ત્વ પોતે જ પરાર્થકરણ અને પરપીડાના પરિહારસ્વરૂપ છે. આત્માનો તે મૂળ સ્વભાવ પ્રાપ્ત કરવા માટે જ પરપીડાનું ગર્હણ અને પરોપકારગુણનું અનુમોદન છે.

શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થયેલા અરિહંતાદિ ચાર સર્વથા પરાર્થ-કરણોદ્યત હોય છે. તેથી તે સ્વરૂપનું શરણ સ્વીકારવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે, ઉપાસના કરવા લાયક છે.



Scanned by CamScanner

શુદ્ધ આત્મતત્ત્વ હંમેશાં પોતાના સ્વભાવથી જ શુદ્ધીકરણનું કાર્ય કરે છે, તેથી તે જ પુનઃસ્મરણીય છે, જ્ઞેય છે, શ્રદ્ધેય છે, સર્વ ભાવથી શરણ્ય છે, શરણ લેવા લાયક છે.

જ્યાં સુધી સ્વકૃત–પોતે કરેલા દુષ્કૃતની ગર્હા થતી નથી, એક નાનું પણ દુષ્કૃતગર્હાના વિષય વિનાનું રહે છે, ત્યાં સુધી સ્વપક્ષપાતરૂપી રાગદોષનો વિકાર વિદ્યમાન છે એમ સમજવું. ગર્હાના સ્થાને અનુમોદના હોવાથી તે મિથ્યા છે, તેથી વાસ્તવિક અનુમોદનાનું સ્થાન જે પર સુકૃત તેની અનુમોદના પણ સાચી થતી નથી.

પરકૃત અલ્પ પણ સુકૃતનું અનુમોદન બાકી રહી જાય છે, ત્યાં સુધી અનુમોદનના સ્થાને અનુમોદનાના બદલે ઉપેક્ષા કાયમ રહે છે અને તે ઉપેક્ષા પણ એક પ્રકારની ગર્હા જ બને છે. સુકૃતની ગર્હા અને દુષ્કૃતનું અનુમોદન થોડે અંશે પણ વિદ્યમાન હોય, ત્યાં સુધી સાચું શરણ પ્રાપ્ત થતું નથી. દુષ્કૃતનું અનુમોદન રાગરૂપ છે અને સુકૃતનું ગર્હણ દોષરૂપ છે. તેના પાયામાં મોહ યા અજ્ઞાન યા મિથ્યાજ્ઞાન રહેલું છે.

એ મિથ્યાજ્ઞાનરૂપી મોહનીય કર્મની સત્તામાં અરિહંતાદિનું શુદ્ધ આત્મસ્વરૂપ ઓળખાતું નથી, કેમ કે તે રાગદ્વેષરહિત છે.

### વીતરાગ અવસ્થાની સૂઝ-બૂઝ

રાગદ્વેષરહિત શુદ્ધ સ્વરૂપની સાચી ઓળખાણ થવા માટે દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદન સર્વાંશે શુદ્ધ થવું જોઈએ. એ થાય ત્યારે જ રાગદ્વેષરહિત અવસ્થાવાનની સાચી શરણાગતિ પ્રાપ્ત થઈ શકે છે અને એ શરણાગતિ પ્રાપ્ત થાય તો જ ભવનો અંત આવી શકે છે.

ભવનો અંત લાવવા માટે રાગદ્વેષરહિત વીતરાગ અવસ્થાની



Scanned by CamScanner

અંતઃકરણમાં સૂઝ-બૂઝ થવી જોઈએ. સૂઝ એટલે શોધ અર્થાત્ જિજ્ઞાસા, અને બૂઝ એટલે જ્ઞાન. વીતરાગ અવસ્થાની સૂઝ-બૂઝ દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનની અપેક્ષા રાખે છે. વીતરાગ અવસ્થાનું મહાત્મય પિછાણવા માટે હૃદયની ભૂમિકા તેને યોગ્ય થવી જોઈએ.

એ યોગ્યતા ગર્હણીય અને અનુમોદનીયની અનુમોદનાના પરિણામથી પ્રગટે છે. ગર્હા દુષ્કૃત માત્રની હોવી જોઈએ. એ બે હોય ત્યારે રાગદ્વેષની તીવ્રતા ઘટી જાય છે. રાગ ન હોવો અને દ્વેષ પ્રત્યે દ્વેષની વૃત્તિ હોવી એ રાગદ્વેષની તીવ્રતાનો અભાવ છે. દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનની હયાતીમાં તેની સિદ્ધિ થાય છે. એથી વીતરાગતાના શરણે જવાની વૃત્તિ જાગે છે. વીતરાગતા એ જ શ્રદ્ધેય, ધ્યેય અને શરણ્ય લાગે છે પછી વીતરાગતા અચિન્ત્યશક્તિયુક્ત છે. તેનાથી વિમુખ રહેનારનો નિગ્રહ અને તેની સન્મુખ થનારનો તે અનુગ્રહ કરે છે.

લોકાલોક-પ્રકાશક કેવળજ્ઞાન અને કેવળદર્શન કે જે આત્માનું સહજ સ્વરૂપ છે, તે વીતરાગ અવસ્થામાં જ પ્રકાશી ઊઠે છે, અન્ય અવસ્થામાં તે વિદ્યમાન હોવા છતાં અપ્રગટ રહે છે. કેવળજ્ઞાન-કેવળદર્શન વડે લોકાલોકના ભાવ હસ્તામલકવત્ પ્રતિભાસે છે. સર્વ દ્રવ્યોના ત્રિકાલવર્તી સર્વ પર્યાયોનું તે ગ્રહણ કરે છે. સમયે સમયે જ્ઞાન વડે સર્વને જાણે છે, અને દર્શન વડે સર્વને જુએ છે.

વીતરાગના શરણે રહેનારને તેમના જ્ઞાનદર્શનનો લાભ મળે છે. એ જ્ઞાનદર્શન વડે પ્રતિભાસિત સર્વ પદાર્થોના સર્વ પર્યાયાદિની ક્રમબદ્ધતા નિશ્ચિત થાય છે. તેથી જગતમાં બની ગયેલા, બની રહેલા અને ભવિષ્યમાં બનનારા સારાનરસા બનાવોમાં રાગદ્વેષ અને હર્ષ-શોકની કલ્પનાઓ નાશ પામે છે.

અરિહંત અને સિદ્ધ પરમાત્માનું ધ્યાન
એ કર્મક્ષયનું અસાધારણ કારણ છે.

જીવનું રૂપાંતર કરનાર રસાયણના સ્થાને એક દયા છે, તે કારણે



Scanned by CamScanner

# અરિહંત ધ્યાન

તીર્થંકરોએ દયાને જ વખાણી છે. ધર્મતત્ત્વનું પાલન, પોષણ અને સંવર્ધન કરનારી એક દયા જ છે અને તે દુઃખી અને પાપી પ્રાણીઓના દુઃખ અને પાપનો નાશ કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિરૂપ છે તથા ક્ષાયિક ભાવમાં સહજ સ્વભાવરૂપ છે. તે સ્વભાવ દુઃખરૂપી દાવાનળને એક ક્ષણ–માત્રમાં શમાવવા માટે પુષ્કરાવર્ત્ત મેઘની ગરજ સારે છે. પુષ્કરાવર્ત્ત મેઘની ધારા જેમ ભયંકર દાવાનળને પણ શાંત કરી દે છે, તેમ આત્માનો સહજ શુદ્ધ સ્વભાવ જેઓને પ્રગટ થયો છે, તેઓના ધ્યાનના પ્રભાવથી દુઃખદાવાનળમાં દાઝતા સંસારી જીવોના દુઃખદાહ એક ક્ષણવારમાં શમી જાય છે.

શુદ્ધ સ્વરૂપને પામેલા અરિહંતાદિ આત્માઓનું ધ્યાન તેમના પૂજન વડે, સ્તવન વડે, તેમની આજ્ઞાના પાલન આદિ વડે થાય છે. શુદ્ધ સ્વરૂપને પામેલા આત્માઓનું ધ્યાન એ જ પરમાત્માનું ધ્યાન છે અને એ જ નિજ શુદ્ધાત્માનું ધ્યાન છે.

ધ્યાન વડે ધ્યાતા ધ્યેયની સાથે એકતાનો અનુભવ કરે છે તે સમાપત્તિ છે, અને તે જ એક કર્મક્ષયનું અસાધારણ કારણ છે. નિજ શુદ્ધ આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાયથી અરિહંત અને સિદ્ધ સમાન છે. તેથી અરિહંત અને સિદ્ધ પરમાત્માનું ધ્યાન દ્રવ્ય ગુણ અને પર્યાયથી પોતાના શુદ્ધ આત્માના ધ્યાનનું કારણ બને છે. કારણમાંથી કાર્ય ઉત્પન્ન થાય છે, એ ન્યાયે અરિહંત અને સિદ્ધ પરમાત્માના ધ્યાન વડે સકલ કર્મનો ક્ષય થવાથી પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટે છે.

કર્મક્ષયનું અસાધારણ કારણ શુદ્ધ સ્વરૂપનું ધ્યાન છે. કહ્યું છે કે :

मोक्षः कर्मक्षयादेव स आत्मज्ञानतो भवेत् ।
ध्यानसाध्यं मतं तच्च, तद्ध्यानं हितमात्मन ॥१॥



Scanned by CamScanner

# અરિહંત ધ્યાન

સકલ કર્મના ક્ષયથી મોક્ષ ઉત્પન્ન થાય છે, અને સકલ કર્મનો ક્ષય આત્મજ્ઞાનથી થાય છે. આત્મજ્ઞાન પરમાત્માના ધ્યાનથી પ્રગટે છે, તેથી પોતાના શુદ્ધ આત્મસ્વરૂપના લાભરૂપ મોક્ષ મેળવવા માટે પરમાત્માના ધ્યાનમાં લીન થવું જોઇએ, કેમ કે તે ધ્યાન જ આત્માને મોક્ષસુખનું અસાધારણ કારણ હોવાથી અત્યંત હિત કરે છે.

## સ્વરૂપની અનુભૂતિ

અરિહંતાદિ ચારનું શરણ એ શુદ્ધ આત્મસ્વરૂપનું સ્મરણ કરાવનાર હોવાથી અને તેના ધ્યાનમાં તલ્લીન કરનાર હોવાથી તત્ત્વતઃ શુદ્ધ આત્મસ્વરૂપનું જ શરણ છે, અને શુદ્ધ આત્મસ્વરૂપનું શરણ એ જ પરમ સમાધિને અર્પનાર હોવાથી પરમ આદેય છે. તે માટેની યોગ્યતા દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનથી પ્રાપ્ત થાય છે, તેથી દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના પણ ઉપાદેય છે.

દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના સહિત અરિહંતાદિ ચારનું શરણ એ ભવ્યત્વ પરિપાકના ઉપાય તરીકે શાસ્ત્રમાં વર્ણવેલું છે, તે યુક્તિ અને અનુભવથી પણ ગમ્ય છે.

દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદન પરાર્થવૃત્તિ અને કૃતજ્ઞતાભાવનો ઉત્તેજિત કરનાર હોવાથી અંતઃકરણની શુદ્ધતા કરે છે, એ યુક્તિ છે અને અંતઃકરણમાં જ પરમાત્મ-સ્વરૂપનું પ્રતિબિંબ પડી શકે છે, એવો સર્વ યોગીપુરુષોનો પણ અનુભવ છે.

સમુદ્ર કે સરોવર જ્યારે નિસ્તરંગ બને છે ત્યારે જ તેમાં આકાશાદિનું પ્રતિબિંબ પડી શકે છે. તેની જેમ અંતઃકરણરૂપી સમુદ્ર કે સરોવર જ્યારે સંકલ્પ-વિકલ્પરૂપી તરંગોથી રહિત બને છે ત્યારે જ તેમાં અરિહંતાદિ ચારનું અને શુદ્ધાત્માનું પ્રતિબિંબ પડે છે-



Scanned by CamScanner

# અરિહંત ધ્યાન

અંતઃકરણને નિસ્તરંગ અને નિર્વિકલ્પ બનાવનાર દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનના શુભ પરિણામ છે અને તેમાં શુદ્ધાત્માનું પ્રતિબિંબ પાડનાર અરિહંતાદિ ચારનું સ્મરણ અને શરણ છે.

સ્મરણ ધ્યાનાદિ વડે થાય છે અને શરણગમન આજ્ઞાપાલનના અધ્યવસાય વડે થાય છે. આજ્ઞાપાલનનો અધ્યવસાય નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિને આપનારો છે, અને નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ અર્થાત્ શુદ્ધાત્માની સાથે એકતાની અનુભૂતિને અંગ્રેજીમાં Self Indentification (સેલ્ફ આઇડેન્ટીફિકેશન) સ્વરૂપની અનુભૂતિ પણ કહે છે.

એ રીતે પરંપરાએ સ્વરૂપની અનુભૂતિ દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનનું અને સાક્ષાત્ શ્રી અરિહંતાદિ ચારના શરણગમનનું ફળ હોવાથી તે ત્રણેયને જીવનું તથાભવ્યત્વ મુક્તિગમન–યોગ્યત્વ પકાવનાર તરીકે શાસ્ત્રમાં ઓળખાવવામાં આવે છે, તે યથાર્થ છે.

દુર્લભ એવા માનવજીવનમાં તે ત્રણે સાધનોનો ભવ્યત્વ પકવવાના ઉપાય તરીકે આશ્રય લેવો એવો એ પ્રત્યેક મુમુક્ષુ આત્માનું પરમ કર્તવ્ય છે.



Scanned by CamScanner

## ૨. અનુભવ જ્ઞાનનો અપૂર્વ મહિમા

भद्दं सुबहुसुयाणं सव्वपयत्थेसुपुच्छणिज्जणं ।
नाणेण जोऽवयारे सिद्धिंपि गएसु सिद्धेसु ॥१॥
भद्रं बहुश्रुतेभ्यः सर्वपदार्थेषु प्रच्छनीयेभ्यः
ज्ञानेन येऽवतारयंति सिद्धिमपि गतान् सिद्धान्

સર્વ પદાર્થોના વિષયમાં પૂછવા યોગ્ય તે મહાગીતાર્થ જ્ઞાની ભગવંતોનું કલ્યાણ થાઓ કે જેઓ પોતાના નિર્મળ શ્રુતજ્ઞાન વડે સિદ્ધિગતિને પ્રાપ્ત થયેલા સિદ્ધ ભગવંતોનું પણ પ્રત્યક્ષ દર્શન કરાવે છે.

આ શ્લોકનું રહસ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ રૂપે સિદ્ધના સ્વરૂપને નય નિક્ષેપ અને પ્રમાણ વડે વિચારવાથી સમજી શકાશે.

(જુઓ અધ્યાત્મગીતા શ્લોક ૫ થી ૧૧, પૃ. ૪૧–૪૨)

(૧) સિદ્ધ ભગવંતો (લોકના અગ્રભાગ ઉપર સિદ્ધશિલા પર બિરાજમાન થયેલા) સેંકડો સૂર્યો અને ચંદ્રોના પ્રકાશ કરતાં પણ અત્યંત ઉજ્જ્વળ અને નિર્મળ કેવલજ્ઞાન રૂપ પ્રકાશ વડે લોકાલોકના સ્વરૂપને પ્રત્યક્ષ નિહાળે છે.

સૂર્ય દૂર દૂર ઊંચે આકાશમાં હોવા છતાં તેનો પ્રકાશ પૃથ્વીતલ પર પથરાય છે. તે પ્રકાશને જોઈ અમારી પાસે જ છે એમ માની લોકો સૂર્યના પ્રત્યક્ષ દર્શન તુલ્ય આનંદ અનુભવે છે, કારણ સૂર્ય અને તેના પ્રકાશનો અભેદ સંબંધ છે.

નિર્મળ જળપાત્ર કે નિર્મળ દર્પણને તડકામાં મૂકી એની અંદર દૃષ્ટિપાત કરીશું, તો એમાં સૂર્યનાં પ્રતિબિંબ દેખાશે, જાણે આકાશમાંથી ઊતરી સૂર્ય એમાં પ્રવેશ કરી ગયો હોય, એમ પ્રત્યક્ષ દેખાય છે.



Scanned by CamScanner

# અરિહંત ધ્યાન

તડકો ન હોય તેવા સ્થાન પર જળપાત્ર કે દર્પણ મૂકવાથી સૂર્યનું પ્રતિબિંબ તેમાં પડતું નથી, આથી એ નક્કી થાય છે કે જ્યાં પ્રકાશ (તડકો) હોય ત્યાં સૂર્યની અવશ્ય હાજરી હોય છે.

સૂર્યનો પ્રકાશ સૂર્યના અસ્તિત્વ ને સૂચિત કરે છે, એવી રીતે સિદ્ધ પરમાત્માનો કેવલજ્ઞાનરૂપ પ્રકાશ સર્વત્ર વ્યાપક છે. ગુણ-ગુણીનો અભેદ હોવાથી જ્યાં તેમનો[1] પ્રકાશ છે ત્યાં તેમની કથંચિત વિદ્યમાનતા છે. પરંતુ તે જ્ઞાન પ્રકાશ અરૂપી હોવાથી બાહ્ય ચક્ષુ વડે (તે) જોઈ શકાતો નથી, તેટલા માત્રથી તે પ્રકાશની અસત્તા–અવિક્ષમતા માની શકાય નહીં, કારણ આંતરદૃષ્ટિથી, શાસ્ત્રચક્ષુથી, જ્ઞાનદૃષ્ટિથી તે પ્રકાશ જાણી જોઈ શકાય છે.

સિદ્ધશિલા ઉપર બિરાજમાન ચંદ્ર જેવા નિર્મળ કાંતિવાળા સિદ્ધસ્વરૂપમાં તન્મય બની સાધક સ્વયં સિદ્ધ સ્વરૂપી થઇ સ્વઆત્માને સિદ્ધ સમાન ધ્યાવે છે.

---

१ परम ज्योतिषे, सदोदितादित्यवर्णाय: भवद्भाविभूत-भावावभासिने, जगच्चक्षुषे, जगत्कर्मसाक्षिणे जगत भास्वते, विश्वरुपाय, ज्योतिषचक्रचक्रिणो महाज्योति-र्घोर्ं तिताय विश्वात्मने सर्वाय, सर्वज्ञाय, सर्वदर्शिने, सर्वतेजोमयाय चतुर्दशरज्वात्मक जीवलोक चूडामणये सर्वगताय ( શક્રસ્તવ શ્રી સિદ્ધસેન દિવાકર વિરચિત)

( વિતરાગ સ્તવ )

- जिनो दाता जिनो भोक्ता, जिनः सर्वमिदं जगद् ।
  जिनो जयति सर्वत्र, यो जिनः सोऽहमत्र च ॥१॥

* सर्व भावेषु कर्तृत्वं–ज्ञातृत्वं यदिसम्मतम्

ત્યારે[2] નિર્મળ અરીસામાં ચંદ્ર કે સૂર્યનું પ્રતિબિંબ પડવાથી જેમ સમગ્ર ગૃહખંડ તે પ્રતિબિંબના પ્રકાશથી ઝળહળી ઊઠે છે, તેવી રીતે નિર્મળ રત્ન જેવા સાધકના અંતઃકરણમાં અનંતસિદ્ધ ભગવંતોના જ્યોતિઃ પુંજનું પ્રતિબિંબ પડે છે અને સાધકનું હૃદય-મંદિર તે પ્રકાશથી ઝલહળી ઊઠે છે.

ઘનઘોર મેઘ ઘટાઓથી આચ્છાદિત થયેલો સૂર્ય દેખાતો નથી તેટલા માત્રથી તેનો અભાવ માનવામાં આવતો નથી.

સિદ્ધના અરૂપી જ્ઞાનપ્રકાશનો અનુભવ અભવ્ય, દુર્ભવ્ય કે મિથ્યાદૃષ્ટિને થઈ શકતો નથી, તો પણ સમ્યગ્ દૃષ્ટિ આત્માને અવશ્ય થાય છે.

### દિવ્ય દૃષ્ટિનું સ્વરૂપ

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પૂર્વે પ્રત્યેક આત્મા ત્રણ કરણ કરે છે (યથાપ્રવૃત્તિ, અપૂર્વ અને અનિવૃત્તિ કરણ)

'કરણ' એટલે આત્માનાં વિશુદ્ધ પરિણામ, તેના દ્વારા મોહાન્ધકારનો નાશ થતાં નિર્મળ હૃદયમંદિરમાં સિદ્ધ પરમાત્માનાં દર્શન થાય છે. અહી 'કરણ' એટલે દિવ્ય-દૃષ્ટિ[3] સમજવી. જિનાગમોમાં

---

૨ "मुक्तिं गतोऽपीशविशुद्धचित्तो,
गुणाधिरोपेण ममासि साक्षात् ।
भानुर्दवीयानपि दर्पणेंऽशु सङ्क्रान्न
किं द्योतयते गृहान्तः ॥३।
(સાધારણ જિન સ્તવ શ્રી કુમારપાલ ભુપાલ કૃત)

૩ દિવ્યદૃષ્ટિ : ચરમાવર્તે હો ચરમ કરણ તથા રે,
ભવ પરિણતિ પરિપાક, દોષ ટળે, વળી દૃષ્ટિ ખૂલે
ભલી રે પ્રાપ્તિ પ્રવચન વાક ॥૩॥
(સંભવજિન સ્તવ આનંદઘનજી)



Scanned by CamScanner

ત્રણ કરણ દ્વારા અનુક્રમે ગ્રંથીભેદ અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું રહસ્યમય સ્વરૂપ વિશદ રીતે વર્ણવવામાં આવ્યું છે.

કર્મ સાહિત્યના અધ્યયનથી પણ તેનું રહસ્ય સમજી શકાય છે. યોગશાસ્ત્રોમાં પણ આત્મદર્શનના ઉપાય રૂપે જે અષ્ટાંગ યોગની પ્રક્રિયા બતાવવામાં આવી છે તેમાં 'સમાધિ' અને 'સમાપત્તિ'નું

જે સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે, તેનો અભ્યાસ સાપેક્ષ કરવામાં આવે તો યથાપ્રવૃત્તિ આદિ ત્રણે કરણનું રહસ્ય સ્પષ્ટ થઇ શકે છે.

'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં કહ્યું છે કે : "યોગીને ગુરુભક્તિના પ્રભાવે" સમાપત્તિની સિદ્ધિ થતાં તીર્થંકર પરમાત્માનાં દર્શન થાય છે, તેમ જ તે ગ્રંથમાં દિવ્યદૃષ્ટિને યોગદૃષ્ટિ રૂપે વર્ણવી છે. તેના ઉત્તરોત્તર વિકાસથી સિદ્ધસ્વરૂપનું સ્પષ્ટ–સ્પષ્ટતર દર્શન (શ્રદ્ધા) થાય છે. સમાપત્તિનું લક્ષણ 'જ્ઞાનસાર'માં આ મુજબ બતાવેલું છે :

मणाविव प्रतिच्छाया, समापत्तिः परात्मनः ।
क्षीणवृत्तौ भवेद्, ध्यानादन्तरात्मनि निर्मले ॥३॥

(ધ્યાનાષ્ટક)

પરમાત્માના ધ્યાન વડે જ્યારે ચિત્તની મલિનવૃત્તિઓ ક્ષીણ થાય છે ત્યારે અંતરાત્મા નિર્મળ બને છે. નિર્મળ આત્મામાં પરમાત્માનું પ્રતિબિંબ પડે છે. તે જ 'સમાપત્તિ' છે.

નિર્મળ મણિ કે અરીસા સામે રાખવામાં આવેલા પદાર્થનું આબેહૂબ પ્રતિબિંબ તે મણિ કે અરીસામાં પડે છે, તે સર્વને પ્રત્યક્ષ દેખાય છે; તેવી રીતે ધ્યાતાનાં નિર્મળ અંતઃકરણમાં ધ્યેયસ્વરૂપ પરમાત્માનું પ્રતિબિંબ પડતાં સાક્ષાત્ પરમાત્માનાં દર્શન થાય છે. તેને આત્મદર્શન સ્વરૂપદર્શન, જિનદર્શન કે આત્મસાક્ષાત્કાર પણ કહી શકાય છે, કારણ તે સમયે સાત સાત રાજલોક અપેક્ષાએ



Scanned by CamScanner

દૂર રહેલા સિદ્ધ પરમાત્મા પણ હૃદયમાં જ બિરાજમાન છે, એવો અનુભવ થાય છે તથા સ્વ આત્મા પણ સત્તાએ સિદ્ધસ્વરૂપી છે, એવી દૃઢ શ્રદ્ધા, પ્રતીતિ ઉત્પન્ન થવાથી શુદ્ધ ચેતના અભેદ ભાવે આત્મ-તત્ત્વમાં લીન બની જાય છે. 'પ્રતિમા શતક' ગ્રંથમાં મહોપાધ્યાય શ્રી યશો વિ. મ. પોતાનો જાત અનુભવ બતાવતાં કહે છે :

પરમાત્માના ધ્યાનમાં તન્મયતા સિદ્ધ થાય છે ત્યારે સ્વયં પરમાત્મા જાણે સામે આવીને ઊભા હોય, હૃદયમંદિરમાં પ્રવેશ કરતાં હોય, ત્યાં બિરાજમાન થઈ મધુર ભાષણ કરતાં હોય તેમ જ સમગ્ર શરીરમાં વ્યાપી ગયા હોય તેવો અનુભવ થાય છે.

જેમ સમવસરણસ્થ અરિહંત પરમાત્માનું રૂપસ્થ ધ્યાન થાય છે, તેવી રીતે સમુદ્દ્ઘાતની પ્રક્રિયા, યોગનિરોધની પ્રક્રિયા અને શૈલેશીકરણ કરી એક સમય માત્રમાં લોકપુરુષના લલાટ સ્થાને સિદ્ધ શિલા ઉપર પહોંચી અનંત સિદ્ધોનાં જ્યોતિર્મય સ્વરૂપમાં લીન બનેલાં સિદ્ધ ભગવંતોનું ધ્યાન પણ થઇ શકે છે.

સિદ્ધ ભગવંતોના ધ્યાનના અભ્યાસથી સ્વઆત્માનું પણ ઉપર્યુક્ત પ્રક્રિયા પ્રમાણે ધ્યાન કરી શકાય છે. આ રીતે પૂ. મહોપાધ્યાયજીના અનુભવોનું રહસ્ય અવશ્ય સમજાશે....

### કેવલી સમુદ્દ્ઘાત પ્રક્રિયા...

કેવલી ભગવંત પોતાના આયુષ્ય કર્મની સ્થિતિ કરતાં જો વેદનીયાદિ (નામ–ગોત્ર) કર્મની સ્થિતિ વધારે હોય તો સમુદ્ઘાતની પ્રક્રિયા દ્વારા તે કર્મોની સ્થિતિને આયુષ્યકર્મની સ્થિતિ સદૃશ બનાવે છે.

એ સમુદ્દ્ઘાતની પ્રક્રિયામાં પહેલા સમયે પોતાના આત્મપ્રદેશોને



Scanned by CamScanner

શરીરથી બહાર ખેંચી દંડાકારે (૧૪ રાજ લોક ઊંચો અને સ્વદેહ પ્રમાણ સ્થૂલ) પરિણમાવે છે.

બીજા સમયે સ્વપ્રદેશોને કપાટ આકારે (ઉત્તર-દક્ષિણ યા પૂર્વ-પશ્ચિમ લોકાંત સુધી) પરિણમાવે છે. ત્રીજા સમયે (પૂર્વ-પશ્ચિમ યા ઉત્તર-દક્ષિણ બીજો કપાટ આકાર બનાવીને) તે પ્રદેશોને મંથાનાકારે અર્થાત્ ચાર પાંખડાવાળા રવૈયાના આકારે ગોઠવે છે. ચોથે સમયે વચલા આંતરા પૂરી સમગ્ર લોકવ્યાપી બને છે ત્યાર પછી પાંચમા, છઠ્ઠા અને સાતમા સમયે ઉત્ક્રમથી આંતરા, મંથન, કપાટાકારમાં પ્રદેશો સંહરી આઠમા સમયે દંડાકારને પણ સંહરી પૂર્વવત્ દેહસ્થ બની રહે છે.

આ પ્રમાણે 'સમુદ્ઘાત'ની પ્રક્રિયાનું વારંવાર ચિંતન કરવાથી ધ્યાતામાં પણ એવી વિશિષ્ટ ધ્યાનશક્તિ પ્રગટે છે જેના પ્રભાવે ધ્યાતા સ્વયં જાણે તેવી જ પ્રક્રિયા કરતો હોય તેવો અનુભવ થાય છે, તથા તે સમયે જાણે પરમાત્માનો સાક્ષાત્ સમાગમ થયો હોય, તેવો અપૂર્વ આનંદ અનુભવે છે.

એ સર્વજ્ઞ પરમાત્મા મારા હૃદયમંદિરમાં પધારવા માટે જ જાણે પ્રથમ સમયે સન્મુખ આવીને ઊભા હોય, બીજે સમયે જાણે હૃદયમાં બિરાજમાન થઈ મધુર સ્વરે બોલતા હોય અને ચોથા સમયે સમગ્ર શરીરમાં વ્યાપી જઈ તન્મયભાવ પામ્યા હોય તેવો આભાસ થતાં ધ્યાતાનો પ્રભુ સાથે એકત્વમિલનનો આનંદ નિરવધિ બની રહે છે.

આ ધ્યાન પ્રક્રિયા અતિ ગંભીર રહસ્યોથી ભરેલી છે. મહા-ગીતાર્થજ્ઞાની, અનુભવ યોગીઓ જ તેના રહસ્યને સમજી-(પામી) શકે



Scanned by CamScanner

છે. છતાં આદર–બહુમાનપૂર્વક તેનો અભ્યાસ કરવાથી સ્વસંવેદન વડે તેનું કાંઈક રહસ્ય સમજી શકાય છે.

### - ધ્યાન પ્રક્રિયાની વિશેષતા

અન્ય આલંબન કે નિરાલંબન ધ્યાનમાં સાધક ધ્યેયની સાકાર કે નિરાકાર કલ્પના કરીને તેના ચિંતન દ્વારા તન્મય બની સ્વ આત્મા સાથે તેનો અભેદ સાધી સહજ સમાધિદશા પ્રાપ્ત કરે છે. આ ધ્યાન પ્રક્રિયામાં સમુદ્‌ઘાત કરતાં કેવલી ભગવંતનું ચિંતન કરતો યોગી જ્યારે ચોથા સમયે સર્વ લોકવ્યાપી બનેલા તે કેવલી ભગવંતનું ધ્યાન કરે છે, ત્યારે સ્વદેહમાં પણ તેમના આત્મપ્રદેશો વ્યાપી ગયા હોય તેવી કલ્પના પણ કરી શકે છે, તેમ જ વર્તમાન કાળે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા કેવલી ભગવંતોમાંથી કોઈક કેવલી સમુદ્‌ઘાત કરી રહ્યા હોય તો તેમના લોકવ્યાપી આત્મપ્રદેશોનો સ્વદેહમાં પ્રવેશ થયેલો છે એમ શ્રુતજ્ઞાનના બળે જાણી આનંદ સાગરમાં ઝીલવા લાગે છે.

ધ્યાતાને ધ્યેયનું અતિનિકટ સાન્નિધ્ય મળતાં જે આનંદ પ્રાપ્ત થાય છે, તે અવર્ણનીય હોય છે.

ભક્તિરસમાં ઝીલતાં ભક્તને પરમાત્માના નામ, આકૃતિ અને દ્રવ્ય (પૂર્વોત્તર અવસ્થા) પણ કથંચિત્ ભાવ પરમાત્માસ્વરૂપ લાગે છે, તો જ્યારે પરમાત્માના નિર્મળ આત્મપ્રદેશો સ્વદેહના સર્વ પ્રદેશોમાં વ્યાપ્ત થયા હોય ત્યારે પરમાત્માના સાક્ષાત્ સમાગમ જેટલો જ આનંદ અનુભવાય એમાં કશી નવાઈ નથી !

ભક્ત સાધક ભક્તિરૂપી લોહચુંબકથી સાતરાજ દૂર રહેલા સિદ્ધ પરમાત્માને પણ પોતાના હૃદયમંદિરમાં પધરાવી શકે છે. તો પછી લોકવ્યાપી બનતાં કેવલી સમુદ્‌ઘાત સમયે સર્વત્ર પથરાયેલા કેવલી પરમાત્માના નિર્મળ આત્મપ્રદેશોને સ્વશરીરમાં પણ વ્યાપ્ત થયેલા ગણી



Scanned by CamScanner

પરમ વિશુદ્ધ ભાવના ભાવતો સાધક સ્ફટિક રત્ન તુલ્ય નિર્મળ આત્મસ્વરૂપમાં નિમગ્ન બની એકત્વ-મિલનનો અનુભવ સરળતાથી કરી શકે છે.

અથવા તો આપ વીતરાગ અને કૃતકૃત્ય હોવાથી ચારે અઘાતી કર્મની સ્થિતિને સમાન બનાવવા માટે જ લોકવ્યાપી બન્યા છો, પરંતુ આ નિમિત્તે ધ્યેય રૂપે મારા આત્મમંદિરમાં પધાર્યા છો, એ અમારે મન પરમ આનંદની વાત છે.

ભરતક્ષેત્રમાં અત્યારે કેવલી ભગવંત વગેરે અતિશાયી જ્ઞાની મહાપુરુષોનો અત્યંત વિરહ છે. મહાવિદેહક્ષેત્રમાં તો સદા તીર્થંકર પરમાત્મા ક્રોડો કેવલી ભગવંતો અને અબજોની સંખ્યામાં સાધુ ભગવંતો વિદ્યમાન હોય છે. ત્યાંથી અસ્ખલિતપણે મોક્ષમાર્ગ ચાલુ છે. જઘન્યથી એક સમયમાં એક, ઉત્કૃષ્ટથી એક સમયમાં એકસો આઠ સિદ્ધ થાય છે. સિદ્ધિગમનનો ઉત્કૃષ્ટ વિરહ પણ છ માસનો જ પડે છે.

આ રીતે વિચારતા નક્કી થાય છે કે વર્તમાનમાં પણ કેવલી સમુદ્ઘાત કરનાર કેવલી ભગવંતો હોય છે.

સર્વવ્યાપી બનેલા તે કેવળી ભગવંતો સર્વે સાધક આત્માઓને અતિ આશ્ચર્ય અને આનંદ આપનાર (કરનારા) બને છે (કારણ કે તેઓ તે સમયે) ધ્યાન દશામાં મગ્ન બનેલા યોગીઓને ધ્યેય રૂપે પરમ આલંબનભૂત બનેલા હોય છે, તેથી તે વેળાએ પરમાત્માનું નિષ્કલ[૪] નિરાકાર ધ્યાન કરવાથી અભેદ પ્રણિધાન શીઘ્ર સિદ્ધ થાય છે.

---

૪ "यद्वा...सिद्धयन्ति निष्ठितार्था भवन्ति लोक व्यापि समये, कलारहितमिदमेव तत्त्वं ध्यायंतोऽस्मादिति ॥"

(સિદ્ધહેમ૦, શબ્દન્યાસ કૃત ટીકા)



Scanned by CamScanner

# અરિહંત ધ્યાન

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા રૂપ સમાપત્તિ સિદ્ધ થતાં પરમાત્મદર્શન થાય છે.

હે....પરમકરુણાવર્ષી પ્રભો....! મારી આજ આંતરિક નમ્ર વિનંતી છે કે આપ મારા મનોમંદિરમાં ધ્યેય રૂપે સદા નિવાસ કરજો. જ્યાં સુધી આપની સાથે અભેદપણે મળીને આપ જેવો ન બનું, ત્યાં સુધી મારે માત્ર આપના જ ચરણકમળનો આધાર છે.

આ દુષમકાળમાં જિનાગમ અને જિનપડિમાજ પરમ આલંબન-રૂપ છે. તેની આરાધના ઉપાસનાથી જ આત્માના શુદ્ધ સ્વભાવની સાચી ઓળખાણ થતાં તેમાં સતત રમણ કરવાની કળા પ્રાપ્ત થાય છે.



Scanned by CamScanner

## ૩. અરિહંતની ઉપાસના

Objective reality........ માં સામે રહેલો સ્થૂલ પદાર્થ અથવા કર્મરૂપ પદાર્થ મુખ્ય હોય છે, જયારે Ideal reality...માં આપણી ચેતના કર્તારૂપ પદાર્થ (subject) મુખ્ય હોય છે. એના સંયોગથી જગતનો બધો વ્યવહાર વિચારાદિ ચાલે છે. સંસાર અને મોક્ષમાં Ideal reality જ મહત્ત્વનો ભાગ ભજવે છે. मन एव मनुष्याणां कारणं बन्ध–मोक्षयोः । જીવ દ્રવ્યના પરિણામમાં O. R. તો નિમિત્ત માત્ર છે. I. R. મુખ્ય છે. O. R. ને પામીને આપણી ચેતના તેવો આકાર ગ્રહણ કરી લે છે. આને જ વિશ્વવંદ્યે ચિતિ-શક્તિનું નામ આપ્યું છે. ચેતનાએ જે આકાર ગ્રહણ કર્યો હોય છે તે આકાર અને મૂળ object વચ્ચે કશો જ ભેદ લાગતો નથી. ચેતનામાં થયેલો આકાર સૂક્ષ્મ હોય છે કે જેનું ચેતના જ સંવેદન કરી શકે છે, જયારે object એ સ્થૂલ સ્વરૂપનો પદાર્થ હોય છે કે જેને બીજા પણ જોઇ શકે છે. હૃદયમાં સ્થાપિત કરેલી પ્રભુની મૂર્તિને ચેતના સ્પષ્ટ રીતે જોઇ શકે છે, જયારે બીજા માણસોને ત્યાં કશું દેખાતું નથી. બીજા માણસોને જ્યાં છાતીની ચામડી જ દેખાતી હોય છે, ત્યાં ચેતનને સાક્ષાત્ પ્રભુની મૂર્તિ દેખાતી હોય છે. વળી એ સૂક્ષ્મ હોવાથી અંદર પણ કોઈ પણ સ્થળે સ્થાપિત કરી શકાય છે. બાહ્ય પદાર્થ (object) અને તેના અવલંબનથી ઊભા થયેલા ચેતનાના આકારની ગુણવત્તા અને શક્તિ વિશે જરાપણ ફરક પડતો નથી. માત્ર સ્થૂલતા અને સૂક્ષ્મતા (બીજા લોકો પણ બાહ્ય ઇન્દ્રિયોથી અનુભવી શકે અને ન અનુભવી શકે) આટલો તફાવત હોય છે. કેટલીક વાર તો બાહ્ય પદાર્થોમાં ખરેખર ન હોય છતાં તેના



Scanned by CamScanner

આકારમાં ચેતનાએ જે જે ગુણધર્મો આરોપેલા હોય છે તે તે ગુણ-ધર્મોની અસર ચેતના ઉપર થાય છે. જેમ કે નિશીથ સૂત્રમાં શંકા (સમ્યક્ત્વના અતિચાર) વિશે એક ઉદાહરણ આવે છે કે, એક માના બે નાના પુત્રો હતા, એક પૂર્વની સ્ત્રીનો હતો ને એક પોતાનો હતો; બંનેને રાબ આપતી હતી, જેમાં મગના કે બીજા કોઈ ધાન્યનાં ફોતરાં આવતાં હતા. ઔરસ પુત્ર સમજતો હતો કે મારી મા મને સારી જ વસ્તુ આપે છે. ઓરમાન માનતો હતો કે મરેલી માંખીવાળી વસ્તુ મારી મા આપે છે. સતત આ જ ચિંતનથી એ રોગી થયો. એની ચેતના રોગિષ્ટ થઈ. છેવટે એ મૃત્યુ પામ્યો. બીજાને એ જ પદાર્થ ખોરાકનું કામ આપ્યું. શુભ ઉદાહરણમાં આ વાત લઈએ તો पानीयमप्यमृतनित्यनुचिन्त्यमानं किंनाम नो विषविकार-मयाकरोति । એ કલ્યાણમંદિર સત્ત્વનું વચન સુપ્રસિદ્ધ છે. પદાર્થ-વિજ્ઞાન (સાયન્સ) જો પૃથક્કરણ કરવા બેસે તો આ વાતનો મેળ જ ન બેસે.

રાબમાં કોઈ મારક તત્ત્વ પદાર્થવિજ્ઞાનના નિયમ પ્રમાણે ન મળે અને પાણીમાં ઝેરનાશક સામર્થ્ય એને ન મળે. Ideal reaity-થી જ આ વાત બંધ બેસે, એટલે ચેતનના આકારને કેટલો બળવાન બનાવવો તે આપણી ભાવના ઉપર આધાર રાખે છે.

સામાન્ય માણસો જેને કલ્પના (Imagination) ગણીને અવગણે છે, વિચારકો એને Real કહે છે. હકીકતમાં વિચાર કરીએ તો object જેટલો Real પદાર્થ છે. તેના કરતાં પણ અનેકગણો Real ખરેખર Ideal પદાર્થ છે. પણ તે બરાબર ઘટ હોય તો, પ્રસન્નચંદ્ર રાજર્ષિ સામે એટલો બધો સ્પષ્ટ અને ઘટ્ટ પદાર્થ હતો કે ચૌદ-રાજલોકના બંને છેડે પહોંચાડવાનું એનામાં સામર્થ્ય હતું. જગતના કામ-ક્રોધ-લોભ આદિ બધા જ વિકારો, બધા જ કષાયો Ideal

Reality ઉપર જ ચાલે છે. સામે સ્થૂલ પદાર્થ હોય કે ન હોય, પણ મનમાં એ આવ્યો એટલે બધા જ કામ આદિ વિકારોને અત્યંત પ્રબળ રૂપે સર્જે છે. એ તો હંમેશાંનો સર્વનો સ્પષ્ટ અનુભવ છે. સામી વ્યક્તિને (objectને) ખરેખર આપણા ઉપર રાગ–દ્વેષ હોય કે ન હોય પણ મનમાં સ્થાપેલી સામી વ્યક્તિને આપણે રાગી કે દ્વેષી સ્થાપીને આપણે બધા જ પ્રકારના રાગ–દ્વેષના ભોગ બનીને છીએ. આ સર્વનો સ્વાનુભવ છે. Ideal ની મૂળ ઉત્પત્તિ સ્થૂલ object માંથી થયેલી હોવાથી સંભવ છે કે કેટલીક વાર object ઉપર પણ અસર ઉપજાવે, કારણ કે તથાવિધ અધ્યવસાયથી છૂટેલા મનનાં પરમાણુઓ તે જ સ્થૂલ પદાર્થ પાસે પહોંચીને તેના ઉપર અમુક અસર કરતાં હોય છે. આ જ નિયમના આધારે કેટલાક માણસો ફોટા ઉપર ક્રિયા કરીને મૂળ રોગીઓને સાજા કરે છે તેમ જ કેટલાંક પૂતળાં, ચિત્ર અથવા નામાક્ષર ઉપર પ્રયોગ કરીને મૂળ વ્યક્તિ ઉપર વશીકરણ–મારણ-મોહન–ઉચ્ચાટન આદિ કરી શકે છે. object અને subject પરસ્પર આ રીતે વિશ્વમાં સંબંધિત છે. સ્થૂલ પદાર્થ ખાસ કરીને પ્રત્યક્ષ જ્ઞાનમાં સામે હોય છે. બાકીનાં જ્ઞાનોમાં સ્થૂલ પદાર્થોના આપણી ચેતનામાં પડેલા આકારો જ હોય છે, છતાં આપણને બંને એક ગુણયુક્ત હોવાથી સ્થૂલ રૂપે જ લાગે છે. આપણે મોટા ભાગનો વ્યવહાર Ideal Reality ઉપર જ ચાલતા હોવાથી છતાં આપણને એ વાતની ખબર જ ન હોવાથી આપણે સૂક્ષ્મને બદલે એને સ્થૂલ જ ગણીએ છીએ, એટલે ચિતિશક્તિનો ધાર્યો ઉપયોગ કરી શકતા નથી. સ્થૂલ કરતાં સૂક્ષ્મ એ વધારે Real વધારે પરમાર્થ છે. એટલું સમજીએ તો ઉપાસનામાર્ગ–મોક્ષમાર્ગ ઘણો સરળ થાય.

જગતમાં જે શબ્દ બ્રહ્મવાદીઓનો, બૌદ્ધોનો, વેદાંતી આદિનો



Scanned by CamScanner

જે વિજ્ઞાનવાદ છે તે આ Ideal Realityનું જ એક પ્રકારનું સ્પષ્ટીકરણ કે પ્રતિપાદન છે.

પ્રભુ જ્યારે આંખ સામે સ્થૂલ રૂપે હતા, ત્યારે Objecive Reality રૂપે એમનું શરીર તે તે જીવો સામે હતું. પરંતુ તેમની પ્રભુ રૂપે ઉપાસના તો તે વખતે પણ Ideal Reality રૂપે હતી. અત્યારે તો પ્રભુ વિશે જે કંઇ આપણે ચિંતન-મનન-ધ્યાન આદિ કરીએ છીએ, તે બધુ જ Ideal Reality રૂપે છે. સ્થૂલ પદાર્થને જેટલો આકાર-ઘાટ અપાતો હોય તેટલો જ આપી શકાય, પણ Ideal ને જેટલો અને જે આકાર આપવો હોય તે અત્યંત સરળતાથી આપી શકાય છે.

વિશુદ્ધ ચૈતન્ય એ જ પરમાત્મા. એ દેશ અને કાળથી પર છે. Beyond the spece and time એમ છતાં આપણી દેશ-કાળના સંસ્કારની વિચારણા ધ્યાનમાં લેતાં એ સદા સર્વત્ર છે, એમ પણ યથાર્થ રૂપે જ કહીએ. આપણે આ ચૈતન્યના જ બનેલા છીએ. (દેહ તો આપણું બાહ્ય પાંજરુ છે, બંધન છે) એટલે પરમાત્મા આપણી અંદર અને બહાર સદા જ બિરાજમાન છે. માત્ર જરૂર છે એની અનુભૂતિ લેવાની-અનુભૂતિ કેળવવાની. અનાદિ કાળના સંસ્કારોથી દેહાધ્યાસથી સ્થૂલ પદાર્થો સામે આવે એટલે તરત એવી પ્રતીતિ થાય છે. સામે ન હોય તો યે કલ્પનાથી સામે લાવીને એના સ્વાદનો રસાસ્વાદ લઇએ છીએ, કારણ કે આપણને આપણામાં ચેતનારૂપતા કરતાં દેહરૂપતાની જ ભ્રાંતિ સ્થિર થયેલી છે. આ દેહાધ્યાસને દૂર કરવા માટે વધારેમાં વધારે નિકટ પરમાત્માના સાંનિધ્યમાં પરમાત્માની અનુભૂતિમાં આપણે રહેવાનું છે, અને વિશુદ્ધ ચૈતન્ય સર્વ કરુણાદિ ગુણો અને સર્વ શક્તિથી યુક્ત હોવાથી આ પરમાત્માનું આપણે જો Reall પાસે જ વિરાજમાન-ચારે તરફ વિરાજમાન, સર્વગુણસંપન્ન Active દયાળુ



Scanned by CamScanner

આપણા રક્ષક અને ઉદ્ધારક તરીકે આપણે સમજીને જીવીએ અને ચાલીએ તો એ જ રૂપે આપણું ત્રાણ અને આપણો ઉદ્ધાર થાય છે. સ્થૂલને જેટલો Real (વાસ્તવિક) પદાર્થ આપણે માનીએ છીએ, તેટલો જ (બને તો સ્થૂલ કરતાં પણ વધારે, ન બને તો સ્થૂલ જેટલો તો ખરો જ) Real આપણે Ideal ને અનુભવવો જોઈશે. આ વિષય માનવાનો Believing ....નહીં, પણ ખરેખર yealing (દુ:ખ) અનુભવવાનો છે.

આપણે અરિહંત પરમાત્માનું વિવેચન સાયન્સ–પદાર્થવિજ્ઞાનની પદ્ધતિએ કરીએ છીએ એટલે કેવલજ્ઞાન પછી ભગવાનમાં કરુણા આદિ કશું નહીં. મોક્ષમાં ગયા પછી પણ પણ કંઈ જ કરવાનું નહીં. એ નિરંજન–નિરાકાર છે. આવા આવા વિચારો અને સંસ્કારોથી આપણી ઉપાસનામાં પ્રાણ પુરાતો નથી.

Historical Reality ........એ વસ્તુ તદ્દન જુદી છે. Historyનો સંબંધ પણ ઉપાસના પૂરતો છે. ઉપાસનામાર્ગ આખો Ideal Reality સાથે સંકળાયેલો છે. Historyનો મુખ્ય સંબંધ હંમેશાં spael and time સાથે રહેલો છે. ઉપાસનામાં spael–timeનો ઉલ્લેખ કરવા પૂરતાં ગૌણ છે. મુખ્ય સંબંધ ગુણ અને તેમાં ઓતપ્રોત થવું–સ્વત્વ છોડીને શરણે જવું–એની સાથે છે. સામાન્ય પ્રકૃતિ સ્થૂલાવલંબી હોવાથી સ્થૂલ દ્વારા જ સમજાવાય છે. સ્થૂલના જ અવલંબનને આપણે ચાલી શકીએ છીએ. ખરેખર તો આપણે સર્વ Ideal Realityની જ ઉપાસના કરીએ છીએ. क्षेत्रकाले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ।

પરંતુ તેમાં બાહ્ય પદાર્થોના ઈષ્ટ ગુણોનો આરોપ કરીએ છીએ. આપણે બાહ્ય પરમાત્માને–અરિહંતદેવને સાયન્સ દૃષ્ટિથી નિષ્ક્રિય માન્યો છે. એટલે Ideal અરિહંતદેવને આપણે સક્રિય માની શકતા જ નથી. તેથી આપણી ઉપાસના પ્રભુને શરણ્ય માનવા છતાં અશરણ્ય રહે છે,



Scanned by CamScanner

એટલે આટલી બધી પ્રભુભક્તિ હોવા છતાં સંઘ નિરાધાર જેવો છે. જો પરમાત્માને સક્રિય, પૂર્ણ રૂપે રક્ષક માનીને ઉપાસના કરીએ તો આપણને સર્વદા સાધાર–પણાનો અનુભવ થશે. Idealની ઓછી શક્તિ માનવી એ આપણો અપરાધ છે. સાયન્સ દૃષ્ટિએ આપણો અપરાધ છે. ઉપાસનામાં સર્વશક્તિ સંપન્ન સક્રિય પરમાત્મા જ લેવા જોઈએ.

કોઈના રક્ષક કે સહાય વિના સ્વપરાક્રમી ઉપાસના એ તો Hero ઉપાસના છે Hero....બાહુબલિ વગેરે મહાપુરુષોની વાત જુદી છે. આપણે તો Piotectionમાં જ જીવી શકનારા મનુષ્યો. સાધુઓ Hero ઉપાસનાની જ વાત કરતાં હોય છે. શિયાળ પાસે સિંહનું પરાક્રમ ખીલવવાનો ઉપદેશ કરવા જેવી આ વાતો છે. એટલે આપણા પૂર્વ પુરુષોએ શરણાગતિની ઉપાસના જ નમસ્કાર મહામંત્ર, ચતારી મંગલ આદિ દ્વારા આપણને આપી છે. પરમાત્માની Ideal Reality ખૂબ જ પાવરફુલ ભાવના દ્વારા આપણે સ્પષ્ટ અને ઘટ્ટ બનાવવી જોઇશે. તત્ત્વજ્ઞાન પણ સાયન્સ જેવું નહીં પણ ઉપાસના જેવું જોઇશે. Science અને Philosophy વચ્ચે આ મૂળભૂત ફરક છે.

Idealy Reality સમજ્યા પછી સમવસરણ, મહાવિદેહ, લોકસ્વરૂપ આદિના પ્રશ્નો પ્રણ સરળતાથી ઉકલી જાય છે, કદાચ કાલે કોઇ માણસ પોતાનાં પ્રમાણો દ્વારા આ બધા પદાર્થો મિથ્યા કરાવવા પ્રયત્ન કરે તો પણ આ બધા પદાર્થોની Ideal Reality અબાધિત રૂપે રહે છે જ. આપણે કામ ઉપાસના સાથે છે. આપણે જેમની ઉપાસના કરીએ છીએ તે સીમન્ધર સ્વામી આપણને જરૂર તારશે જ. જો તે પ્રભુને આપણે સ્પષ્ટ રીતે Ideal Real અનુભવીશું તો. કારણ કે ખરેખર તો આ બધી વિશુદ્ધ ચૈતન્યની જ ઉપાસના છે. વિશુદ્ધ ચૈતન્યને આપણે આપેલા નામ–રૂપ છે.



Scanned by CamScanner

# અરિહંત ધ્યાન

આપણી ઉપાસનાને, દિવ્ય પ્રબળ સામર્થ્યવાન બનાવવા માટે મહાપુરુષોએ સમવસરણ–અતિશય આદિ ભવ્યા તિભવ્ય ભાવનાઓ આપણને આપી છે. વિચારોના–વાદોના ઝંઝાવાતમાં આની બાહ્યાર્થતા વિશે શંકા જાગે તો આપણે એને બાહ્યાર્થ કરતાં યે ખૂબ જ વધારે પરમાર્થ રૂપે પરમ પરમાર્થ રૂપે માનીએ, એ ઈચ્છવા યોગ્ય છે. એટલે આપણા માટે તો આ પદાર્થો માત્ર સત્ છે. આપણને તો વિજ્ઞાનવાદ પણ નયવાદ હોવાથી માન્ય છે. જ્યારે એ એકાંત ઉપર જાય કે "વિજ્ઞાન જ છે, બાહ્ય પદાર્થ છે જ નહીં ત્યારે દુર્નય બને છે. એવા પણ વિચારો અસ્તિત્વ ધરાવે છે કે–વિજ્ઞાન જ ભિન્ન ભિન્ન આકારો વિલસે છે. એ વિજ્ઞાનની સ્થૂલ અવસ્થા જેને લોકો જડ પદાર્થ કહે છે. વિજ્ઞાનમાંથી જ જડ પદાર્થ ઉત્પન્ન થાય છે. (પહેલાં મનમાં કે એક પદાર્થ આવિર્ભાવ પામે છે, પછી કાલાંતરે તે જડ પદાર્થ રૂપે બાહ્ય પદાર્થ રૂપે જગતમાં દૃષ્ટિગોચર થાયછે) આવા આવા વિવિધ એકાંતવાદો વિજ્ઞાન વિશે અસ્તિત્વ ધરાવે છે. તે સામે આપણો વિરોધ છે. બાકી તો વિજ્ઞાનવાદ આપણને પણ માન્ય થાય તેવો છે. Ideal Reality. આ રીત ખરેખર આપણને સાધનામાં પ્રગતિમાં–ઉન્નતિમાં ઘણી ઉપયોગી છે–આવશ્યક છે. ચેતનાના આકારો દ્વારા આપણી ચેતનાને આપણે સુધારવાની છે. ચેતનાની પરમ શુદ્ધ દશા તે જ પરમાત્મા.

આગમથી ભાવ નિક્ષેપ–ઉપયોગસ્વરૂપ જે છે તે જ Ideal Reality જાણવાની છે. સ્પષ્ટતા એટલી જ છે કે External objectને આપણે સત્ માનવા ટેવાયેલા છીએ. એટલે ભૂત–ભાવિ પદાર્થોનો આપણને ઉપયોગ આવે છે ત્યારે ઉપયોગ તો હોય છે, પણ ઉપયોગના વિષયને અસત્ માનીને ચાલીએ છીએ. કારણ કે તે વખતે External object હોતો નથી. દેશ–કાલના જ વિચારોમાં બંધાયેલું આપણું માનસ

ઉપયોગના વિષયને દૂર દેશકાળનો માનીને વર્તે છે. તેથી તેના સાંનિધ્યનો આપણને પ્રત્યય (સંવેદન) થતો નથી. Object Reality એમ જ્યાં લખ્યું છે ત્યાં External Object અર્થ ગણવા.

Ideal Reality જ Subjective and objective રૂપે બને છે. પણ ત્યાં subject અને object આપણી ચેતનાનાં આકારો છે. Ideal Realityનાં આ ભિન્ન ભિન્ન સ્વરૂપો છે.

મુખ્ય વાત એ છે : External અને Inner........વિજ્ઞાનવાદી બૌદ્ધ આદિ External (બાહ્ય) અર્થનો ઇન્કાર કરે છે. જ્યારે આપણે External અને Inner બંનેમાં માનીએ છીએ. Inner આકાર છે. તેમાં External પદાર્થ કારણભૂત છે. કેટલીક વાર External પદાર્થ વિના પણ Inner આકાર ઉત્પન્ન થાય છે. જે Inner આકાર ઉત્પન્ન થાય છે. તેને Real માનવો આ ઉપાસનાનો પાયો છે. સામાન્ય માણસો Immagination કહીને એને બિનમહત્ત્વની વાત ગણે છે. ત્યારે ઉપાસકો એને Real માને છે. આ જ મહત્ત્વની વાત આપણે સમજવાની જ છે. ઉમેરવાની નથી, કારણ કે વિશેષાવશ્યક ટીકામાં ગુરુના વિરહમાં પણ ગુરુના ઉપયોગથી ગુરુવિરહની અસિદ્ધિ જણાવી છે એ બિલકુલ સ્પષ્ટ સૂચવે છે કે External ગુરુમહારાજ ન હોવા છતાં ઉપયોગમાં રહેલા Inner ગુરુમહારાજ પણ Real જ છે. આ રીતે ઉપાસના કરનારને દેવ–ગુરુ સદા નિકટ જ લાગે છે. External જેટલા આપણને Real લાગે છે, તેટલા જ કે તેનાથી વધારે Real જો ઉપયોગાકારને માનીશું તો ઉપયોગાકાર પણ External જેટલું અથવા તેથી પણ વધારે ફળ આપે છે–આપશે.

આ Realityને આપણે નિરંતર ભાવનાથી ખૂબ ખૂબ દૃઢ ઘન–ઘનતર–ઘનતમ બનાવવી જોઈશે. આ રીતે દૃઢ બનાવનારને ઉપાસના



Scanned by CamScanner

કરતી વખતે External જેટલો જ અહોભાવ Inner ઉપર આવે છે. આવા ઉપાસકને સદા સર્વત્ર શંખેશ્વર–સિદ્ધાચલ છે. આપણી જે અદ્રઢતા છે, તે કારણે આપણે External આલંબન લેવા માટે તે તે સ્થળે જવું જરૂરી બને છે. પણ આદર્શ તો સામે એ રાખવાનો છે. આપણને External થી દેશ–કાળથી દૂર હોવા છતાં પણ પૂર્ણ સામીપ્યનો અનુભવ ક્યારે થાય. આ પણ એક સાધના છે. દરેક સાધનાઓ અમુક સમયે પૂર્ણ તરફ પહોંચે છે.

ચેતનાના આકારોને ભિન્ન–અભિન્ન ઉભય રૂપે ઉપાસી શકાય છે. હાથમાં આપણે જ છીએ, છતાં હાથને જોઈએ છીએ ત્યારે આપણે દ્રષ્ટા અને હાથ એક બહારનો પદાર્થ હોય તે રીતે દૃશ્ય રૂપે હાથને જોઈએ છીએ. એ રીતે ચેતનાના આપણા શુદ્ધ આકારને હૃદય આદિમાં સ્થાપીને ભિન્ન પરમાત્મા રૂપે પણ ઉપાસી શકાય અને સોઽહં ભાવથી અભિન્ન રૂપે પણ ઉપાસી શકાય.

પ્રતિમાજીમાં પણ આ રીતે Realપણું છે. તે Realપણાની ઉપાસના કરવામાં આવે એટલે એ ભગવાન ઉપાસકને માટે સત્ અને Real બની જાય છે.

આ Reality થી ફાયદો મોટો એ છે કે Externalપણું સિદ્ધ કરવામાં આપણું અસામર્થ્ય હોય તો પણ ઉપાસકને સર્વ તીર્થંકર ભગવાનનો, સીમંધરસ્વામી ભગ. સમવસરણ આદિ સત્ અને Real બનેલા જ રહે છે, એ રીતે એને ફળ પણ મળે જ છે.

પરમાત્મા શુદ્ધ ચેતના છે, એમાં અનંત સામર્થ્ય છે, Active સક્રિય છે. જરૂર છે. આપણે એમની તે રીતે ઉપાસના કરવાની છે, જ્યારે Reality અત્યંત ઘન બને છે. ત્યારે External objectને



Scanned by CamScanner

પણ તે સ્પર્શ કરે છે. એને પૂર્ણ રૂપે સમર્પિત થવાય છે ત્યારે યોગ-ક્ષેમ પણ પૂર્ણ રીતે અનુભવાય છે.

આ Reality માનવારૂપ Belief રૂપ કરતા ઘણી જ વધારે આગળ જાય છે, આ Reality અનુભવરૂપ સ્પષ્ટ feeling રૂપ (સંવેદન રૂપ) છે. માટે જ 'વિષય પ્રતિભાસ' ઉપયોગ અને તત્ત્વ સંવેદન ઉપયોગમાં ફરક છે. વિષયપ્રતિભાસમાં આકાર છે, પણ આકારના સામર્થ્યને માનવાનું જ નથી, અનુભવવાની તો વાત જ ક્યાં ? તત્ત્વ સંવેદનમાં આકાર છે, માનવાનો છે, એના સામીપ્ય અને સામર્થ્યનો Reality રૂપે અનુભવ લેવાનો છે.



Scanned by CamScanner

# અરિહંત પરમાત્માનું સાલંબન ધ્યાન

## ભૂમિકા

ખંડ : ૨

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

વિષયસૂચિ :

૧. પુણ્ય : અપરિહાર્ય શક્તિ
૨. સૂક્ષ્મનું પ્રચંડ બળ
૩. ચારિત્ર-નિર્માણ
૪. આ રહ્યો, વિશ્વકલ્યાણનો પંથ
૫. 'દેવો ભૂત્વા દેવં યજેત'
૬. આલંબનનું મહત્ત્વ

Scanned by CamScanner

## ૧. પુણ્ય : અપરિહાર્ય શક્તિ

જંગો તો એક સાથે આપણા જીવનમાં અવિરતપણે ચાલી રહ્યા છે. સૌથી મોટો જંગ આંતરિક વાસનાઓનો છે. અનાદિકાલીન વાસનાઓના કાતિલ હુમલાઓ સામે આત્મા લગભગ મહાત–પરાજિત થઈ ચૂક્યા હોય તેવો આભાસ થયા કરે છે. આથીસ્તો ત્રિલોકગુરુ પરમાત્માએ કહ્યું છે ને કે, "જેણે આત્મા જીત્યો તેણે બધું જીત્યું".

સંતોએ પ્રબોધ્યું છે : "બીજા જંગો શા માટે ખેલે ? ખેલવા જેવો જંગ તો તારા ઘરનો જ છે. તારા ઘરમાં જ ખૂનખાર લડાઈ ચાલી પડી છે. ઘોર પરાજય તને સાંપડી રહ્યો છે. તારા ગુણોની કત્લેઆમ થઇ રહી છે. ઘાસની જેમ વઢાઈ રહ્યા છે; તારા ગુણો, તારી શક્તિઓ, તારું આંતરસૌન્દર્ય .... બધું ય.

માટે હે આત્મન્ ! અંદર જ યુદ્ધ કર. બહારના છમકલાં જેવાં યુદ્ધોથી ફારેગ થા."

સંતપુરુષોની આ આર્ષવાણી વાસનાઓના જંગને સૌથી વધુ ભયંકર જણાવે છે.

આ જંગ પછી બીજો પણ એક જંગ છે; જે બાહ્ય છે, જેની અવગણના કરવાનું આપણને પાલવે તેવું નથી.

એ જંગ છે; આપણા અસીમ ઉપકારી ધર્મશાસન-ધર્મસંસ્કૃતિ ઉપરનાં બાહ્ય આક્રમણો–સંબંધિત.

જે રીતે નવી પેઢી વિકૃતિઓના ઘોડાપૂરોમાં હોંશભેર તણાઇ રહી છે, જે રીતે લોહીના સીંચેલા અને મડદાંના ખાતર ઉગાડાયેલા શીલ, સદાચાર, આતિથ્યના વડલાઓ જમાનાવાદની ભયાનક આંધીમાં મૂળિ-



Scanned by CamScanner

યામાંથી ઊખડી રહ્યા છે એ જોતાં તો એમ જ લાગે છે કે આ આક્રમણોના પડછાયાને પણ પડકારવાનું કાર્ય આપણા ક્ષેત્રની બહાર છે.

આ તો થયા બે જંગ .... હજી એક નાનકડો જંગ પણ ચાલી જ રહ્યો છે; હા.... સત્ત્વશાળી આત્માઓ એની પરવાહ નથી કરતા એ વાત તદ્દન સાચી છે અને ખૂબ સારી પણ છે. બધાયની તો એ તાકાત હોતી નથી. જીવનમાં જે દુઃખો આવીને ઊભાં રહે છે તેમાં ટકી જવું – અદીન બની રહેવું – તે લગભગ મુશ્કેલ બની જાય છે. એવી વિષમ સ્થિતિમાં રહીને પણ ચિત્તની પૂરી પ્રસન્નતા અબાધિત રાખીને ધર્મધ્યાનમાં ઓતપ્રોત રહેવાની કળા તો કોક વીરલાને જ હસ્તગત થઇ હોય છે. એટલે નાનકડો પણ આ ય એક જંગ છે જેની સાવ અવગણના તો ન જ કરી શકાય.

વાસનાનો જંગ સૌથી મોટો, ધર્મસંસ્કૃતિ ઉપરનાં આક્રમણોના મુકાબલાનો જંગ પણ ઘણો ગંભીર; અને જાગી પડતાં દુઃખોના તણખાઓ પણ સાવ અવગણના કરી દેવા લાયક તો નહીં જ. શું કરવું ? શો ઉપાય હશે આ જંગોમાં યશશ્રી વરવાનો ?

વાસનાઓ દ્વારા આત્માને મળતી પછડાટો એટલી બધી જોરદાર હોય છે કે એમાંથી ભવોના ભવો સુધી પાછા બેઠાં થવાતું નથી.

ધર્મસંસ્કૃતિ ઉપરનાં આક્રમણોનો ઝપાટો એટલો સખ્ત હોય છે કે એ સંસ્કૃતિને ફરી બેઠાં થતાં સેંકડો વર્ષો નીકળી જતાં હોય છે.

અને કૌટુમ્બિક, શારીરિક વગેરે દુઃખો પણ ભલે ટૂંક સમયમાં વિદાય પણ થતાં હોય તો ય તેનો ફુંફાડો એકદમ ગભરાવી દઇને ધર્મવિમુખ કરી દેતો હોય છે. એટલે ઉપાય તો કોક ખોળવો જ રહ્યો.



Scanned by CamScanner

આ રહ્યો; તે ઉપાય. એ છે પુણ્યનું – વિશુદ્ધ પુણ્યનું – ઉત્પાદન.

વાસનાને જન્મ દેતાં પાપકર્મો સાથે લડવામાં બમણા વેગથી હુમલાઓ આવવાની પૂરી શકયતા છે. લડીને જીતી લેવાય તેટલી સરળ એ લડાઈ નથી. પાપકર્મોને તો એના જ જેવા કોઇ કર્મ સાથે લડાવી મારીને ખતમ કરી દેવા જોઇએ. એ કર્મ છે; પુણ્યકર્મ.

પુણ્યકર્મ સાથે પાપકર્મને લડાવી મારો; અને તે પાપકર્મોને નષ્ટ કરો. જેટલા મજબૂત પાપકર્મો હોય તેટલું મજબૂત આપણું પુણ્યકર્મ પણ હોવું જોઇએ; નહીં તો તે ટકી ન શકે.

વિશિષ્ટ કોટિના પુણ્યથી એવો સદ્ગુરુયોગ; કલ્યાણમિત્રોનો સંગ, અનુકૂળ ધર્મક્ષેત્ર વગેરે થઈ જાય છે કે તેથી વાસનાઓ સહજ રીતે શાન્ત–ઉપશાન્ત બની જાય છે. બેશક; આ પુણ્ય જેમ શુદ્ધ (અર્થ-કામની આકાંક્ષા વિનાનું) હોવું જોઇએ; તો જ તે ઝટ ફળે.

મયણાસુંદરીનાં જીવન–પ્રસંગોમાં તેણે ઉત્પન્ન કરેલા ઉગ્ર પુણ્યના ચમકારા આપણને જોવા મળે છે.

જો આવું શુદ્ધ અને ઉગ્ર પુણ્ય હાંસલ થાય તો ધર્મીજનો કે ધર્મસંઘ ઉપર આવતાં ધર્મનાશક આક્રમણોની પણ પીછેહઠ થવા લાગે. જે સંઘ પાસે પુણ્યની મૂડી ઓછી થઇ ગઈ હોય કે પરવારી ગઇ હોય તેવા સંઘને જ કોઈ આંગળી કરી શકે કે અડપલું કરી શકે ને ? પુણ્યશાળીને આંગળી શી અને અડપલું ય શેનું ? આક્રમણની તો વાત જ કયાં રહી ?

આજે ધાર્મિકજનોનું પુણ્ય ઘટયું છે એ પણ એક હકીકત છે. એનો ઇન્કાર થઈ શકે તેમ નથી. વાસનાઓનું નાશક પુણ્ય આ રીતે



Scanned by CamScanner

ધર્મશાસન ઉપરનાં આક્રમણોને પણ મારી હઠાવવામાં ખૂબ સરસ રીતે સહાયક બની જાય છે.

અને .... પેલાં દુઃખોનાં છમકલાં ગેરીલા પદ્ધતિનાં હોવાથી અપેક્ષાએ મોટા જંગ કરતાં ય વધુ થકવી નાંખનારાં હોય છે, તેને ય આ જ પુણ્ય શાન્ત કરી દે છે.

ચાલો હવે, એ પુણ્યોત્પાદના મૂળમાં કયું તત્ત્વ પડેલું છે તે જોઇએ.



Scanned by CamScanner

## ૨. સૂક્ષ્મનું પ્રચંડ બળ

તાકાત; ક્રોધની કેટલી ? અને મૌનની કેટલી ? કાગળ લખેલો કેટલો વંચાય અને કોરો કેટલો વંચાય ?

બોલે; વક્તા કેટલું અને મૌની સંત કેટલું ? વિશ્વના માનવોને બોલવામાં, દોડવામાં ઘણું કામ કરવામાં સક્રિયતા દેખાય છે. જે બોલતો ન હોય, દોડાદોડ કરતો ન હોય, નિષ્ક્રિય બનીને બેસી રહેતો હોય, એ નકામો–આળસુ ગણાય છે.

અધ્યાત્મના સૂક્ષ્મ વિશ્વની સમજણ આથી સાવ જુદી છે. એ તો એમ માને કે ક્રોધ કરતાં મૌનની, દોડાદોડ કરતાં ઈશ્વર–પ્રણિધાનની, લખેલા કાગળ કરતાં કોરા કાગળની તાકાત ઘણી વધુ છે. ક્રોધના આગ નીતરતા શબ્દોથી પિતા પોતાના પુત્રને કદી સુધારી શકતો નથી; પુત્રને જો સુધારી શકશે તો બેઠા મૌનથી–હોઠ સદા માટે સીવી રાખવાથી–જ સુધારી શકાશે.

'ધ હેરમીટ ઇન હિમાલયઝ' નામના પુસ્તકમાં, પોલ બ્રન્ટોને એક વાત જણાવી છે કે, "સ્ટીલનેસ ઇઝ સ્ટ્રેન્થ." સ્થિરતા એ તાકાત છે; તાકાતની જનેતા છે. આ સિદ્ધાન્તને સાબિત કરતાં તેણે જણાવ્યું છે કે, "મોટાં મોટાં મકાનો અને વડલાઓને ઊંચકીને પછાડી નાંખતા ભયાનક વંટોળિયામાં એટલી બધી તાકાત આવે છે ક્યાંથી ? એ તાકાતનું ઉત્પત્તિસ્થાન તે વંટોળના ઉદ્ગમસ્થાન ઉપરના નાનકડા બિંદુમાં છે. વાયુનું એ વર્તુળ કોઈ રણની રેતીમાં સ્થિરપ્રાયઃ બનીને જે ચક્કર કાપે છે ત્યાં જ તેની પ્રચંડ તાકાત છે. ધીમે ધીમે એ તાકાત વિકસતી જાય છે; વાયુ વધુ ને વધુ વેગ પકડતો અંતે ભયાનક વંટોળમાં ફેરવાઈ જાય છે.



Scanned by CamScanner

વંટોળની અંધાધૂંધ–સક્રિયતાની જનેતા તો નાનકડા વાયુની સ્થિરતામાં જ પડેલી છે.

આ ઉપરથી સાબિત થાય છે કે સ્થૂલની તાકાત પણ સૂક્ષ્મમાં છે.

હાથી ગમે તેટલો સ્થૂલ હોય પણ તાકાત તો તેનાથી ઘણા સૂક્ષ્મ મહાવતમાં છે. મહાવત કરતાં ય વધુ તાકાત સૂક્ષ્મ અંકુશમાં છે, અંકુશ કરતાં ય વધુ તાકાત સૂક્ષ્મતમ બુદ્ધિમાં છે.

જેની પાસે સૂક્ષ્મનું સ્થિર બળ છે તેનું અસ્તિત્વ માત્ર પ્રચંડ સક્રિયતા ઉત્પન્ન કરે છે. સૂર્યના ગગનમાં અસ્તિત્વમાત્રથી ધરતીના અબજો લોકોનાં; અનંત કીટાણુઓમાં કેવી જોરદાર સક્રિયતા આવી જાય છે? સ્થૂલનો સ્વામી મંચ ઉપર આવે, બૂમબરાડા પાડે તો ય સભાજનો માંડ શાન્ત પડે. પણ કોઈ સૂક્ષ્મના સ્વામીને મંચ ઉપર લાવો. એ હાથ હલાવવા જેટલો જ સક્રિય થશે કે તરત સભાજનો શાન્ત થઈ જશે.

પણ કોઈ સૂક્ષ્મતમ બળના સ્વામીને મંચ ઉપર લાવો. એને તો હાથ હલાવવા જેટલી ય ક્રિયા નહીં કરવી પડે. મંચ ઉપરના એના અસ્તિત્વમાત્રથી સભાજનોમાં નિઃસ્તબ્ધ શાન્તિ છાઈ જશે.

આપણે જો જગતને જગાડવું હોય, મોહનિદ્રામાંથી બહાર કાઢવું હોય તો વધુ ને વધુ સ્થૂલ બળોનો આશ્રય લેવાનું બંધ કરવું જોઈએ. આ બળોથી વિજય પામવાની આપણી શ્રદ્ધાને આપણે ખતમ કરી દેવી જોઈએ.

તેવી સ્થિતિ ન આવે ત્યાં સુધી ભલે આપણે સ્થૂલ પરિબળના આશ્રિત બનીએ, પણ તેની સાથે સાથે જ સૂક્ષ્મ બળોના ઉત્પાદન માટે નાનકડું પણ તંત્ર આપણે ગોઠવી જ દેવું જોઈએ.

ભલે ઉપદેશ દેવો પડે, લેખો લખવા પડે, બૂમબરાડા પાડવા



Scanned by CamScanner

પડે....પણ જેવું તે કામ પત્યું કે તરત સૂક્ષ્મતમ બળોના સર્જનની આરાધનામાં દાખલ થઈ જવું જોઇએ.

સ્થૂલમાં જ રાચીશું; સૂક્ષ્મને અવગણીશું તો મોત તો બગડવાનું હશે ત્યારે બગડશે પણ સ્થૂલ અંગેનું 'મિશન' પણ નિષ્ફળ જઇને જ રહેશે.

સૂક્ષ્મ બળોના પ્રાગટ્ય તરફ દુર્લક્ષ સેવતાં મહાત્માઓ ચાહે તેટલો સ્થૂલ અને સ્થૂલતમ પરિબળોનો પથારો ધરતી ઉપર પ્રસારી દે પણ અંતે તો પછડાટ જ ખાય છે.

કોઈ અગમ્ય રીતે એમનું તંત્ર એકાએક ઊથલી પડે છે; તેઓ માર ખાઇ જાય છે.

આવી પછડાટ ખાવા પાછળ બાહ્ય જગતનું કોઈ પણ કારણ એ તો માત્ર નિમિત્ત કારણ જ હોય છે. હકીકતમાં તો સૂક્ષ્મ બળનું દેવાળું જ મુખ્ય કારણ હોય છે. પણ એમને ય કેટલીક વાર પછડાટ ખાધા પછી ય આ કારણ જડતું જ નથી. એટલે પેલા નિમિત્ત કારણો સાથે માથા અફાળવાના. વધુ સ્થૂલતમ બળોના વિષચક્રમાં ફસાઈ પડવા જેટલી દયાપાત્ર દશા ઊભી થાય છે.

ત્રિલોકગુરુ પરમાત્મા મહાવીરદેવ! વિશ્વ માત્રને મોક્ષ–માર્ગે દોડતા–એકદમ સક્રિય–કરી દેવાની તીવ્રતમ કરુણાના સ્વામી હતા પણ જ્યારે વાઘા બદલ્યા ત્યારે વિશ્વમાં ઘૂમવાને બદલે તેઓ વનમાં ચાલ્યા ગયા. ખૂબ બોલવાને બદલે મૌન થઇ ગયા. દોડાદોડ કરવાને બદલે કાયોત્સર્ગમાં સ્થિર થઇ ગયા! કેમકે પ્રભુને સૂક્ષ્મ બળો જાગ્રત કરવા હતા.

અને....જે દી એ બળો જાગ્રત થઇ ગયાં તે દીથી માત્ર ત્રીસ વર્ષના ગાળામાં પરમાત્માએ ક્રોડો માનવો, અબજો કલાકોમાં જે ન



Scanned by CamScanner

કરી શકે, તે કર્યું...આજે ૨૫૦૦ વર્ષે પણ પ્રભુના એ સૂક્ષ્મતમ બળોનું જાગરણ અવિરતપણે ચાલુ રહેશે.

આ છે; સૂક્ષ્મ બળોના પ્રાગટ્યના પ્રતિભાવો.

સ્થૂલમાં જ જન્મેલા અને સ્થૂલમાં જ જીવતા આપણને સૂક્ષ્મનાં બળોની તાકાતમાં જો શ્રદ્ધા બેસી જાય તો સ્થૂલની પાછળ આપણી બરબાદ થતી ઘણી શક્તિઓ ઊગરી જાય. અને એ જ વિરાટ શક્તિઓ દ્વારા સૂક્ષ્મનું પ્રાગટ્ય કરીને વિશ્વમાત્રના કલ્યાણમાં આપણો અલ્પતમ હિસ્સો પણ નોંધાવી શકીએ. શી રીતે સૂક્ષ્મ બળોનું ઉત્પાદન કરવું ? નોંધી લો કે....ચારિત્ર્ય-નિર્માણ વિના સૂક્ષ્મ બળોનું ઉત્પાદન સંભવિત જ નથી.

जैन कुमारपाल
पो:- ऊणावा 306706

जैन कुमारपाल लालचन्दजी
विजिट निवास नं. 1, रुम नं. 15&16
2 रा, माला, गोखले सो. रोड,
R.M. भटस्कूल के सामने,
परेल मुम्बई 400 012

## ૩. ચારિત્ર–નિર્માણ

આખું ય જગત્ દુ:ખમય છે.

દુ:ખથી બધા જીવો ત્રાસે છે. દુ:ખનો પડછાયો પણ અસ્વસ્થ બનાવનારો થાય છે.

દુ:ખથી છૂટવા માટે શું કરવું, દુ:ખથી છુટકારો તો મળવો જ જોઈએ. જીવાત્માને સુખની જેટલી ઇચ્છા છે તેના કરતાં દુ:ખના અભાવની પહેલી જરૂર છે. સુખ કદાચ ન મળે તો ય ચાલે, પરંતુ દુ:ખનો ન જ ખપે.

દૂધપાક–પૂરીનું જમણ મળે અને માથાનો ન ઊપડેલો દુ:ખાવો ટળે....આ બેમાંથી એક જ ઇચ્છા કરવાની હોય તો માથાના દુ:ખાવાના નાશની જ ઇચ્છા જીવમાત્ર કરશે.

જૈન શાસ્ત્રો કહે છે કે જો તમે દુ:ખથી છુટકારો પામવા ઇચ્છતા હો તો તમે દુર્ગતિથી (ઘણી વાર સદ્ગતિ પણ દુર્ગતિને સારી મનાવતી–પ્રાપ્ત થતી હોય છે.) છુટકારો પામો. દુ:ખો આ દુર્ગતિઓની નીપજ છે. દુર્ગતિથી મુક્તિ પામવા માટે અશુભ કર્મના બંધન ન થવા દો. અશુભ કર્મોના ઉદયકાળમાં જ દુર્ગતિ પ્રાપ્ત થાય છે.

જે તે કર્મ બાંધવા ન હોય તેણે રાગદ્વેષની આત્મ પરિણતિનો ત્યાગ કરવો; તેવી પરિણતિથી સતત દૂર રહેવા માટે જીવંત પ્રયત્ન કરવો.

રાગાદિની પરિણતિની મંદતા થાય તો ય ચીકણા કર્મબંધ ન થાય; તેથી દુર્ગતિ ન પમાય; તેથી દુ:ખ જોવાનું રહે નહીં. આમ આ એક ચોકડી પૂરી થઈ. હવે બીજી ચોકડી શરૂ થાય છે.

જેણે રાગાદિ પરિણતિને ઘટાડી દેવી હોય તો જિનેશ્વર ભગવંતોની શાસ્ત્રોક્ત આજ્ઞાઓનું વિવિધતા, બહુમાનપૂર્વક સેવન કરવું.



Scanned by CamScanner

તેથી રાગાદિ વાસનાઓનો નાશ થશે. તેથી ચારિત્ર્યનું નિર્માણ થશે.

આ રીતનું ચારિત્ર્ય-નિર્માણ એ જ માનવજીવનનું એકમેવ કર્તવ્ય છે. ચારિત્ર્ય-નિર્માણ થયું એટલે પોતાનું કામ પૂરું થયું.

પરંતુ હવે અહીંથી જ પારકાનું હિત કરવાનું કાર્ય આરંભાય છે. ઉપરોક્ત રીતે ચારિત્ર્ય-નિર્માણ કરતા ભાગ્યવાન આત્માને 'બાઈ પ્રોડકટ' રૂપે નિર્મળ પુણ્યકર્મનો વિપુલ બંધ થાય છે. નિર્માણની શુદ્ધિ કરતા આત્માને પુણ્યની આદરણીય પુષ્ટિ પ્રાપ્ત થઈ જાય છે. ખેતરમાં અનાજ પામતા ખેડૂતને સાથોસાથ પ્રાપ્ત થતાં ઘાસની જેમ.

આમ શાસ્ત્રાજ્ઞા પાલનથી વાસના-વિગમ, તેથી ચારિત્ર્ય-નિર્માતા અને તેથી પુણ્યનો સંગ્રહ થતાં બીજી ચોકડી પૂર્ણ થાય છે.

હવે ખૂબ મહત્ત્વની પરાર્થલક્ષી ત્રીજી ચોકડી શરૂ થાય છે.

પુણ્યનો સંગ્રહ એ બહુ જબ્બર ઘટના છે. જે કામ લાખો માનવો, ક્રોડો માનવ-કલાકના પુરુષાર્થથી નથી થઈ શકતું તે કામ પુણ્યના સંગ્રહવાળા એક જ આત્માના અસ્તિત્વમાત્રથી થઈ જતું હોય છે. તેની આસપાસના વર્તુળમાં એ પુણ્યસંપત્તિ અણકલ્પ્યા ચમત્કારો સર્જી નાંખે છે. શાસ્ત્રોમાં એવા એક પુણ્યવાનની વાત આવે છે, જેનો જન્મ થતાં જ બારવર્ષી નિશ્ચિત દુકાળ નાશ પામ્યો હતો; અને તે જ સમયે બારે ખાંગે મેઘ મન મૂકીને વરસ્યો હતો.

ચારિત્ર્ય-નિર્માતા કરનારા આત્માની 'બાઈ-પ્રોડકટ' રૂપે પ્રાપ્ત થઈ જતી પુણ્યસંપત્તિ પરાર્થલક્ષી બને છે.

સામાન્યતઃ એમ કહી શકાય કે સ્વના હિતના કાર્યમાં પાપ-શુદ્ધિની વધુ જરૂરિયાત રહે છે તો પરના હિતને સાધવામાં તે આત્માને પુણ્યકર્મની વધુ દષ્ટિની જરૂરિયાત રહે છે.



Scanned by CamScanner

પુણ્યસંપત્તિવાળા આત્માના અસ્તિત્વથી; કે ઉપદેશથી અણુધાર્યાં કાર્યો થઇ જતાં હોય છે.

આખા જગતમાં કેટલી ભયાનક ગરીબી વ્યાપી છે ?

આ ગરીબીને કયાંય ટપી જાય એવી ક્રોડો અબોલ પ્રાણીઓની હિંસા કેટલી ફેલાઈ જાય છે ? આખું ગગન એ પ્રાણીઓની ચિચિયારીઓથી ઊભરાઈ ગયું છે ! આખી ધરતી એમના લોહીથી છંટાઈ ચૂકી છે !

અને આ હિંસા કરતાં ય માનવોમાં નાસ્તિકતા કેટલી વ્યાપક બની ચૂકી છે ?

અને આ નાસ્તિકતા કરતાં ય બુદ્ધિજીવી વર્ગમાં ફેલાયેલી ગેરસમજો (નારી, ધર્મ, ખેતી, આયુર્વેદ, હૂંડિયામણ નિકાસ, રાજ્યની નિધર્મિતા વગેરે....) કેટલી ભયંકર રીતે ફેલાઈ છે ?

આ ચારે ય એકેકથી ચડિયાતાં ગંભીર તત્ત્વો છે ! આમાંના એકાદ તત્ત્વને પણ સમગ્ર માનવજાતને ભેગી થઇને પણ ઉકેલી શકે તેમ નથી !

આ કામ અંશતઃ પણ તે જ આત્મા કરી શકશે જેની પાસે વિશુદ્ધ કોટિની પુણ્યસંપત્તિ છે,: એના અસ્તિત્વમાત્રથી કે ઉપદેશથી અનેકોની ગરીબીનો નાશ થઈ જાય; ક્રોડો જીવોને અભયદાન પ્રાપ્ત થાય; યુવાનો અને યુવતીઓની નાસ્તિકતાનો હિમ ઝપાટાબંધ ઓગળવા લાગી જાય; અને અવળમતિ બુદ્ધિજીવીઓ કે સરકારી સ્તરના માનવોની બુદ્ધિમાં અધ્યાત્મભાવની ઉષ્મા પેદા થવા લાગી જાય.

જીવમાત્રનું કલ્યાણ, સાચો સર્વોદય, સાચો સમાજવાદ, સાચી વિશ્વશાન્તિ, સાચો સામ્યવાદ આ પ્રક્રિયાથી જ શકય છે. ચારિત્ર્ય–નિર્માણ દ્વારા આત્મરક્ષા કરો....પુણ્ય સંગ્રહ દ્વારા (સ્વ–પર) સર્વજીવોની રક્ષા કરો. દુઃખ, દુર્ગતિ, કર્મબંધન અને રાગાદિ પરિણતિથી



Scanned by CamScanner

પછી પુણ્યસંપત્તિ દ્વારા ભક્તના અગણિત જીવોને તેનાથી બચાવી લો. પહેલાં તમારી જાતને બચાવો.

આ પ્રક્રિયા સિવાયની સ્વ–પર હિતની કોઈ પણ પ્રક્રિયા રાજકીય, સામાજિક, સંસ્થાકીય કે આર્થિક ધરાર નિષ્ફળ જશે.

અનેકોનું હિત કરવા માટે જન્મ પામતી તમામ સંસ્થાઓ પાસે જે જમા પાસું છે, તેના કરતાં તેનું ઉધાર પાસું અતિ ઘણું વિરાટ અને ભયાવહ છે. પણ સહુ પોતાના જમા પાસાને જ બતાવીને વાહવાહ કરી લેતા હોય છે. ઉધાર પાસાની ગંભીર સમસ્યાઓ પ્રગટ કરી દેવાની હિંમત અને એ રીતે પરાજય કબૂલવાની તૈયારી કોક વીરલામાં જ હોય છે.

આથી જ ઉપરોક્ત ત્રણ ચોકડીઓની પ્રક્રિયાના વિચારના પાયા ઉપર જ સ્વ–પર સર્વેનું સાચું હિત આરાધી શકાય એ સમજ હવે એકદમ પાકી થઈ જવી જોઇએ. આ સિવાયની કોઇ પણ સ્વ-પર હિતની ચણાતી ઇમારત લગીરે વિશ્વાસ્ય નથી એમ સ્પષ્ટપણે કહી શકાય.

બેશક, કદાચ દેશકાળ આદિના ખતરનાક પ્રવાહોને કારણે આ સાચી પ્રક્રિયા પણ તરત ફળ ન બતાડે તે સંભવિત છે. પરંતુ તો ય સ્વ–પરના હિતનો સાચો અને એકમેવ માર્ગ તો આ જ છે એમ નિશ્ચિતપણે કહી શકાય. આ સિવાયના માર્ગો કોઈ ક્ષણિક ઝાકઝમાળ દેખાડી દે તો પણ અત્યંત ત્યાજ્ય છે.

આમ આપણે એટલું જોઈ શક્યા કે વિશુદ્ધ પુણ્ય, સૂક્ષ્મનું બળ અને ચારિત્ર્ય–નિર્માણ વિના સ્વનો કે પરનો કોઈ પણ પ્રશ્ન ઉકલી શકે તેમ નથી. આ ત્રણે ય પરિબળોને પામવા માટે હશે કોઈ ઉપાય ?

હા....એક જ–અરિહંતભક્તિ–અરિહંતના સાલંબન ધ્યાન–દ્વારા આ ત્રણે ય પરિબળોને આપણે હાંસલ કરી શકીશું.



Scanned by CamScanner

## ૪. આ રહ્યો વિશ્વકલ્યાણનો પંથ

ઓ, જીવત્વ અને શિવત્વથી સર્વ જીવો સાથે સાધર્મ્ય ધરાવતા ધર્મીજનો !

કતલખાનાંઓમાં ચાલતી પશુઓની અઘોર કત્લેઆમ સમયની કારમી ચિચિયારીઓ તમને કાને સંભળાતી નથી ? એમની તીક્ષ્ણ વેદનાઓ તમારી આંખે ચડી નથી ? ઢગલો થઇને પડતી એ કાયમી તમારા ચિત્તપ્રદેશમાં ક્યારે ય ઊપસી નથી ? હાય ! આ બધાને બચાવશે કોણ ? એમનો બેલી બનશે કોણ ?

નિર્દોષ બિચારા અનંત જીવો ! બટાટા, લીલ, ફૂગ વગેરેમાં બેઠા છે ! એમને શેકી, ભૂંજી, સૂકવીને ખાઇ જવામાં આવે છે ! આ બધાને બચાવશે કોણ ?

ઢોરઢાંખરની કેવી લાચાર, પરવશ અને બેચેન દુનિયા ! અનંતશક્તિના એ સ્વામીઓ ખાવા-પીવાને ય અશક્ત ! પૂર્ણ રીતે સ્વતન્ત્ર ! સંપૂર્ણપણે ગુલામ દશામાં !

નારકની ધરતીના છોરુઓની તો શી કથા કરવી ? અનંત સુખના એ માલિકો ઉપર મહાદુઃખની તલવારો ફરી રહી છે. એમને ભડકે જલતી અગનજવાલાઓમાં ફેંકીને જીવતા સળગાવાઇ રહ્યા છે ! 'નહિ મારવાની' કરુણ કાકલુદીઓ તો અધમ દેવાત્માઓ લાત મારીને ઠુકરાવી રહ્યા છે. અરે ! આમને કોક તો બચાવો ! પણ કોક તો દયા ગુજારો ! તેમની કેવી કરુણ ચીસો આ ધરતીએ જાણે સંભળાઇ રહી છે !

દેવાત્માઓ તરફ નજર કરો, ઈર્ષ્યા, અતૃપ્તિ અને મિથ્યાત્વના દાવાનળમાં અસંખ્ય દેવાત્માઓ ભડથું થઇ ગયા છે !

# અરિહંત ધ્યાન

દેવ-દેવીના ચ્યવનકાળની વિરહવ્યથા; કરુણસ્વરના વિરહના વિલાપ ! હાય ! સાંભળ્યા સંભળાતા નથી. તૃપ્ત જ રહેવાને સર્જાયેલો આત્મા અતૃપ્તિનાં કલણોમાં ખૂંપી રહ્યો છે ! પર-ગુણને જોઈને પ્રમોદ કરવાનો જ સ્વભાવ પામેલો આત્મા ઈર્ષાથી બળીજળીને ખાખ થઈ રહ્યો છે ! અરે, ઓ ! આ દેવ થયા તો ય માનવ કરતાં ય નીચે ઊતરી ગયા છે ! એમને કોક તો કાન પકડીને સમજાવો ! ઉન્માર્ગોથી પાછા વાળો ! હાય, જોયું જાતું નથી તેમનાં પાપી પુણ્યોનું વિકરાળ તાંડવ ! અસંખ્ય આત્માઓને ઝડપથી ભરખી લેતું !

મર્ત્યલોકના માનવોની પણ કેવી દુર્દશા થઈ છે ! જેને પરમાત્માએ 'મહાન' કહ્યો એ માનવ વાસનાનો ભૂખ્યો થઈને કેટલી હદ સુધી અધમ થઈ રહ્યો છે ? ઓલાં ધનાઢ્યોની આલમો તરફ નજર તો કરો ? જાણે વાસનાઓમાં સુખ કદી આરોગ્યાં જ ન હોય એ રીતે છપ્પનિયાના દુકાળિયાનાં જેમ ત્રાટક્યા છે; વાસનાઓનાં સાધનો ઉપર ! અરે ! અરે ! એમને એટલું તો કહો કે આ બધાં મડદાં છે મડદાં ! ઉપર એમની જયાફત ઉડાવે તો તે ગીધડાં કહેવાય છે; ગીધડાં ! આનંદના શાશ્વત સ્વામીઓ ! તમારું તો આ સ્વપ્નાવસ્થાનું ય જીવન નથી ! ઓ ધર્માત્માઓ ! તમને તેવી હજારો સ્ત્રીઓ નથી દેખાતી; જે દારૂડિયા કે ક્રોધી પતિના હાથે મૂઢ માર ખાતી હોય અને 'બચાવો બચાવો'ની ચીસો પાડતી હોય !

તમને એવી હજારો કન્યાઓ નથી દેખાતી ? જેનાં સૌભાગ્યકંકણ ટૂંકા જ સમયમાં નંદવાઈ ગયા હોય ! અને જેથી જે ખૂણે બેસીને રોયા જ કરતી હોય !

નબાપા બની જતાં બાળકો સ્વપ્નમાં 'બાપા !' કહીને બૂમ પાડતાં હોય !



Scanned by CamScanner

માતાથી વિખૂટા પડેલાં સંતાનો ! મા....મા....કરતાં જ્યાં ત્યાં દોડતાં હોય !

ગરીબો ! બેકારો ! ત્યક્તાઓ ! વિધવાઓ ! યુદ્ધભૂમિ ઉપર કપાતાં કલેવરો ! ઊડતાં ધડ-માથાંઓ ! વછૂટતી લોહીની પિચકારીઓ ! મડદાં ચૂંથતાં ગીધડાંઓ !

હોસ્પિટલોના રોગીઓ ! મરણપથારીએ પડીને છેલ્લાં ડચકાંઓની તીક્ષ્ણ વેદના ભોગવતા માનવો ! વાસનાની પાછળ પાગલ બનીને જીવન ફેંકી દેતા શ્રીમંતો ! વિકારોના ઉદ્રેકને કારણ આંતર-રૂપ ગુમાવી દઈ ને કુરૂપ બની જતી રૂપગર્વિતાઓ ! મુનિજીવનની ભ્રષ્ટ થઈને ભોરિંગ કરતાં ય ભોગના રસાસ્વાદ લેવા માટે સંસાર પ્રતિ ડગ ભરતા આત્માઓ !

હાય ! અનંત ચતુષ્ટયના સ્વામીઓના સુખ, શક્તિ, પુણ્ય, બુદ્ધિ અને સમયના કેવા કુરચેકુરચા ઊડી રહ્યા છે ! દુઃખે અને પાપે !

ઓ ધર્મીજનો ! જીવત્વના નાતે જીવ માત્ર આપણા બંધુઓ છે ! એમના કર્મજનિત ત્રાસ જોઈને શું આપણને કોઈ સંવેદન ન થાય ? રે ! લાખો ટન માછલાં, હજારો મણ દેડકાં, લાખો ગાડરો અને બળદો, હજારો વાંદરાં, સસલાં અને કીડીઓ, લાખો ભૂંડો અને ડુક્કરોની કત્લેઆમથી; ધનવાનોની આલમોમાં ઉભરાયેલાં કાતિલ પાપોથી થતી આત્મગુણોની કત્લેઆમની; ગરીબોના જીવનનાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની હોળીઓમાં ભડથું થઇ જતી આત્મતત્ત્વની સ્વભાવ દશાથી શું આપણે વ્યથિત નથી બની શકતાં ?

આખું વાયુમંડળ કત્લેઆમથી ઊભરાયું છે. ચીસો અને ચિચિયારીઓથી ગગનમાં અદ્વૈત વ્યાપ્યું છે.

શું આ બધાની વચ્ચે આપણને કોઈ પુણ્યાઈનું સુખ મળી



Scanned by CamScanner

જતું હોય તો તે મનપસંદ પડે તેવું છે ? શું તેવા સુખમાં આપણને આનંદ છે ? અજંપો નથી ? મજા છે ? બેચેની નથી ?

મારું શું ? એ પછી વાત કરીશું. આ બધાનું શું છે એ વાત પહેલી કરવી પડશે.

જો આ સંવેદન આપણને હાડોહાડ લાગી જશે તો એ સર્વરક્ષા માટે એકદમ સજ્જ બની જઇશું. બધી જ શિથિલતાઓને ખંખેરી નાંખવા માટે કટિબદ્ધ બની જઈશું.

અને....પછી પરમાત્માએ ફરમાવેલી સર્વવિરતિ ધર્મની છેવટે દેશવિરતિધર્મની ઉત્તમોત્તમ સાધનાનાં સોપાનો ઉપર ક્રમશઃ ડગ માંડતા જઈશું.

સોક્રેટિસના તત્ત્વજ્ઞાનથી પ્રભાવિત થઇ જઇને મહાન કવિ ગણાતા પ્લેટોએ પોતાનો કાવ્યસંગ્રહ બાળી મૂકયો અને સોક્રેટિસનો શિષ્ય બનીને મોટો ફિલસૂફ બની ગયો.

પરમકૃપાળુ પરમપિતા, ત્રિલોકગુરુ, તીર્થંકર પરમાત્માની સર્વરક્ષાની પરમ મૈત્રી અને પરમ કરુણામાંથી પ્રગટી જતી સ્વરક્ષાની ફિલસૂફીથી આપણે પ્રભાવિત થયા નથી ? જો પ્રભાવિત થયા હોઇએ તો એની ખાતરી આપણી સઘળી એષણાઓ અને કામનાઓને સળગાવી દેવી જોઈએ.

જો હૈયે એ મહાકરુણાનું ગીત પ્રગટ થઇ જશે તો સ્વરક્ષાર્થ અનિવાર્ય અને આવશ્યક એવી આંતરિક સાધના માટે આપણે એકદમ તૈયાર થઇ શકીશું. પછી આંતરિક આરાધનાનું એ જીવન ગમે તેટલું કઠોર કાં ન હોય ?

સ્વરક્ષાનું વિશુદ્ધ જીવન જીવનાર એક પણ આત્મા આ ધરતી ઉપર હશે ત્યાં સુધી સૂર્ય પોતાની આગ ઓકી શકશે નહીં, સમુદ્ર



Scanned by CamScanner

માઝા મૂકી શકશે નહીં, પાપો પ્રજ્વળીને માનવપ્રજાનું આધ્યાત્મિક વ્યક્તિત્વ નષ્ટ કરી શકશે નહીં.

આ બધું ત્યારે બનશે; જ્યારે એક પણ આત્મા 'સ્વરક્ષા'ની સાધનાની વેદિકા ઉપર બેઠો નહીં હોય !

અહો ! અહો ! એક જ આત્માના સ્વરક્ષાજનિત પુણ્યની પણ કેટલી તાકાત !

— એ ધરતીને ય ધીરજ રાખવી પડે !

— કે સૂરજને ય કાબૂમાં રહેવું પડે !

— કે સમંદરોને પણ મરજાદી બનવું પડે !

— કે કાળાં પાપોને પણ ચૂપચાપ બેસી રહેવું પડે !

તો.... આત્મવિશ્વાસ પ્રગટાવીએ સ્વરક્ષાના વિશુદ્ધ પુણ્યમાં, એની સર્વરક્ષાસાધક શક્તિમાં.

કોઈ નબળા વિચાર કરજો મા. જમાનાવાદનો અંધકાર બેશક વધુ ને વધુ જામ થઈ રહ્યો છે અને જામો પાડી રહ્યો છે; પણ સબૂર ! બીજી બાજુ ધર્મ અને પુણ્યના બળનો પ્રકાશ પણ વધી રહ્યો છે, ઘેરો અને ગાઢ બની જ રહ્યો છે.

અંધકારનું કામ અંધકાર કરે છે. પાપ પ્રકાશે એની કૂચ હવે આરંભી છે. ભસ્મગ્રહ ઊતર્યો છે, હતાશાને હાલ તો અવકાશ છે જ નહીં.

પણ તે ધન્ય વાયુમંડળનું ગગનેથી અવતરણ કરાવવા માટે આપણે નિમિત્તભૂત તો બનવું જ પડશે. કોઇ પણ વસ્તુ એકાએક આપમેળે તો ઊતરી પડતી નથી કે આવી જતી નથી.

એવું તો આપણું પુણ્ય જ ક્યાંથી કે ભસ્મગ્રહના વિદાયની વેળામાં આપણું જીવન હોય ! સંક્રાન્તિનાં એ ગગનમાં આપણો નિમિત્તભાવ હોય !



Scanned by CamScanner

ચાલો, ચાલો, ત્યારે....ઊઠો....ઊભા થાઓ.... ખૂબ પોરસ ચડે તેવી આ વિચારણા છે. હલદીઘાટીના યુદ્ધના વાતાવરણમાં રાણા પ્રતાપના અશ્વ ચેતકને ય પોરસ ચડી ગયું હતું અને પોતાના માલિકની ઇચ્છા મુજબ શત્રુસૈન્યમાં ધસી જઇને શત્રુરાજા માનસિંહના હાથીના પેટ ઉપર પોતાના પગ ટેકવી દઇને માલિકને શત્રુની અંબાડી સુધી પહોંચાડી દીધો હતો !

રે ! એ હાથીને ય ચેતક ઉપર ખુન્નસ ભરાઇ ગયું હતું. તેથી તેણે કોઇ સૈનિકની તલવાર સૂંઢથી આંચકી લઇને ચેતકના પગ ઉપર ઝીંકી લઈને તેને લંગડાતો કરી દીધો હતો !

ક્ષત્રિયોનાં પશુઓને ય રણમેદાનમાં પોરસ ચડે અને સ્વ–પર-રક્ષાની સુંદર પ્રક્રિયા સાંભળ્યા બાદ આપણને સ્વ–પરરક્ષા સાધી લેવાનું પોરસ ન ચડે એ કેમ જ બને ?

રે ! ભવાયા પણ ભવાઇમાં નાટકીઓ વેશ પહેરે છે તો ય તેવો જ ભાવ ભજવી જાય છે. સિંહ બનેલા ભવાયા મૂખીએ; પોતાની પૂંછડી સાથે રમત કરતા છોકરાને ત્યાં ને ત્યાં જ ખતમ કરી નાંખ્યો હતો અને વળતે જ દી સતીનો પાઠ લઇને ખરેખર ચિતામાં તે જીવતો બળી મૂવો હતો.

ઓહ ! નકલી વેશ પણ અસલીનું કામ કરી જાય તો આપણે અસલી ધર્માત્માઓ સર્વ જીવોની રક્ષા કાજે સ્વરક્ષાનો અસલી ધર્મ નહીં આરાધી શકીએ શું ?

યાદ રાખો કે જિનશાસન સર્વના હિતનું સાધક શાસન છે. એને વરેલા આત્માને કોઇનું પણ અહિત જોયું જાય નહી. એટલે સર્વના હિતમાં પરિણામનું જે કોઇ પરિબળ હોય તેને પ્રાપ્ત કરી લેવા માટે મથ્યા વિના તે રહી શકે નહીં.



Scanned by CamScanner

સર્વના હિતમાં, રાષ્ટ્રના હિતમાં, પ્રજા, સંસ્કૃતિ અને ધર્મના હિતમાં; જિનશાસનના હિતમાં જો સ્વરક્ષાની સાધના પરિણમનારી હોય તો તેને પ્રાપ્ત કરવા દિલ ઉછળે જ.

તે સ્વરક્ષાર્થં સૂક્ષ્મના બળનું સર્જન અને પુણ્યનું ઉત્પાદન જરૂરી હોય તો તેને પણ તે સાધે.

તે માટે પરમેષ્ઠિ-શરણાગતિ આવશ્યક હોય તો તેને અચૂક વરે.

સાધકો જુઓ ! વિશ્વમાં સર્વત્ર ઘોર સંહારલીલા ચાલી રહી છે. નથી માત્ર ભારતમાં.

કારણ કે સ્વરક્ષાના સાધકો અહીં જ છે. તેમના બળે જ સઘળી અંધાધૂંધીઓને 'રુક-જાઓ'નો આદેશ આપેલો છે. જ્યાં સુધી એ બળ જીવંત અને વર્ધમાન રહેશે ત્યાં સુધી કશી આંચ નહીં આવે. એક મુનિનો કે એક સાધ્વીજીનો દશવિધ યતિધર્મનો સુવિશુદ્ધ આચાર પણ સઘળી આપત્તિઓને સ્થગિત કરી દેવાનું અપ્રતિહત સામર્થ્ય ધરાવે છે.

બસ ત્યારે હવે તો સર્વરક્ષાની, સંસ્કૃતિરક્ષાની કે શાસન-રક્ષાની આપણા હાથમાં નાડ આવી ગઈ કે પરમેષ્ઠિ-શરણાગતિ દ્વારા સૂક્ષ્મનું બળ વધારીને સ્વરક્ષા કરો.

આ શરણાગતિનાં બે સ્વરૂપ છે : એક છે વર્ણમાતૃકાના ધ્યાનની ભૂમિકા સાથેની જપ, સ્તવ વગેરે વિધિસ્વરૂપ અને બીજી છે પરમે-ષ્ઠિની આજ્ઞાઓના યથાશક્ય પાલનસ્વરૂપ—આ આજ્ઞાપાલન એટલે શક્યનું પાલન; અને અશક્ય, દુઃશક્યનો જીવંત સાપેક્ષભાવ.

ઓ સુશ્રાવકો અને સુશ્રાવિકાઓ ! સ્વ-પરશ્રેયાર્થે તમે સહુ સ્વદ્રવ્યથી ઊછળતા ભાવોલ્લાસવાળી જિનપૂજામાં લાગી પડો.

ઓ સાધકો ! શ્રમણો ! શ્રમણીઓ ! આપણે સહુ પરમાત્માની આજ્ઞાઓના સુવિશુદ્ધ પાલનમાં લાગી પડીએ.



Scanned by CamScanner

વિશિષ્ટ કોટિની પરમાત્મા-ભક્તિ ગૃહસ્થોના જીવનમાં બળ ઉત્પન્ન કરશે.

વિશિષ્ટ કોટિનું જિનાજ્ઞા-પાલન અણગારોના જીવનની તાકાત બની જશે.

બે ય ભેગા મળીને શાસનરક્ષાથી માંડીને સર્વરક્ષા સુધીની તમામ રક્ષાઓનો યજ્ઞ માંડશે.

જય હો; સર્વરક્ષેશ્વર જિનેશ્વરદેવોનો !

જય હો; સ્વરક્ષાના આરાધક સંયમધરોનો !

સ્વયં (ભાવથી) દેવ બની ગયા વિના દેવની પૂરી પૂજા સંભવતી નથી. દેવનો પૂજક તે જ છે; જે દેવની પૂજા કરતાં સ્વયં દેવ બની જવાની ભૂમિકાને સ્પર્શી લે છે.



Scanned by CamScanner

## ૫ 'देवो भूत्वा देवं यजेत'

સ્વયં દેવ બનવા માટે દેવના સ્વરૂપનું દર્શન કરવું જ રહ્યું. જે જેનામાં એકાકાર થાય તે ભાવથી તેવો જ બની જાય. આથી જ મૂર્તિપૂજા ખૂબ જરૂરી બની રહે છે. આ એવું આલંબન છે જેનું ધ્યાન ધરતાં સ્વયં તત્ત્વસ્વરૂપ બની શકાય છે. મૂર્તિની પૂજા કરતાં કરતાં પૂજા પૂરી થાય અને મૂર્તિમાં ભગવાન દેખાવા લાગે. પછી ચિત્ત જ મૂર્તિમય–ભગવાનમય બની જાય. અને આમ પૂજા પણ જાય, મૂર્તિ પણ જાય અને જીવ સ્વયં, તેના આલંબને, ભગવાન-સ્વરૂપ બની જાય.

આમ જીવાત્મા સ્વયં ભગવાન બને છે, ભગવાનને પૂજે છે. ભગવાનસ્વરૂપ સ્વયં બનવું એ ભગવંતની શ્રેષ્ઠ કક્ષાની પૂજા છે.

પણ આ સ્થિતિ લાવવા માટેની કેટલીક પૂર્વભૂમિકાઓ છે તેને સમજવી જોઈએ; એટલું જ નહીં પણ તે ભૂમિકાઓમાંથી પસાર પણ થવું જોઈએ.

સ્વયં દેવ સ્વરૂપ બની જવા માટે સૌ પ્રથમ તો જગતના સાચા સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો જોઈએ. જગત વિનાશી, અશરણ, અશુચિ વગેરે સ્વરૂપ છે; તો તેને તે જ સ્વરૂપે બરોબર જોવું જોઈએ. આમ થતાં ચિત્તમાંથી જગતના તમામ પદાર્થોની વાસના ઊખડીને સાફ થઈ જશે. ધ્યાનની સ્થિતિમાં આ વાસનાઓ જ વિક્ષોભ પેદા કરે છે. જેને જગત સોહામણું–ખૂબ જ સરસ–જણાય તે બિચારો શું ધ્યાન કરે ? ધ્યાનમાં એ જ સ્મરણ ચાલ્યા કરશે.



Scanned by CamScanner

આ સ્થિતિ ટાળવા માટે સોહામણું દેખાતું જગત ખરેખર જો બિહામણું છે તો તેને તે સ્વરૂપે જ જોતાં શીખી જવું જોઈએ. જેથી ધ્યાનની સ્થિતિમાં તેના પ્રત્યે કોઈ જ સારી લાગણી જન્મવા પામે જ નહીં.

સોહામણા દેખાતા જગતના વાસ્તવિક બિહામણા સ્વરૂપનું ભાન થઈ જવું એ જ જગત–સાક્ષાત્કાર છે.

આ પછી બીજી ભૂમિકામાં પ્રવેશ થાય છે. હવે કામ સરળ બની જાય છે. અત્યાર સુધી 'પરમાત્મા'નો જે સાક્ષાત્કાર થતો ન હતો; મંદિરમાં મૂર્તિને જોવા છતાં–તેના આલંબન દ્વારા ય–પ્રભુ દેખાતા જ ન હતા, તે હવે સ્પષ્ટ રીતે સ્મરણમાં આવવા લાગે છે. વિક્ષોભ પેદા કરનારાં ચિત્ત–વમળો દૂર થયાં એટલે ચિત્તમાં પરમાત્માનું પ્રતિબિંબ સુસ્પષ્ટ થવા લાગ્યું. આમ આંખ મીંચતાં જ પરમાત્મા દેખાવા લાગે તે ઈશ્વર–સાક્ષાત્કારની સ્થૂલ ભૂમિકા થઈ.

એ પછી હવે આત્મ–સાક્ષાત્કારની છેલ્લી ભૂમિકા આવે છે. સામે દેખાતા ઈશ્વરમાં આત્મા સંપૂર્ણપણે એકાકાર–અદ્વૈત બની જાય છે ત્યારે તે સ્વયં ઈશ્વર બની જાય છે. આમ ઈશ્વરના સ્વરૂપના એકીકરણથી આત્મા પોતાના સુવિશુદ્ધ સ્વરૂપનું ભાન કરવા લાગે છે.

જ્યાં સુધી ભગવાન પ્રત્યે ભક્તિભાવ હતો ત્યાં સુધી 'દાસોઽહં'ની લગન લાગી હતી; પણ જ્યારે આગળ વધીને ભગવાન જેવું જ પોતાનું ભગવાનથી ભિન્ન આત્મસ્વરૂપ ભાસવા લાગ્યું ત્યારે 'સોઽહં'ની અવસ્થા ઉદ્ભવી. પણ જ્યારે દ્વૈતભાવ ગયો અને બે, એક થઈ ગયા તે 'અહં અહં'ની ટોચ કક્ષાએ ચડાણ થઈ ગયું.

આથી જ કહ્યું કે, હે પ્રભુ ! દેહબુદ્ધિથી હું તારો દાસ છું;



Scanned by CamScanner

પણ જીવબુદ્ધિથી તારો અંશ અને આત્મબુદ્ધિથી તો હું તું સ્વરૂપ જ છું....એક જ–અભિન્ન જ બની જાઉં છું.

જીવનમાં જેટલું મહત્ત્વ બાહ્ય ગણાતા વ્યવહારનયની ધર્મ-ક્રિયાઓનું છે; તેટલું જ મહત્ત્વ આંતરશુદ્ધિનું છે; તેના માટે જરૂરી ધ્યાનયોગનું છે.

બહારના કર્મયોગની સાથે સાથે જ દરેક ધર્માત્માના જીવનમાં આંતરિક ધ્યાનયોગ પણ સ્થાન પામવો જોઇએ.

જે સમયે સંઘ, કુટુંબ કે વ્યક્તિના પુણ્યબળમાં ઘટાડો થયો હોય તે સમયે તો 'અર્હત'ના ધ્યાનની તાતી જરૂરિયાત ઊભી થાય છે.

આમ થઇ ગઇ; સકળ વિશ્વની એકતા. સર્વજીવરાશિ (જીવની અને શિવની)નો સંપૂર્ણપણે અભેદ સધાયો.

એમ લાગે છે કે આવા વૈશ્વિક અભેદભાવની પ્રત્યેક પળમાં જાલીમ કર્મોમાંથી જીવ છૂટતો હશે; તીવ્ર વાસનાઓમાંથી મુક્ત થઇ જતો હશે. એટલું જ નહીં પણ વિપુલ અને વિશુદ્ધ પુણ્યનો એ સ્વામી બનતો હશે.

ધર્મસંસ્કૃતિના બધા જ સ્તરો ઉપર જે સમયે ઘણના ઘા ઝીંકાઈ રહ્યા છે અને તેથી પ્રત્યેક સ્તરને તોડીફોડી નંખાયું છે તે સ્થિતિમાં બાહ્ય રીતે આપણે કેટલા પડકારો કરી શકીશું ? કેટલા જોશથી આક્રમણ કરીશું ? ઝઝૂમીશું ? જેની પાસે એવી જોરદાર શુદ્ધિ નથી; એવી કોઈ પુણ્યવૃદ્ધિ પણ નથી એ આત્મા અંતરની એકલી આગથી શું કરી શકશે ?

આવેશ આવી જાય એટલે કાંઈ લાકડાની તલવારે લડવા થોડું જ નીકળી જવાય ?



Scanned by CamScanner

આવેશ આવી જાય એટલે કાંઈ દીવાલ ઉપર મુક્કી ઉપર મુક્કી થોડી જ લગાવાય ?

શુદ્ધિ અને પુણ્યવૃદ્ધિ વિના તમામ સાંસ્કૃતિક સ્તરોની રક્ષા સંભવિત નથી. જો ખરેખર આપણા અંતરે સંસ્કૃતિની રક્ષાની દાઝ વસી હોય હોય તો ઉપરોક્ત અભેદની આરાધનામાં રોજ થોડી મિનિટો—પાંચથી દસ જ મિનિટ પણ—આપણે સહુએ લગાડી દેવી પડશે. 'દેવો ભૂત્વા, દેવં યજેત' બનવું પડશે. પછી જે શુદ્ધિ અને પુણ્ય-વૃદ્ધિનું નિર્માણ એ આપમેળે તમામ આફતોનાં વાદળોને વિખેરી જ નાંખશે. કદાચ આપણે કશું જ કરવું નહીં પડે.



Scanned by CamScanner

## ૬. આલંબનનું મહત્ત્વ

આત્માના સ્વરૂપનું ધ્યાન એ જ સર્વોત્કૃષ્ટ ધ્યાન છે; પરંતુ એ ધ્યાન આપણે ધારીએ તેટલું સહેલું નથી.

એ ધ્યાનને આંબવા માટે પ્રથમ તો સ્વાત્મસ્વરૂપ જે પરમાત્મ–તત્ત્વ છે તેનું ધ્યાન જરૂરી બને છે.

પરમાત્માના ધ્યાનમાં લીન બનીને જ સ્વાત્માનું સ્વરૂપધ્યાન સિદ્ધ કરી શકાય. આ જ સરળ માર્ગ છે.

આથી જ જૈન દર્શનમાં પરમાત્માના આલંબનને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. પરમેષ્ઠિ – આલંબનથી મારું કલ્યાણ થાય છે એવો આલંબન પ્રત્યે જેને આદરભાવ જાગે છે તે આત્માનાં અનેક નિબીડ કર્મોનો નાશ થઈ જાય છે. એથી એ આત્માની ધ્યાનારોહણની ધારામાં ક્યારે ય ભંગ પડતો નથી.

પરમાત્માનું આલંબન લઇને, તેમાં એકતા કેળવીને સ્વયં પરમાત્મ-સ્વરૂપ બનવાથી સ્વાત્મામાં પ્રચંડ પુણ્યવૃત્તિ અને પાપશુદ્ધિ થાય છે. એ ધ્યાનની પ્રત્યેક ક્ષણ સર્વ હિતકર પુણ્યની જનની અને સ્વ–અહિતકર પાપવાસનાઓની હનની બની જાય છે.

આ વાત શીતલનાથ પ્રભુના સ્તવનમાં મહોપાધ્યાયજીએ કરી છે :

વિષય લગનકી અગનિ બુઝાવત, તુમ ગુણ અનુભવ ધારા;
ભઈ મગનના તુમ ગુણ રસકી, કુણ કંચન કુણ દારા.

સ્વાત્મા જ્યારે ધ્યાનના અભેદથી પરમાત્મસ્વરૂપ બને ત્યારે તેનામાં વિશિષ્ટ કોટિનો અતિશય પેદા થાય છે.



Scanned by CamScanner

જે વ્યન્તરો–તમામ ભેગા મળીને પણ પરમાત્માના માત્ર અંગુષ્ઠના રૂપનું નિર્માણ કરવાને ધરાર સમર્થ નથી તેમાંથી એકાદ જ વ્યન્તર સમવસરણની અંદર પરમાત્માના અતિશયના પ્રભાવથી પરમાત્માના જેવાં જ બીજાં ત્રણ પ્રતિરૂપો બનાવી દે છે. આથી જ પ્રભુ ચતુર્મુખ દેખાવા લાગે છે.

અરિહંત પરમાત્માના આલંબનરૂપ શરણની તાકાત અચિન્ત્ય છે.

રાગીઓ જે કામ રાગના ભાવથી ન કરી શકે તે કામ પરમાત્મા પોતાના વીતરાગ સ્વભાવથી સહજ રીતે કરી શકે છે.

એ એમની અચિન્ત્ય શક્તિ છે કે સ્વયં વીતરાગ હોવા છતાં એની અભિમુખ થતાં આત્માને સંસારના ટોચ–પુણ્યોનું અર્પણ કરતાં છેલ્લે મુક્તિનું પ્રદાન અવશ્ય કરે છે.

સૂર્ય, અગ્નિ પાણી, ગુલાબ વગેરે કદી ક્યારે ય કશી ઇચ્છા કરે છે ? છતાં ય તેઓ પ્રકાશ, ઉષ્મા, તૃષાનિવૃત્તિ અને સુગંધ આપે છે. એમની આવી શક્તિ ક્યાંથી આવી ? એનો એક જ ઉત્તર છે કે એવો તેમનો સ્વભાવ.

બસ....પરમેષ્ઠિ ભગવંતનો પણ સર્વહિતકર સ્વભાવ છે, જે તેમની અભિમુખ થાય તેનું નિશ્ચિતપણે હિત થાય.

કદાચ જગતમાં ક્યારે ય ન હતી તેટલી પાપશુદ્ધિ અને પુણ્યવૃદ્ધિની પાપશુદ્ધિની આજે જરૂર પેદા થઈ છે.

જગતના જીવોના હિતનો વિચાર આજે અત્યંત વધુ મહત્ત્વનો બનવા લાગ્યો છે.

એટલે જ આજે પરમેષ્ઠિનું આલંબન આત્માની આવશ્યક બની ગયું છે.



Scanned by CamScanner

બાળજીવો સરળતાથી આવું આલંબન લઈને તેમાં એકાકાર બની ન શકે તે સમજી શકાય તેવી વાત છે.

આથી જ અહીં બાળજીવોને માટે અત્યંત સહેલાઈથી એકાગ્રત આવી જાય તેવું અરિહંતદેવનું સાલંબન-ધ્યાન બતાડવામાં આવ્યું છે.

બેશક, આમાં કયાંક ક્રમ વગેરે બાબતમાં પ્રશ્નો ઉદ્ભવશે; પરંતુ તે બાબતોને ગૌણ રાખીને બાળજીવોની એકાકારતા લાવવાની વાતને જ પ્રધાનપણે નજરમાં રાખવા માટે ખાસ ભલામણ છે.

બુદ્ધિના તત્ત્વને સ્પર્શવા કરતાં આ સ્થળે આપણે હૃદયનાં સંવેદનોને જ વધુ મહત્ત્વ આપીશું.

ચાલો, હવે આપણે તે સાલંબન-ધ્યાનમાં પ્રવેશ કરીએ.

ચારિત્ર્યનિર્માતા; પાપશુદ્ધિ અને સૂક્ષ્મનાં બળોનું ઉત્પાદન કરીને પ્રચંડ પુણ્યવૃદ્ધિનું કેન્દ્ર બનીએ. જે કેન્દ્ર સર્વના હિતનું સહજ રીતે કારક બની રહે.

# અરિહંત પરમાત્માનું
# સચિત્ર સાલંબન ધ્યાન

ખંડ : ૩

યોગશાસ્ત્ર ગ્રંથના અષ્ટમ પ્રકાશ
આધારિત અને વિસ્તારિત

ધ્યાન-પ્રક્રિયા

—[૪૮ માનસ - ચિત્રો સહિત]

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

Scanned by CamScanner

## અનુક્રમણિકા


**વિભાગ : ૧.** **ભૂમિકા ચિત્રો ૧ થી ૫**

**માનસ ચિત્ર :** ૧. પરમાત્માનું પ્રગટીકરણ.

૨. મહાકરુણાની વર્ષા. ૩. નિગ્રહસ્વરૂપે દોષદહન.

૪. અનંત ગુણોનું દાન. ૫. આત્મ સાક્ષાત્કાર

**વિભાગ ૨.** **દેહાદિ દહન અને નવદેહ નિર્માણ.**

**ચિત્રો નં. ૬ થી ૮**

**માનસ ચિત્ર :** ૬. મેરુના સિંહાસને અવસ્થાન = કમળ : અર્હંનું આલેખન

૭. દેહાદિદહન ૮. વાયુ અને જલથી શુદ્ધિકરણ

૯. નવદેહનિર્માણની ક્રિયા ૧૦. નવદેહ – નિર્માતા

**વિભાગ ૩.** **નવદેહનિર્માણ અને પ્રભુની પધરામણી**

**ચિત્રો નં. ૯ થી ૧૧**

**માનસ ચિત્ર :** ૯. નવદેહનિર્માણની ક્રિયા

૧૦. નવદેહનિર્માતા ૧૧. પ્રભુની પધરામણી

**વિભાગ : ૪** **ભગવાન સીમંધરસ્વામીજીના દર્શન અને સમવસણમાં ગમન.** **ચિત્રો ૧૨ થી ૧૭**

**માનસ ચિત્ર :** ૧૨. દેવસહાયે વિમાનમાં ગમન

૧૩. પરમાત્માનું સાક્ષાત્ દર્શન ૧૪. ચરણ સ્પર્શ

૧૫. સમવસરણ આરોહણ ૧૬. સમવસરણમાં પરમાત્માનું દર્શન

૧૭. પ્રદક્ષિણાપૂર્વક સ્તુતિ

**વિભાગ : ૫** **દેશના શ્રવણ, દીક્ષા**

**ચિત્રો ૧૮ થી ૨૪**

**માનસ ચિત્ર :** ૧૮. ઇન્દ્રવિનંતિથી પરમાત્માની દેશના

૧૯. માર્ગાનુસારિ ભાવ પ્રાપ્તિ

૨૦. સમ્યક્ત્વ પ્રાપ્તિ

૨૧. દેશવિરતિ પ્રાપ્તિ

૨૨. પ્રભુનું બોલવું

૨૩. સર્વવિરતિ ધર્મનો સ્વીકાર

૨૨. આનંદ પરાકાષ્ટાનું દર્શક નૃત્ય


Scanned by CamScanner

**વિભાગ : ૬ મુનિજીવનની વિવિધ ચર્યાઓ.**
**ચિત્રો ૨૫ થી ૩૫**

**માનસ ચિત્ર :** ૨૫. પ્રતિલેખન ૨૬. પ્રતિક્રમણ
૨૭. કાયોત્સર્ગ ૨૮. ધ્યાન
૨૯. સ્વાધ્યાય ૩૦. જપ
૩૧. વિહાર ૩૨. લોચ
૩૩. ભિક્ષાટન ૩૪. ગોચરી
૩૫. ગુરુચરણ સેવા

**વિભાગ : ૭ અર્હંની સ્થાપના અને અમૃતપ્લાવનની પ્રક્રિયા**
**ચિત્રો ૩૬ થી ૩૯**

**માનસ ચિત્ર :** ૩૬. ગુરુદેવ દ્વારા નાભિકમલમાં અર્હંની સ્થાપના
૩૭. પાંચ ચક્ર ભેદન દ્વારા બ્રહ્મરન્ધ્રમાં ગમન
૩૮. 'અર્હં'નું અમૃતસ્વરૂપે પ્લાવન
૩૯. નાભિમાં અમૃત – સરોવર; તેમાં સ્નાન

**વિભાગ : ૮ વિદ્યાદેવી – અભિષેક અને સ્વરૂપચિંતન**
**ચિત્રો ૪૦ થી ૪૫**

**માનસ ચિત્ર :** ૪૦. ષોડશદલ કમલ
૪૧. વિદ્યાદેવીનો અભિષેક તથા સંદેશ
૪૨. સ્વાત્માનું બ્રહ્મરન્ધ્રમાં બેસીને સ્વરૂપ ચિંતન....
૪૩. एगो ऽ हं
૪૪. दासो ऽ हं
૪૫. सो ऽ हं

**વિભાગ : ૯ કૃતજ્ઞતા ચિંતન, ક્ષપકશ્રેણિ, કૈવલ્ય.**
**ચિત્રો ૪૬ થી ૪૮**

**માનસ ચિત્ર :** ૪૬. દેવગુરુની કૃતજ્ઞતાનું ચિંતન : તેમને વંદન સપ્તમ ગુણસ્થાન –
૪૭. ક્ષપકશ્રેણિ : જીવ અને શિવ સાથે એકતા
૪૮. મૂળ સ્વરૂપમાં આગમન અને શિવસ્વરૂપાનુભૂતિનું જાગરણ.

Scanned by CamScanner

વિભાગ-૧ ભુમિકા
માનસ ચિત્રો ૧ થી ૫

ॐ ह्रीं अर्हं प्रसीद भगवन् मयि !

## ચિત્ર : ૧ પરમાત્માનું પ્રગટી કરણ

આ મન્ત્રપાઠ કરતાં જ મારા આત્માની સામે દિવ્ય-તેજનું વર્તુળ થાય છે; તે ધીમે ધીમે જામતું જાય છે અને પછી તેમાંથી એક આકૃતિ પ્રગટ થાય છે અને તે તેજ વર્તુળ વિલય પામતું પામતું તે જ આકૃતિના મુળની પાછળ ગોળાકારે સ્થિર થઈ જાય છે.

આ આકૃતિ તે બીજું કોઈ નથી, પરન્તુ સાક્ષાત્ પરમાત્મા મહાવીરદેવ છે.

તેઓ હવે મારી સામે ઊભા છે, અત્યન્ત પ્રસન્ન તેમની મુખાકૃતિ છે. ગુલાબી રંગની અને સાત હાથની તેમની કાયા છે. તેઓ મારી સામે મને આશીર્વાદ આપતાં હોય તે રીતે હાથ રાખીને ઊભા છે.

## ચિત્ર : ૨ મહાકરુણાની વર્ષા

એ પરમપિતા પરમાત્માની સામે મારો આત્મા ઊભો છે. એમના કરતાં મારી કાયા ઠીક ઠીક નાની છે. હું આનંદવિભોર બનીને પરમાત્માની સામે જોયા કરું છું ત્યાં પરમાત્માની આંખોમાંથી મારી ઉપર કરુણા વરસવા લાગી. દૂધના જેવી જ સફેદ એ ધાર મારા શરીરના બધા



Scanned by CamScanner

જ ભાગો ઉપર વરસવા લાગી. તે ધાર મારા સાડા ત્રણ ક્રોડ રોમ દ્વારા શરીરમાં પેઠી અને મારી નાભિમાં ભરાઈને ઊભરાવવા લાગી. ત્યાં ન સમાતાં તેની ધાર બનીને તે છાતી, ગળું વગેરે માર્ગોથી પસાર થઈને મારા મસ્તકના બ્રહ્મરન્દ્રમાં પહોંચીને બ્રહ્મરન્ધ્રને ફાડયું ત્યાંથી તેની જોરદાર વેગથી સેર છૂટી અને તે સીધી ઊભી ને ઊભી ઉપર સાત રાજલોકના છેડે પહોંચી. ત્યાં તે ધાર ફેલાઈને શરદ ઋતુના વાદળની આકૃતિ બની પછી તેવા અનેક દૂધાળા વાદળો વધતા અને ફેલાતા ગયા. આખું ય ગગન વાદળાથી ઠસોઠસ ભરાઈ ગયું ત્યારે તેમાંથી ઝરમર વરસાદ પડતો હોય તે રીતે તે કરુણાના વાદળો સમગ્ર વિશ્વ ઉપર વરસવા લાગ્યા વિશ્વના સર્વ જન્તૂઓ-માનવો, દેવો, સ્ત્રીઓ પશુ, પંખીઓ, નારકો-સહુ-આ કરુણાની વર્ષાથી પરિપ્લાવિત થયા.

અહા! કેવું અદ્‌ભુત અને આનંદમય આ દૃશ્ય છે.

વિશ્વમાત્ર ઉપરની મહામાતા-જગદંબાની મહાકરુણા મારી ઉપર કેવી વરસી રહી છે. તેમાં મારી પણ જીવ માત્ર પ્રત્યેની કરુણા ભળી છે. બે ય ભેગી થઈને સાત રાજલોકના ટોચસ્થાનેથી સમગ્ર વિશ્વના સર્વ જીવ-જગત ઉપર એકધારી વરસી રહી છે. પરમકૃપાળુ જગદંબાની કરુણામાં આખું વિશ્વ સ્નાન કરીને ધન્ય બની રહ્યું છે!



Scanned by CamScanner

જગદંબાની આ મહાકરુણા જ અમને સહુને ઊંચે લાવી રહી છે ને? કલિકાલ સર્વજ્ઞ ભગવંતે આ જ વાત કરી છે ને? "भवत्प्रसादेन વાહં ઇયતીં પ્રાપિતો ભુવમ્."

## ચિત્ર : ૩ નિગ્રહસ્વરૂપે દોષદહન

થોડીક પળો સુધી તો જગદંબાની એ મહાકરુણાના સ્નાનમાં જ મેં પસાર કરી. ત્યાં એકાએક નવી જ ઘટના બની. એ દૂધની ધારા જેવી કરુણા વિલય પામી ગયા. જે પ્રભુ અત્યાર સુધી માતા જેવા વાત્સલ્યમૂર્તિ દેખાતા હતા તેમની મુખાકૃતિ હવે પિતા જેવી ગંભીર દેખાવા લાગી. તેમના મુખમાંથી ફૂક ફૂક ફૂક ફૂક એવા સૂક્ષ્મ અવાજ સાથે અગ્નિનો ભડકો પ્રગટ થયો. તે ભડકો સીધો મારી ઉપર આવ્યો. અને મારા સમસ્ત દેહને ફરી વળ્યો. મારો દેહ જ નહિ; મારો આત્મા પણ એ અગ્નિથી લપેટાઈ ગયો. અને....અને.... થોડીક જ વારમાં એ અગ્નિના પ્રભાવે મારા સકળ કર્મો બળીને ખાખ થઈ ગયા! દેહ પણ રાખ થઈ ગયો!

અહો! આ અગ્નિ ને બીજું કાંઈ જ ન હતું પણ પરમપિતાની નિગ્રહસ્વરૂપ કરુણા જ હતી. એણે મારા સ્થૂલ દેહનું અને સૂક્ષ્મ કર્મોનું દહન કરી નાખ્યું.

હાશ! મારો આત્મા કર્મોના ભારથી હળવો થઈ ગયો!



Scanned by CamScanner

# ચિત્ર : ૪ અનંતગુણોનું દાન

ઘાતી કર્મોના દોષથી તુ મારો આત્મા મુક્ત થયો પણ તેથી તેને સંતોષ નથી. એકલા દોષનાશથી શું વળે! સાથે અનંત ગુણોનું સામ્રાજય પણ જોઈએ ને?

આથી મેં પરમકૃપાળુને પ્રાર્થના કરી કે ઓ અનંત ગુણોના સ્વામી! આપે મારા દોષોનું દહન તો કર્યું પણ હવે મને અનંત ગુણો આપો!

અને.... આ પ્રાર્થનાની બીજી જે પળે પરમકૃપાળુ દેવાધિદેવ મસ્તકના અગ્રભાગેથી બ્રહ્મરન્ધ્રમાંથી અનંત ગુણોની અનંતી સેર છૂટવા લાગી જે ત્યાંથી છૂટીને અર્ધ-વતુળાકાર બનીને મારા મસ્તક ઉપર આવીને મસ્તકમાં સમાવા લાગી.

મારા બ્રહ્મરન્ધ્ર દ્વારા એ બધી ગુણોની સેરો મારા આત્મપ્રદેશોમાં ઠલવાતી ગઈ. થોડીક જ વારમાં મારો આત્મા અનંતગુણોનો સ્વામી બન્યો.

અહો! મારું ટોચ સૌભાગ્ય;

અહો! મારી ધન્ય પળો!

અહો! પરમાત્માની મહાકરુણા! મહાવાત્સલ્ય!



Scanned by CamScanner

## ચિત્ર : ૫ આત્મસાક્ષાત્કાર

પણ આ તો બધી મારા પ્રાથમિક વિકાસની ભૂમિકાની દોષ શુદ્ધિ હતી, ગુણપ્રાપ્તિ હતી. ધર્મનો વાસ્તવિક આરંભ તો મારે હવે જ કરવાનો હતો.

મેં ગુરુ-મુખે સાંભળ્યું હતું કે "આત્મસાક્ષાત્કાર વિના ધર્મનો વાસ્તવિક આરંભ થઈ શકે નહિ." એટલે મને હવે તે આત્મસાક્ષાત્કારની લગની પેદા થઈ.

મારી સામે જ ઊભેલા પ્રસન્નવદન પરમપિતાને મેં કહ્યું, "ઓ, આત્મદર્શક વિભુ! આપ મને આત્મસાક્ષાત્કાર કરાવો જેથી હું ધર્મતત્વનો વાસ્તવિક સ્પર્શ નાકરુ."

મેં જેવી આ પ્રાર્થના કરી કે તરત જ પ્રભુના આજ્ઞા-ચક્ર [બે ભ્રમરની વચ્ચેનો તિલક કરવાનો ભાગ]માંથી પ્રકાશ છૂટવા લાગ્યો. જે મને પગથી માથા સુધી વ્યાપી ગયો. તે વખતે મારી આંખો એકદમ મીંચાઈ ગઈ. અને પછી મને અત્યંત ઝળહળાટમય તેજનો પુંજ દેખાવા લાગ્યો.

બપોરના બે વાગ્યાનો ધગધગતો સૂર્ય કેવો હોય? તેની સામે જો નજર કરવામાં આવે તો કેવો પ્રકાશમય ઝળહળાટ દેખાય?

હા....બસ.... તેવો જ પ્રકાશમય ઝળહળાટ મને મીંચેલી આંખે દેખાવા લાગ્યો.



Scanned by CamScanner

હા....પરમપિતાએ જ મને આત્મસાક્ષાત્કાર કરાવ્યો!

હા....મારી પ્રાર્થના ફળી.

વિભાગ બે: દેહાદિદહન

## ચિત્ર : ૬ મેરુના સિંહાસને અવસ્થા

અસંખ્ય દ્વીપ અને સમુદ્રો જેવડો એક જ વિરાટ ક્ષીરસમુદ્ર છે. તે દૂધ જેવો ધોળો છે. તેનું પાણી દૂધ જેવું છે. તેમાં પાણી ઊછળી રહ્યું છે.

આવા ક્ષીરસમુદ્રમાં એક હજાર દળ (પાંદડાં)નું લીલા રંગનું વિરાટ કમળ છે. તેની કર્ણીકામાં એક લાખ યોજન ઊંચો એવો મેરુ દેખાય છે. આ મેરુના ટોચ ભાગ ઉપર સફેદ રંગની સ્ફટિકની વિરાટ શીલા છે. તેની ઉપર સ્ફટિકનું સફેદ અનુપમ સિંહાસન ઉપર હું [મારો આત્મા] બેઠો છે.

મારા નાભિમાં આઠ પાંદડાનું એક કમળ છે. આ કમળના બધા પાંદડા કરમાઈ ગયા હોય તે રીતે નીચા નમી ગયા છે. જાણે કે ખરી પડવાની તૈયારીમાં ન હોય! આ ઊંધા વળી ગએલા આઠ પાંદડાની નીચે अर्हं લખેલું છે.

## ચિત્ર : ૭ દેહાદિ દહન

अर्हं ની ઉપર આલેખેલા રેફમાંથી અગ્નિ પ્રગટ થાય છે. તે અગ્નિની જવાળાઓ વધતી જતી ઠેઠ નીચે—મારા

પગ સુધી – પહોંચે છે અને ઠેઠ ઉપર – મારા મસ્તકની પાળ ઉપર – જાય છે. નીચે – મારા પગ આગળ – ત્રિકોણીઓ કુંડિ બને છે અને તેમાંથી ભડભડ જ્વાળાઓ ચોફેર ફેલાય છે.

ચારે બાજુ ફેલાએલી જ્વાળાઓની વચમાં હું [ મારો આત્મા ] આવી ગયો છું.

આ જ્વાળાઓથી પ્રથમ તો મારું શરીર બળી જાય છે. પછી મારી સાત ધાતુઓ બળે છે.

## ચિત્ર : ૮ વાયુ અને જલથી શુદ્ધિકરણ

હવે એ સિંહાસન ઉપર રહી ગઈ છે; રાખ : રાખનો મોટો ઢગલો. એની બાજુમાં મારો દેહરહિત આત્મા.

થોડીક વારમાં મલયાચલની દિશામાંથી પવન ફુંકાવા લાગે છે. ધીમે ધીમે પવન અતિઉગ્ર બનતો જાય છે. ધસમસતો એ પવન મારી તરફ આવે છે અને પેલી રાખને ઉડાડી મૂકે છે. એ શ્વેત સિંહાસન લગભગ ચોખ્ખું થઈ જાય છે.

પણ હજી રાખના સૂક્ષ્મ કણો તો ત્યાં પડેલા જ છે, એટલે એને પણ સાફ કરવા માટે ઝરમર વરસાદ શરૂ થાય છે. આ વરસાદથી ધોવાઈને સિંહાસન એકદમ શુદ્ધ – શ્વેત – થઈ જાય છે.

**વિભાગ : ૩ નવદેહનિર્માણ અને પ્રભુની પધરામણી**
**ચિત્ર નં ૯ થી ૧૧**



Scanned by CamScanner

# અરિહંત ધ્યાન

અહો ! મારો જુનો દેહ બળીને ભસ્મ થઈ ગયો ! કેવું સુંદર થયું !

પણ હવે મારે મારી મોક્ષમાર્ગની વિશુદ્ધ આરાધના કાજે દેહની તો જરૂર પડશે જ. દેહ વિના તો હું શી રીતે આરાધના કરીશ ?

તો હવે શી રીતે નવા દેહનું મારે નિર્માણ કરવું ? ના....હવે સામાન્ય કોટિના – મલિન – પુદ્‌ગલોમાંથી તો નવો દેહ મારે રચવો જ નથી. હવે તો હું અતિ ઉત્તમ કોટિમ – શુદ્ધ – પુદ્‌ગલોનું ગ્રહણ કરીને જ મારો નવો દેહ, નવું મન, નવા શ્વાસોચ્છ્‌વાસ વગેરે બનાવીશ. તો તે માટે મારે શું કરવું ?

હં....યાદ આવ્યું. પરમાત્મા દેવાધિદેવના જ પુદ્‌ગલોને હું ગ્રહણ કરું. એના કરતાં ઉત્કૃષ્ટ પુદ્‌ગલો આ જગતમાં બીજા કયા હોય ? એમના દેહના રશ્મિઓનો હું આહાર કરીશ, જેમાંથી મારું શરીર બનશે; એમના છોડેલા શ્વાસોચ્છ્‌વાસ, ભાષા અને મનના પુદ્‌ગલોનું હું ગ્રહણ કરીને મારા શ્વાસોચ્છ્‌વાસ, ભાષા અને મન બનાવીશ. ચાલ.... હવે ત્યાં જ પહોંચું ! એ પરમાત્માની પાસે....અને નવા દેહનું નિર્માણ કરું.

[આંખના પલકારામાં મારો આત્મા પરમાત્મા પાસે પહોંચે છે અને નવદેહનિર્માણની ક્રિયા ચાલું કરે છે] તે આ રીતે :

## ચિત્ર : ૯ નવદેહનિર્માણની ક્રિયા

(૧) પરમાત્માની પાસે જઈને હું મોં ખોલું છું અને કલ્પના કરું છું કે પરમાત્માના શરીરમાંથી પ્રતિ પળ છૂટતા રશ્મિ–પુદ્ગલો મારા મોંમા પ્રવેશી રહ્યા છે. આ આહાર કરવાથી મારું શરીર બને છે.

(૨) એ જ રીતે હું પ્રભુએ ભાષા–વર્ગણાના, શ્વાસોચ્છ્વાસ વર્ગણાના અને મનોવર્ગણાના વિસર્જન કરેલા પુદ્ગલોને લઉં છું અને મારી ભાષા, શ્વાસોચ્છ્વાસ અને મારું મન તૈયાર થઈ જાય છે.

## ચિત્ર : ૧૦ નવદેહનિર્માણ

આમ સિંહાસન ઉપર બિરાજમાન એવા પરમાત્માની સામે હું દિવ્યક આકૃતિવાળા યુવાનવયવાળો ઊભો રહું છું. અને પછી એક જ પળમાં ત્યાંથી વિદાય થાઉં છું.

## ચિત્ર : ૧૧ પ્રભુની પધરામણી

હવે મને વિચાર આવ્યો કે મારું નવસર્જન તો થઈ ગયું. પરંતુ જો મારું મન સાવ ખાલી રહેશે તો તેમાં દુષ્ટ તત્ત્વો પેસી જઈને તેનો કબજો લઈ લેશે. આમ થતાં તો મારી સઘળી મહેનત નિષ્ફળ જશે. આવું ન બને તે માટે હું પરમાત્માને પ્રાર્થના કરું કે તેઓ જ મારા મનમંદિરમાં પધારી જાય.



Scanned by CamScanner

અને....મેં પરમાત્માને નમ્રભાવે પ્રાર્થના કરતાં કહ્યું કે, "હે પ્રભુ! આપ મારા મનોમંદિરમાં પધારો; જેથી કોઈ અશુભ તત્ત્વનો પ્રવેશ ન થાય."

તરત જ પદ્માસનની મુદ્રામાં [પાષાણના પ્રતિમાજી સ્વરૂપ] બિરાજમાન પ્રભુ એ જ સ્વરૂપમાં મારા મનોમંદિરમાં પધારી ગયા. જે દિશામાં મારું મુખ હતું તે જ દિશા સન્મુખ થઈને પ્રભુ બિરાજમાન થયા હતા. જાણે કે અગીઆર ઇંચના શ્વેત વર્ણના પાષાણના પ્રતિમાજી જ બિરાજી ગયા ન હોય!

પ્રભુના બિરાજમાન થતાંની સાથે જ તે કૃપાના પરમ પાવનકારી સંગથી મારા સકળ આત્મ પ્રદેશોમાં કોઈ અદ્‌ભુત ચૈતન્યનો સંચાર થવા લાગ્યો. એક પછી એક એવી સાત અવસ્થાનો મેં અનુભવ કર્યો.

૧. પ્રભુ અનંત કરુણામય હતા; તેમના સંગથી મારો આત્મા કરુણામય થઈ ગયો.

૨. પ્રભુ અનંત આનંદમય હતા તેથી મારો આત્મા અનંત આનંદમય બની ગયો.

૩. પ્રભુ અનંત સુખમય હતા; મારો આત્મા પણ અનંત સુખમય બની ગયો.

૪. પ્રભુ જ્ઞાનમય હતા; મારો આત્મા જ્ઞાનમય બની ગયો.



Scanned by CamScanner

૫. પ્રભુ વીર્યમય હતા; મારો આત્મા વીર્યમય બની ગયો.

૬. પ્રભુ નિર્વિકલ્પ સમાધિમય હતા; મારો આત્મા પણ નિર્વિકલ્પ સમાધિમય બની ગયો.

૭. પ્રભુ પૂર્ણસમાધિસ્વરૂપ હતા; મારો આત્મા પૂર્ણસમાધિરૂપ બની ગયો.

આ સાતે ય અવસ્થામાંથી પસાર થતાં મેં જે ઝણઝણાટીઓ અનુભવી તેનું વર્ણન હું કેમે ય કરી શકું તેમ નથી.

**વિભાગ : ૪ ભગવાન સીમંધરસ્વામીજીના દર્શન અને સમવસરણમાં ગમન**

આવી ધન્યતામયી સ્થિતિ પામ્યા પછી મને જમ્બૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન પરમાત્મા સીમંધરસ્વામીજીના દર્શનાદિ કરવાની ઇચ્છા જાગી. મારા જીવનનું આ સેવિત-સ્વપ્ન હતું.

બસ....જ્યાં મેં આ વિચાર કર્યો ત્યાં જ આકાશમાંથી એક દેવવિમાન મારી તરફ આવી રહેલું મેં જોયું મારાથી થોડે જ દૂર તે આવી ઊભું. હું તરત ત્યાં ગયો. વિમાન-ચાલક દેવાત્માએ કહ્યું, "ઓ પુણ્યાત્મા ચાલ.... તને મહાવિદેહક્ષેત્રમાં મૂકી દઉં.... તારી મનઃકામના પૂર્ણ કરવા માટે જ હું અહીં આવેલ છું."

આ સાંભળતાં જ મારો હર્ષ નિરવધિ બની ગયો.



Scanned by CamScanner

દેવવિમાનમાં બેસતાંની સાથે જ વિમાન ઊડવા લાગ્યું. થોડીક જ પળોમાં તે મહાવિદેહના ગગનમાં આવી ગયું અને નીચે ઊતરવા લાગ્યું.

## ચિત્ર : ૧૩ પરમાત્માનું સાક્ષાત દર્શન

એ વખતે એકાએક ઇશાન ખૂણામાંથી કોઈ મધુર ધ્વનિ સંભળાંવા લાગ્યો. હા.. એ દિવ્ય-ધ્વનિ જ હતો. જ્યાં પરમાત્મા હોય ત્યાં આ દિવ્ય-ધ્વનિ એક પ્રતિહાર્ય-રૂપે જ.

મેં વિમાન-ચાલાક દેવાત્માને કહ્યું, ઓ, આકારણ–બંધુ! પ્રભુ ઇશાન ખૂણામાંથી જ આ તરફ આવી રહ્યા લાગે છે. એથી જ આ દિવ્ય-ધ્વનિ આપણને સંભળાય છે. તો વિમાન ધરની ઉપર આવી ઊભું અને જેવો મારો આત્મા બહાર કૂદી પડયો કે તરત જ દૂર થોડેક દૂર મેં સાક્ષાત્ પરમાત્માને મારી તરફ આવી રહેલા જોયા. હા....એ જ દેવાધિદેવ પરમાત્મા સીમંધર સ્વામીજી હતા. એમની સાથે અનેક પ્રકારના દેવો, માનવો વગેરે હતા. ૫૦૦ ધનુષની એ વિરાટ કાયા હતી. સૌવર્ણી એમની કાયા હતી. દેવરહિત સુવર્ણના કમલો ઉપર ક્રમશઃ પાદાર્પણ કરતાં તેઓ આગળ વધી રહ્યા હતા.

હું પ્રભુની તરફ ઝપાટાબંધ ચાલવા લાગ્યો. મારી નજર પરમાત્મા સમક્ષર હતી.

તે વખતે મને પ્રભુના આઠે ય પ્રાતિહાર્યો [પ્રતિહારી – સેવક–ની જેમ સદા સાથે રહેનારી આઠ વસ્તુઓ] દેખાવા લાગી.

પ્રભુની પાછળ અશોકવૃક્ષ જોયું.

આકાશમાંથી દેવાત્માઓ દ્વારા થતી પુષ્પવૃષ્ટિ જોઈ.

દિવ્યધ્વનિ સંભળાતો હતો. બે ચામરો આકાશમાં સાથે જ આવી રહ્યા હતા.

સિંહાસન પણ આકાશમાં સાથે આવતું હતું.

પ્રભુની પાછળ તેજવર્તુળ સ્વરૂપ ભામંડલ હતું.

આકાશમાં દુંદુભિ બજાવતા હતા. મસ્તક ઉપર ત્રણ છત્રો હતા.

## ચિત્ર : ૧૪ ચરણસ્પર્શ

આવા અષ્ટ પ્રાતિહાર્યયુક્ત પરમાત્માનું દર્શન કરતાં કરતાં હું ઠેઠ પ્રભુની પાસે આવી ગયો અને મારા જીવનની એ અતિ ધન્ય પળે હું તે પરમાત્માના ચરણોમાં માથું મૂકી દઈને ઝૂકી ગયો! અહો! અહો! ચરણસ્પર્શની એ પળોમાં મારો આનંદ!

મારી સાડા ત્રણ ક્રોડ રોમરાજિઓ આનંદથી ઊભી થઈ ગઈ હતી.

મારી સાતે ય ધાતુઓ અનંદમય બની ગઈ હતી.



Scanned by CamScanner

મારા અસંખ્ય આત્મપ્રદેશો આનંદથી ઊભરાઈ ગયા હતા.

મને તો કેમે ય માથું ઊંચકવાનું દિલ થતું ન હતું; પણ મારો આત્મા અનુમાનથી જાણતો હતો કે, 'દેવાધિદેવ સમવસરણમાં દેશના આપવા માટે પધારી રહ્યા છે' માટે મારે હવે વધુ સમય રોકી રાખવા તે ઉચિત નથી.

ચરણોમાં ઝૂકી ગએલા મારા ખભા ઉપર પ્રસન્નતાથી હાથ મૂકતા એવા પરમાત્માની સામે હર્ષથી ભરપૂર આંસુ સાથે મેં એક નજર કરી અને તરત હું ત્યાંથી બાજુ ઉપર ખસી ગયો.

પ્રભુ આગળ વધ્યા.

હું તે વૃન્દમાં જોડાઈ ગયો.

## ચિત્ર : ૧૫ સમવસરણ આરોહણ

મારા માટે તો મહાવિદેહક્ષેત્રની આ દુનિયા સાવ જ નવી હતી. આસપાસ–ચોપાસનું વાતાવરણ અનેક આશ્ચર્યથી ભરપૂર હતું. વળી મારું શારીરિક બળ; ચાલવાની ગતિ વગેરે સીમિત હતા. આ બધા કારણોસર એ વૃન્દ સાથે હું ચાલી ન શકતાં પાછો પડી ગયો. તારક પરમાત્મા જ્યારે સમવસરણના સિંહાસન ઉપર બિરાજમાન થઈ ગયા હતા ત્યારે હું તો સમવસરણના પહેલા ગઢના પહેલા પગથીએ પગ મૂકતો હતો.

દૂરથી જ ધરણીતલ ઉપર પ્રતિષ્ઠિત થયેલું ત્રણ ગઢસ્વરૂપ સમવસરણ જોતાં જ મારી આંખો જાણે ઠંડીગાર બની ગઈ. શું અદ્ભુત એનું આકર્ષણ હતું? ધર્મ નહિ પામેલા જીવો પણ એની દિવ્ય આકર્ષકતાથી એક વાર તો ખેંચાઈ જ આવે.

આ સમવસરણ ગોળાકાર [કવચિત્ તે ચોરસ પણ હોય છે.] હતુ. તે ત્રણ વિભાગરૂપ હતું. તેને કુલ ૨૦ હજાર પગથીયાં હતાં. સમવસરણનો પહેલો ગઢ ચાંદીનો હતો અને તેના કાંગરા સોનાના હતા. બીજો ગઢ સોનાનો હતો. અને તેના કાંગરા રત્નના હતા; ત્રીજો ગઢ રત્નનો હતો અને તેના કાંગરા માણિક્યના હતા.

પહેલા ગઢમાં વાહનો હતા; બીજામાં પશુઓ હતા અને ત્રીજામાં દેવ, દાનવ, માનવો હતા. પ્રભુની વાણીનો અતિશય જ એવો હતો કે સહુને તે સંભળાતી અને પોતપોતાની ભાષામાં જ પરિણામીને કાને અથડાતી આથી પશુઓ પણ પરમાત્માની વાણીને સાંભળી, સમજી શકતા.

હજારો પગથીઆં ચડતાં કોઈને થાક જ ન લાગે તે ય તારક પ્રભુના અતિશયનો જ મહિમા હતો.

મને ખબર પણ ન પડી કે હું કયારે સમવસરણના ત્રીજા ગઢના છેલ્લા પગથીએ આવીને ઊભો.

❋

## ચિત્ર : ૧૬ સમવસરણમાં પરમાત્માનું દર્શન

સમવસરણની ઠેઠ ઉપરના પગથીએ – પૂર્વ દિશાના પ્રવેશ દ્વારે ઊભા રહીને મેં અદ્‌ભુત દૃશ્યો જોયા.

મારી બરોબર સામે સિંહાસન ઉપર ચતુર્મુખ પરમાત્મા સીમંધરસ્વામીજી બિરાજમાન થયા હતા. ચારે ય દિશામાં બેઠેલા સહુને એમ જ લાગતું હતું કે, "પ્રભુ અમારી જ સામે બેઠા છે."

એ વખતે મેં ફરીથી આઠ પ્રાતિહાર્યોનું દર્શન કર્યું. પ્રભુની પાછળના ભાગમાં અશોકવૃક્ષ હતું. જેની ઘટા સમસ્ત સમવસરણ ઉપર છાઈ ગઈ હતી. આથી સઘળો શ્રોતાવર્ગ એની નીચે જ બેઠો હતો.

દેવોએ અઢળક પુષ્પવૃષ્ટિ ચોફેર કરી હતી.

અત્યંત આહ્લાદક દિવ્યધ્વનિ બજી રહ્યો હતો. દેવાત્માઓ પ્રભુને ચામર વીંઝી રહ્યા હતા. પરમાત્મા રત્નાદિમય સિંહાસન ઉપર બિરાજમાન હતા.

ચતુર્મુખ પ્રભુને, ચારેય બાજુ તેજવર્તુળ – ભામંડળ હતું.

આકાશમાં દેવો દુંદુભિનો નાદ કરી રહ્યા હતા.

તારક દેવાધિદેવના મસ્તક ઉપર ત્રણ છત્રો હતા.

સમવસરણના એ ત્રીજા વિભાગમાં દેવો, માનવો વગેરેની બાર પ્રકારની પર્ષદા બેઠી હતી.



Scanned by CamScanner

દેવ પર્ષદામાં દેવો હતા; દેવી પર્ષદામાં દેવીઓ હતી. શ્રાવક પર્ષદામાં શ્રાવકો હતા. સાધુ–પર્ષદામાં સાધુઓ હતા. કેવલી પર્ષદામાં કેવલીઓ હતા.

## ચિત્ર : ૧૭ પ્રદક્ષિણાપૂર્વક સ્તુતિ

ઉપર એક યોજનના વિસ્તારવાળું અદ્દ્ભુત સમવસરણ જોઈને મેં પગ ઉપાડયો. થોડી જ પળોમાં હું તારક દેવાધિ-દેવની પાસે પહોંચી ગયો. તે પરમકૃપાલુને મેં ત્રણ પ્રદક્ષિણા આપી. અને ત્યાર બાદ પૂર્વાભિમુખ બિરાજમાન થએલા પ્રભુની સમક્ષ ઊભા રહીને મેં રત્નાકર પચ્ચીશીના પાઠ-રૂપે સ્તવના શરૂ કરી.

તે આ રીતે.

### રત્નાકર પચ્ચીશી

મંદિર છો મુક્તિતણા માંગલ્યક્રિડાના પ્રભુ,
ને ઇંદ્ર નરને દેવતા સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી શિરદાર અતિશય સર્વના
ઘણું જીવ તું ઘણું જીવ તું ભંડાર જ્ઞાનકળાતણા ॥૧॥
ત્રણ જગતના આધારને અવતાર હે કરૂણા તણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ સંસારના દુઃખોતણા,
વીતરાગ વલ્લભ વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને આ હૃદય હું ખાલી કરું ॥૨॥
શું બાળકો માબાપ પાસે બાળક્રીડા નવ કરે.



Scanned by CamScanner

ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે;
તેમજ તમારી પાસ તારક આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું તેમાં કશું ખોટું નથી....૩

મેં દાન તો દીધું નહિ ને શિયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ શુભ ભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈ પણ પ્રભુ નવ કર્યું;
મ્હારું ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું. ૪

હું ક્રોધ અગ્નિથી બળ્યો વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને;
મન મારું માયા જાળમાં મોહન મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં ચેતન ઘણો ચગદાય છે....૫

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જિનજી! ભવ પૂર્ણ કરવાનો થયા,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા....૬

અમૃત ઝરે તુજ મુખ રૂપી ચંદ્રથી તો પણ પ્રભુ!
ભિંજાય નહિ મુજ મન અરેરે! શું કરું હું તો વિભુ!
પત્થર થકી પણ કઠણ મારું મન ખરે ક્યાથી દ્રવે?
મરકટ સમા આ મન થકી હું તો પ્રભુ હાર્યો હવે....૭

ભમતા મહાભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કળ ઘણાં;

તે પણ ગયાં પરમાદના વશથી પ્રભુ કહું છું ખરું,
કોની કને કિરતાર ! આ પોકાર હું જઈને કરું !....૮

ઠગવા વિભુ આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા;
ને ધર્મનો ઉપદેશ રંજન લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું ?
સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું....૯

મેં મુખને મેલું કર્યું દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યા પરનારીમાં લપટાઈને,
વળી ચિત્તને દોષિત કર્યું ચિંતી નઠારું પર તણું,
હે નાથ મારું શું થશે ચાલાક થઈ ચૂકયો ઘણું....૧૦

કરે કાળજાને કતલ પીડા કામની બિહામણી:
એ વિષયમાં બની અંધ હું વિડંબના પામ્યો ઘણી,
તે પણ પ્રકાશ્યું આજ લાવી લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું કર માફ મારા વાંકને....૧૧

નવકાર મંત્ર વિનાશ કીધો અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાકયો વડે હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી કર્મો નકામાં આચર્યા,
મતિભ્રમ થકી રત્નો ગુમાવી કાચ કટકા મેં ગ્રહ્યાં....૧૨

આવેલ દષ્ટિમાર્ગમાં મૂકી મહાવીર આપને,
મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા મદનના આ ચાપને,

નેત્ર બાણોને પયોધર નાભિને સુંદર કટી,
શણગાર સુંદરીયો તણાં છટકેલ થઈ જોયાં અતિ....૧૩

મૃગનયની સમ નારી તણાં મુખ ચંદ્ર નિરખવા વતી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો અલ્પ પણ ગાઢો અતિ,
તે શ્રુત રૂપ સમુદ્રમાં ધોયા છતાં જતો નથી.
તેનું કહો કારણ તમે બચુ કેમ હું આ પાપથી....૧૪

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણ તણો નથી.
ઉત્તમ વિલાસ કળા તણી દેદીપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાનથી અક્કડ ફરું;
ચોપાટ ચાર ગતિ તણી સંસારમાં ખેલ્યા કરુ....૧૫

આયુષ્ય ઘટતું જાય તો પણ પાપ બુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરું યત્ન પણ હું ધર્મને તો નવી ગણું,
બની મોહમાં મસ્તાન હું પાયા વિનાના ઘર ચણું....૧૬

આત્મા નથી પરભવ નથી, પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ ! આપ શ્રી તો અરે !
દીવો લઈકૂવેયેડપ ધિક્કાર છે ! મુજને ખરે !....૧૭

મેં ચિત્તથી નહિ દેવની કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહિ;

પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રડયા જેવું થયું,
ધોબી તણા કુત્તા સામું મમ જીવન સહુ એળે ગયું....૧૮

હું કામધેનું કલ્પતરુ ચિંતામણિના પ્યારમાં,
ખોટાં છતાં ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં
જે પ્રગટ સુખ દેનાર તારો ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ ! કર કરુણા કંઈ....૧૯

મેં ભોગ સારા ચિંતવ્યા, તે રોગ સમ ચિંત્યા નહિ
આગમન ઈચ્છયું ધન તણું પણ મૃત્યુને પ્રીચ્છયું નહિ.
નહિ ચિંતવ્યું મેં નરક કારાગાર સમ છે નારીઓ,
મધુબિંદુની આશા મહીં ભય માત્ર હું ભૂલી ગયો....૨૦

હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર–ઉપકારનાં યશ પણ ઉપાર્જન નવ કર્યો,
વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યાં,
ફોગટ અરે ! આ લક્ષ ચોરાશી તણા ફેરા ફર્યા....૨૧

ગુરુવાણીમાં વૈરાગ્ય કેરો રંગ લાગ્યો નહિ અને,
દુર્જન તણાં વાકયો મહીં શાંતિ મળે કયાંથી મને;
તરું કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળિયાનો ઘડો જળથી ભરાયે કેમ કરી ?....૨૨

મેં પરભવે નથી પુણ્ય કીધું ને નથી કરતો હજી.
તો આવતા ભવમાં કહો કયાંથી થશે હે નાથજી;



Scanned by CamScanner

# અરિહંત ધ્યાન

ભૂત ભાવિ ને સાંપ્રત ત્રણે ભવ નાથ ! હું હારી ગયો,
સ્વામી ! ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો....૨૩

અથવા નકામું આપ પાસે નાથ ! શું બકવું ઘણું,
હે દેવતાના પૂજ્ય ! આ ચારિત્ર મુજ પોતાતણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો મહારૂ શું માત્ર આ,
જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં પાઈની તો વાત ક્યાં ?..૨૪

તાહરાથી ન સમર્થ અન્ય દીનનો ઉધ્ધારનારો પ્રભુ
મ્હારાથી નહિ અન્ય પાત્ર જગમાં જોતાં જડે હે વિભુ;
મુક્તિ મંગળ સ્થાન ! તોય મુજને ઈચ્છા ન લક્ષ્મી,
આપો સમ્યગ્રત્ન શ્યામ જીવને તો તૃપ્તિ થાયે ઘણી..૨૫

**વિભાગ : ૫ દેશનાશ્રવણ અને દીક્ષા**
**ચિત્રો : ૧૮ થી ૨૩**

## ઇન્દ્રની વિનંતીથી પરમાત્માની દેશના

## ચિત્ર : ૧૮

થોડીક પળો વીતી ત્યાં સૌધર્મેન્દ્ર ઊભા થયા. દેવધિ-દેવની નજીક આવ્યા. તેમણે બે હાથ જોડીને, માથું નમાવીને પરમાત્માને વિનંતી કરતી, "હે અશરણાશરણ ત્રિલોકગુરૂ ! તારક દેવાધિદેવ ! મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરત કષાય અને અશુભ યોગોને આધીન થઈને જગતના



Scanned by CamScanner

અનેક આત્માઓ સંસારસાગરમાં ડૂબી રહ્યા છે; કારમાં પાપો કરીને તીવ્ર દુઃખોમાં અને દુર્ગતિઓમાં ઝીંકાઈ રહ્યા છે.

"ઓ શાસનપતિ! આપ એ જીવો ઉપર મહાકરુણા ધરાવો છો તો મારી આપને નમ્ર વિનંતી છે કે જીવોના હિત અને અહિતને દર્શાવતી દેશના આપ સંભળાવો જેથી અનેક ભવ્યાત્માઓ હિતમાં પ્રવૃત્તિ કરે અને અહિતથી પાછા હટે."

ઇન્દ્રની આ વિનંતિ સાંભળીને ત્રિલોકગુરુએ દેશનાનો આરંભ કર્યો. અહા! ગંગોત્રીના ખળખળ વહી જતાં પાણી કરતાં ય ગંભીર સ્વરે કેવી મધમધુર દેશના પ્રભુ આપી રહ્યા હતા! વિશ્વમાત્રના સકળ જીવોના સકળ પાપના પોતે જ્ઞાતા અને દ્રષ્ટા હોવા છતાં એમના પ્રત્યે લગીરે તિરસ્કારભાવ વ્યક્ત કર્યા વિના અરે! ભરપૂર વાત્સલ્યભાવ સાથે પ્રભુનો પ્રત્યેક શબ્દ નીકળતો હતો.

માલકૌંસ રાગમાં એ દેશના સાંભળતાં મારો આત્મા તો મોરલાની તેમ નાચવા લાગ્યો. મારા રોમ રોમમાંથી ઝણઝણાટીઓ પસાર થવા લાગી.

## ચિત્ર : ૧૯ માર્ગાનુસારિભાવની પ્રાપ્તિ

તે દિવસે પરમાત્માએ ભવ્યાત્માના વિકાસનો નીચેથી ઉપરનો ક્રમ ફરમાવ્યો. સૌ પ્રથમ પરમાત્મા ભવ્યાત્માનું માર્ગાનુસારી જીવન કેવા પાંત્રીસ ગુણોથી સુશોભિત હોય! તેમાં તેની નીતિમત્તા ઉદ્ભટવેષ ત્યાગ, ઇન્દ્રિયનિગ્રહ વગેરે બતાવ્યા.

જેમ જેમ હું આ જીવન વિકાસ સાંભળતો ગયો તેમ તેમ જાણે કે પ્રભુની વાણીના અતિશયને લીધે જ મારામાં ખરેખરું માર્ગાનુસારિપણું પરિણામ પામવા લાગ્યું કે હવે હું સજ્જનને છાજે તેવા પ્રકારના વસ્ત્રોને પહેરનારો, નીચી નજરે ચાલનારો, સદાચારી જીવન વગેરેનો સ્વામી બની જઈશ તેમ મને પ્રતીત થયું.

## ચિત્ર : ૨૦ સમ્યક્ત્વ પ્રાપ્તિ

ત્યાર બાદ ત્રિલોકગુરુએ સમ્યદર્શનનો મહિમા સમજાવ્યો. તેના લક્ષણો વગેરે કહ્યા. એ સાંભળતા જ તે વાણી અને તેનો પદાર્થ સમ્યક્ત્વ મારામાં પરિણામ પામી

ગયો, મારો આત્મા વિશિષ્ટ કોટિના સમ્યગ્દર્શનના ભાવને સ્પર્શી ગયો.

હવે મારો આત્મા જિન મંદિરે જિનપૂજા કરવા લાગશે, ધર્મનો રાગી બનશે, સદ્ગુરુ પાસેથી જિનવાણીનું શ્રવણ કરવા ગાંડોઘેલો બની જશે.

## ચિત્ર : ૨૧ દેશવિરત પ્રાપ્તિ

ત્યાર બાદ પરમાત્માએ દેશવિરતિ ગુણોની પ્રરૂપણા કરી. એ સાંભળતાં જ મારામાં પ્રભુના એ મહિમાવંતા પ્રભાવથી દેશવિરતિ ગુણનો ક્ષાયોપશમ થયો.

અહા! હવે હું સામાયિકવ્રત કરીશ; તપશ્ચર્યા વગેરે કરીશ એ વિચારથી મારું મન આનંદવિભોર બની ગયું.

## ચિત્ર ૨૨ પ્રભુનું બોલાવવું

ત્યાર બાદ પરમાત્માએ સર્વવિરતિ ધર્મનો મહિમા સમજાવ્યો. સર્વવિરતિના સ્વામીઓ સુખે કેવા અલીન હોય? દુ:ખે કેવા અદીન હોય? ઉપસર્ગો અને પરીષહ કેવી ચિત્ત પ્રસન્નતાથી સહાતા હોય? એમના જીવનમાં

'અહિંસા'ની પ્રતિષ્ઠા થાય ત્યારે તેમની પાસે જાતિવૈરી-જીવો પણ પોતાના વૈરભાવને કેવા વીસરી જતા હોય? એ મહાત્માઓને કેવા પોતાના અંગો ઘસવા દ્વારા વહાલ કરતા હોય? એ મહાત્માઓના મૈત્રી આદિ ભાવો કેવા વિકસિત થયા હોય? સર્વ જીવો પ્રત્યે એમને કેવા સ્નેહ-પરિણામ હોય? દેહ પ્રત્યે કઠોરતા, જીવમાત્ર પ્રત્યે કરુણતા ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા હોય? વગેરે વાતો સાંભળતાં મારા આત્મામાં ન કલ્પી શકાય તેવી ધ્રૂજારીઓ છૂટવા લાગી!

મારું મન પુકાર પાડીને કહેવા લાગ્યું કે, "શું મને સર્વવિરતિધર્મ ન જામી શકે? શું હું આવી ધન્ય સ્થિતિઓને ન પામી શકું? રે! આ વિનાના જીવનનો તો કશો જ અર્થ નથી. મારે આ જીવનમાં પ્રવેશ કરવો જ છે. મારે વિશ્વમૈત્રીના અનંત આનંદને સ્પર્શવો જ છે. રે! એમાં અશક્ય શું છે? હું આજે જ આ જીવનનો સ્વીકાર કરીશ.

"પણ સબૂર!" મારું જ મન કહેવા લાગ્યું-

"મારામાં તે જીવન પામવાની લાયકાત હશે ખરી! પાત્રતા વિના તો બધું જ નકામું. મને મારી પાત્રતાની શી રીતે ખબર પડે? એ તો આ દેવાધિદેવ જ મારી પાત્રતા અંગે કહી શકે અને પછી યથાયોગ્ય કરી શકે."

મારા મનમાં એક સરસ વિચાર આવ્યો કે, "આ પરમાત્મા હમણાં જ તેનો ઘટસ્ફોટ કરી દે તો કેવું સરસ?



Scanned by CamScanner

મારા મનમા ભાવો તો તે સર્વજ્ઞ પ્રભુ જાણે જ છે. જો મારામાં સાધુ થવાની પાત્રતા હોય તો તે કૃપાળુ મને બોલાવે અને તરત દીક્ષા આપે."

જ્યાં હું આવો વિચાર કરું ત્યાં જ પરમાત્માએ મને હાથેથી સંજ્ઞા કરી કે, "વત્સ ! અહીં આવ આ જોઈને હું તો આનંદમાં અર્ધો ગાડો જ થઈ ગયો ! બારે પર્ષદા મારી સામે જોવા લાગી. અનેકોનાં મોંમાંથી શબ્દ નીકળી પડયા, "ધન્યવાદ ! કેવો પુણ્યશાળી ! પ્રભુએ એને બોલાવ્યો !

હું એકદમ જલદી પરમાત્માની પાસે પહોંચી ગયો. વંદન કરી ત્યાં ઊભો રહ્યો.

કયાં એ ૫૦૦ વગેરે ધનુષ્યની કાયા ધરાવનાર મહાવિદેહના માનવો અને કયાં હું ભરત ક્ષેત્રનો ૩ાા હાથની કાયાવાળો માનવી !

એમની વચમાં તો હું સાવ વામનજી જણાતો હતો ! મને જોઈને કેટલાકને તો કુતૂહલ પણ પેદા થયું. પણ આ વામનજીનું પુન્યનો ખરેખર વિરાટ હતું કે તેને ખુદ પરમાત્માએ બોલાવ્યો હતો.

## ચિત્ર : ૨૩ સર્વવિરતિધર્મનો સ્વીકાર

જ્ઞાનના બળથી સૌધર્મેન્દ્રે દેવાધિદેવના ભાવોને જાણી લીધા હોય તેમ તરત જ તેણે પોતાની શક્તિથી સંયમ-ધર્મના ઉપકરણોનો રત્નજડિત સુવર્ણથાળ મેળવી



Scanned by CamScanner

લીધો. એક જ પળમાં તેઓ ને થાળ સાથે પ્રભુની પાસે આવીને ઊભા રહ્યા.

શ્રોતાગણો ઘણા ચકોર હતા. સઘળી પરિસ્થિતિ પામી ગયા. મનોનન મને ખૂબ ખૂબ ધન્યવાદ આપવા લાગ્યા. "આપણે રહી ગયા અને ભરતનો આ પુણ્યાત્મા એનું કલ્યાણ આરાધી ગયો!"

એવો મનોગત ભાવ અનેકોના મોં ઉપર સ્પષ્ટ થતો હતો.

અદ્ભુત વાત્સલ્ય સાથે પ્રભુએ મને કહ્યું, "પુણ્યવાન! સંયમરત્ન લેવાના તને મનોરથ જાગ્યા છે? તો લે, હું તારી વિકસિત પાત્રતા જાણીને મારા હાથે તને રજોહરણ આપું છું અને સામયિક વ્રત ઉચ્ચારવું છું."

આમ કહીને પરમાત્મા સિંહાસન ઉપર ઊભા થયા. ઈન્દ્રના થાળમાંથી ઓઘો લીધો મેં ત્રણ નવકાર ગણીને બે હાથ વડે ઓઘો લીધો. પછી પ્રભુએ મને 'કરેતિ ભંતે સૂત્રનો પાઠ બોલીને સામાયિક વ્રત આપ્યું.

અહો! કેવી તે મારા જીવનની સર્વોત્તમ પળો હતી! જીવનની સર્વોત્કૃષ્ટ ધન્યતાને હું તે વખતે સ્પર્શી રહ્યો હતો! વિશ્વમાત્રના સર્વ જીવો સાથે હવે મારો મૈત્રીભાવ! સર્વ સાથે સ્નેહપરિણામ! અરે! આનાથી અધિક તો માનવજીવનનું બીજું કયું સાફલ્ય હોઈ શકે? એ પોતાનું વર્ણન કરવા માટે મારી વાચા વિલય પામી ગઈ હતી.



Scanned by CamScanner

## ચિત્ર : ૨૪ આનંદ પરાકાષ્ઠાનું દર્શક નૃત્ય

જેવું પરમાત્માએ મને સામાયિક વ્રત ઉચ્ચરાવ્યું કે તરત જ હું એ ઓઘો લઈને ચતુર્મુખ ભગવાનની ચારે બાજુ નાચવા લાગ્યો. મારા આનંદની એ હેલિ હતી, મારી મસ્તીનું એ દિવ્યગાન હતું.

સહુ મારા આત્માનંદને સ્તબ્ધ બનીને જોઈ રહ્યા. છેવટે હું મુનિઓની પર્ષદામાં જઈને મુનિવેષમાં બેસી ગયો.

**વિભાગ : ૬ મુનિજીવનની વિવિધ ચર્યાઓ**

**ચિત્રો ૨૫ થી ૩૫**

મુનિજીવનનો એકેકો કલાક, એકેકો દિવસ એકેકો માસ જેમ જેમ પસાર થવા લાગ્યા તેમ તેમ ઉત્તરોત્તર દેવોના ય સુખને ટપી જાય તેવી ચિત્તની અપૂર્વ મસ્તીને મારો આત્મા અનુભવવા લાગ્યો. મારા જીવનની પ્રત્યેક ધર્મક્રિયામાં મને અનેરો આહલાદ આવતો હતો. એનું કારણ એ ક્રિયાઓમાં સર્વજીવોને સાચા આનંદની પ્રાપ્તિ અભિલાષા હતી; કોઈને ય લેશ પણ દુઃખ ન આપવાની પૂર્ણ કાળજી હતી. આ રહી; તે મારી કેટલીક મુનિ-ચર્યા

☆

## ચિત્ર : ૨૫ પ્રતિલેખન

હું રોજ બે ય વખત મારા તમામ વસ્ત્રાદિનું પ્રતિ-લેખન કરતો હતો. ઊભડક પગે બેસીને પ્રત્યેક વસ્ત્રને વિહિત બોલ બોલવાપૂર્વક હું કાળજીથી જોતો હતો, રખે ક્યાંક કોક જીવ-જંતૂ રહી ગયું હોય.

## ચિત્ર : ૨૬ પ્રતિક્રમણ

બન્ને ય વખત હું દિન, રાતના પ્રાયાશ્ચિત્ત રૂપે પ્રતિ-ક્રમણ કરતો હતો. અમે સઘળા સાધુઓ માંડલીમાં બેસીને જે પ્રતિક્રમણ કરીએ, જે શુદ્ધ સૂત્રોચ્ચાર થાય; શુદ્ધ સૂત્ર અને તેના અર્થમાં ચિત્તની જે એકાકારતા થાય તે તો એવી અદ્‌ભુત હોય કે ગમે તેવા જુગો જૂનાં પાપ-સંસ્કારો પણ મૂળમાંથી ધ્રૂજી ઊઠે.

## ચિત્ર : ૨૭ કાયોત્સર્ગ

કેટલીક વાર ખાસ કરીને રાત્રિના સમયે નિદ્રા ઊડી જતાં હું કાયોત્સર્ગ કરતો. જાતજાતના સંકલ્પ પૂર્વક – કે બાજુના કુંભારનું ગધેડું ભૂંકે ત્યાં સુધી કાયોત્સર્ગ, કોઈ બાળકના રૂદનનો અવાજ આવે ત્યાં સુધી કાયોત્સર્ગ, ઘંટી દળવાનો અવાજ સંભળાય ત્યાં સુધી કાયોત્સર્ગ – હું કરતો.



Scanned by CamScanner

ક્યારેક તેમાં પરમાત્માનું આલંબન લેતો તો ક્યારેક ષડ્દ્રવ્યનું કે ૧૪ રાજલોકનું ચિંતન કરતો. કાયોત્સર્ગમાં ક્યારેક ડાંસ, મચ્છર ચટકા ય દેતા, મારા લોહીની ખાસી મિજબાની ઉડાવતા; પણ તે વખતે મને તેનું કશું ય ભાન રહેતું નહિ.

## ચિત્ર : ૨૮ ધ્યાન

ક્યારેક હું પરમેષ્ઠી ભગવંતોના ધ્યાનમાં બેસી જતો પદ્માસનની મુદ્રામાં લગાતાર ત્રણ ચાર કલાક સુધી બેસવા-ની સિદ્ધિ મને થઈ હતી.

ધ્યાનની એ પળોમાં હું જાણે ભાનમાંથી ખોવાઈ જતો અને જગત મારામાંથી ખોવાઈ જતું. પરમાત્મા સાથે અભેદ ભાવ થતાં જ્યારે આનંદની લહરીઓ મારી રોમ-રાજિમાંથી પસાર થતી એ ખરેખર ધન્ય પળો હતી.

## ચિત્ર : ૨૯ સ્વાધ્યાય

અને.... સ્વાધ્યાય તો મારો જીવન-પ્રાણ હતો. મારા તારક ગુરુદેવે મને જે પદ્ધતિએ સ્વાધ્યાય કરવાનું શીખવ્યું હતું તે જ રીતે–ધૂણીને, મોં પાસે મુહપત્તિ રાખીને, સાપડા ઉપર પુસ્તક ગોઠવીને, ટટાર બેસીને–હું ગોખતો હતો. મને આ સ્વાધ્યાય વિના ચેન જ પડતું ન હતું. રોજ ત્રણ કલાક તો નવું ગોખવામાં જ નીકળતા હતા.



Scanned by CamScanner

## ચિત્ર : ૩૦ જપ

સન્ધ્યાઓના સમયમાં, કાળવેળાએ ક્યારેક રાત્રે પણ હું મન્ત્રાધિરાજશ્રી નવકારનો જપ કરતો હતો. અહા! માનવલોકની કેરીનો કે દેવાત્માઓના અમૃતનો રસાસ્વાદ તો આ જપના રસ પાસે અત્યંત ફીકકો લાગે. જપના સમયમાં પરમેષ્ઠી ભગવંતોની સાથે એકાકાર બની જતો હતો. મારાથી જપ–માળા કેમે ય મુકાતી ન હતી.

## ચિત્ર : ૩૧ વિહાર

શેષકાળના સમયમાં મારા ગુરુદેવાદિ મુનિવૃન્દ સાથે હું ગ્રામાનુગ્રામ વિહાર કરું છું. મારી ઉપધિ હું બાંધું છું, તદુપરાન્ત મારા ગુરુદેવાદિ વડીલોના ઉપકરણો પણ લઉં છું. ભાર ઊંચકવા છતાં વૈયાવચ્ચના રસના કારણે મને કદી તે ભાર લાગતો નથી.

એક ગામથી બીજે ગામ, બીજે ગામથી નિત્ય નવા તીર્થોની સ્પર્શનાઓ, જિનમંદિરોમાં અદ્ભુત પ્રતિમાજીનાં દર્શનો, અનેક મુનિઓ સાથે મિલનો, દર્શન વંદનાદિ વગેરે.... આ બધુંય મને અત્યન્ત આહ્લાદક અને મારા સંયમધર્મમાં વૃદ્ધિકારક બની રહ્યું છે.



Scanned by CamScanner

## ચિત્ર : ૩૨ લોચ

દર છ મહિને હું મસ્તક અને દાઢીના વાળનો મુનિઓ પાસે લોચ કરાવું છું. લોચનું એ કષ્ટ ભલે ગમે તેટલું તીક્ષ્ણ ગણાતું હશે પણ મારા માટે તો અત્યન્ત આનંદ-જનક ક્રિયા છે. જેની પ્રત્યેક ચપટીમાં અનંતી કાર્મણ-વર્ગણાઓના ભુક્કા બોલાઈ જતા હોય; જે વખતે નરકાદિ દુર્ગતિઓના તીવ્ર દુઃખોનું સ્મરણ થતાં સૂક્ષ્મ પણ પાપ નહિ કરવાના દૃઢ મનોરથો સેવાતા હોય; જે સમયે દેહાધ્યાસ કેટલો ઓછો થયો છે તેનો આંક મળી જતો હોય; જેમાં જિનાજ્ઞાનું અણિશુદ્ધ પાલન થતું હોય એવા લોચને કષ્ટ તો કેમ મનાય રે! એ તો મહોત્સવભૂત છે!

## ચિત્ર : ૩૩ ભિક્ષાટન

ગુર્વાજ્ઞાથી હું ભિક્ષાર્થે નીકળું છું. બપોરનો ધોમ-ધખતો કાળ હોય; પગ ચંપાતા હોય ત્યારે 'ધર્મલાભ' 'ધર્મલાભ' કહેતાં શ્રાવકોના કુળોમાં હું પ્રવેશ કરું છું. હું અને મારા સંઘાટક મુનિ બેતાલીસમાંથી એક પણ દોષ લાગી ન જાય તેની પૂરતી કાળજી રાખીએ છીએ. પુણ્યાત્માઓ ભારે ભક્તિભાવ દાખવીને અમને વહોરાવે છે ત્યારે અમે પણ સંયમધર્મની મર્યાદાઓનું બરોબર પાલન કરીએ છીએ. આથી અનેક ભાવાત્માઓ ધર્મ પામી જાય છે.



Scanned by CamScanner

## ચિત્ર : ૩૪ ગોચરી

દોષમુક્ત ભિક્ષાની ઝોળીઉપાશ્રયે લાવીને વિધિપૂર્વક ગુરુદેવને તે ગોચરી બતાડીને અમે મુનિઓ શાસ્ત્રમર્યાદા મુજબ વર્તુળાકારે ગોચરી વાપરવા માટે બેસીએ છીએ. ગુરુદેવે અમને ગોચરી કરતી વખતે લાગી જવાની શકયતાવાળા જે પાંચ દોષો બતાવ્યા છે; તે અંગે અમે સહુ એકદમ સાવધાન રહીએ છીએ; અને ગોચરી વાપરીને તિવિહારનું પચ્ચકખાણ કરીને ઊભા થઈએ છીએ.

## ચિત્ર : ૩૫ ગુરુ–સેવા

હું હંમેશ ખાસ કરીને રાત્રિના સમયે ગુરુદેવની તથા ગ્લાનાદિ મુનિવરોની સેવા કરું છું. ગુરુદેવની સેવા કરતા તેમના અંગુઠાને વારંવાર મારી આંખો અડાડુ છું; અને તેમના પગના તળીઆને મારું મસ્તક.

તે વખતે મારા ગુરુદેવે મારી ઉપર કેટલો બધો ઉપકાર કર્યો છે તેનું સ્મરણ કરતાં હું ગદ્ગદ્ થઈ જાઉં છું.

વિભાગ : ૭ : अर्हंની સ્થાપના અને અમૃતપ્લાવનની પ્રક્રિયા

## ચિત્ર : ૩૬ ગુરુદેવ દ્વારા નાભિકમલમાં अर्हंની સ્થાપના

એક દિવસની વાત છે. ગુરુદેવ સૂતા હતા. હું તેમના ચરણોની સેવા કરતો હતો. તે વખતે ગુરુદેવ બેઠા થઈ ગયા. તેમના મુખ ઉપર ભારે પ્રસન્નતા જણાતી હતી. મને લાગ્યું કે ગુરુદેવ આજે મારી ઉપર વિશેષ કૃપાવંત જણાય છે. અને.... ખરેખર તેમ જ હતું આજે મને ગુરુસેવાના મેવા મળવાના હતા.

બેઠા થએલા ગુરુદેવે મને કહ્યું, “વત્સ? તું ત્રણ ચાર દીર્ઘ શ્વાસોચ્છવાસ લેવા દ્વારા તારી નાડીઓનું શુદ્ધિકરણ કર. મારે આજે તને अर्हँ મન્ત્ર વિધિપૂર્વક આપવો છે. મારી પ્રસન્નતાથી અપાતો આ મન્ત્ર તને શીઘ્ર ફળદાયી બનશે.”

આ સાંભળીને આનંદવિભોર બનેલો હું ગુરુદેવે જણાવ્યા મુજબ ટટાર બેસી ગયો. મેં ત્રણ વખત શ્વાસ લીધો અને મૂકયો.

આ પ્રમાણે ત્રણ દીર્ઘ શ્વાસોચ્છવાસની ક્રિયા પૂરી થઈ કે તરત જ મને એવો ભાસ થયો કે ગુરુદેવે પોતાની કોઈ પરા-શક્તિથી મારા નાભિ સ્થાનમાં ‘अर्हं’ની સ્થાપના કરી દીધી છે.



Scanned by CamScanner

મારી નાભિમાં મને अर्हं એ મન્ત્ર સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યો.

ત્યાર બાદ ગુરુદેવે કહ્યું, "વત્સ! હવે તારા આ अर्हंને મોટેથી બોલવા પૂર્વક ઉપર ઉઠાવ અને ઠેઠ બ્રહ્મરન્ધ્રમાં પહોંચાડી દે. તું જ્યારે ભારપૂર્વક અને મોટેથી अ...र्हं બોલીશ ત્યારે શરૂમાં તે હ્રસ્વ હશે, ત્યાર બાદ તે દીર્ઘ થશે, પછી ક્રમશઃ પ્લુત, સૂક્ષ્મ અને અતિ સૂક્ષ્મ બની જઈને બ્રહ્મરન્ધ્રમાં વિલીન થઈ જશે."

ગુરુદેવનાં આદેશ મુજબ મેં अर्हं એ પ્રમાણે મોટેથી કહ્યું. ખરેખર તેમ જ થયું. છેલ્લે મારા અવાજમાં માત્ર તેનો સૂક્ષ્મ રણકાર રહ્યો, અને તે ય છેલ્લે શાન્ત પડી ગયો જ્યારે अर्हं હ્રસ્વ અવસ્થામાં હતો. ત્યારે તેણે નાભિમાં રહેલાં મણિપૂરચક્રનું ભેદન કર્યું અને ત્યાંથી તે ઉપર ગયો.

જ્યારે પ્લુત બન્યો ત્યારે તેણે કંઈકમાં રહેલાં વિશુદ્ધ ચક્રનું ભેદન કર્યું.

જ્યારે તે સૂક્ષ્મ થયો ત્યારે તેણે લલાટમાં રહેલાં આજ્ઞાચક્રનું ભેદન કર્યું

જ્યારે તે અતિ સૂક્ષ્મ થયો ત્યારે તેણે બ્રહ્મરન્ધ્રમાં રહેલાં સહસ્રદળ ચક્રનું ભેદન કર્યું.

આમ તે અતિસૂક્ષ્મ થઈને સ્વરૂપે વિલીન થઈ ગયો.



Scanned by CamScanner

## ચિત્ર : ૩૮ અર્હંનું અમૃતસ્વરૂપે પ્લાવન

ત્યાર બાદ અતિસૂક્ષ્મ સ્વરૂપે વિલય પામેલા તે અર્હંનું અમૃતત્વ થવા લાગ્યું. અને તે અમૃત બિન્દુઓ મારી પાછલી કરોડરજ્જુ દ્વારા નીચે જવા લાગ્યા. તેના ટપકાંઓ નાભિસ્થાનમાં પડવા લાગ્યા. ધીરે ધીરે તો નાભિસ્થાનમાં ઘણું અમૃત પ્લાવન થયું. રે! ત્યાં નાનકડું સરવરીયું જ બની ગયું. મારુ આખું નાભિસ્થળ અર્હંના રૂપાન્તરિત થએલા અમૃતનું તળાવ બની ગયું.

## ચિત્ર : ૩૯ નાભિમાં અમૃત સરોવર અને તેમાં સ્નાન

આ અમૃત–સાગરમાં હું કૂદી પડયો; અને તેમાં સ્નાન કરવા લાગ્યો. અર્હંનું અમૃતત્વમાં રૂપાન્તર! અને તેમાં સર્વોત્તપ્રદેશે મારું સ્નાન! પછી આનંદાનુભૂતિમાં તો શું કમીના રહે? એનું વર્ણન પણ શે થાય?

**વિભાગ : ૮ વિદ્યાદેવી–અભિષેક અને સ્વરૂપચિંતન**

## ચિત્ર : ૪૦ ષોડશદલ કમલ

જેટલામાં હું એ અમૃત–સરોવરે સ્નાન કરી રહ્યો છું તેટલામાં એકાએક તે સરોવરમાં–મારાથી થોડેક છેટે–સોળ દળનું એક કમળ પ્રગટ થયું. અતિ સુંદર એ



Scanned by CamScanner

કમળ હતું. હું તો તેને જોઈને જ સ્તબ્ધ થઈ ગયો. તરત જ હું તે કમળ તરફ તરીને પહોંચવા લાગ્યો. ત્યાં પહોંચીને તે કમળની પાંખડીઓની વચ્ચેથી અંદર પ્રવેશ કરીને કમળની કર્ણિકામાં જઈને પદ્માસનની મુદ્રામાં ટટ્ટાર બેસી ગયો. મને એ સ્થિતિમાં અપૂર્વ આહ્લાદ પેદા થવા લાગ્યો.

## ચિત્ર : ૪૧ વિદ્યાદેવીનો અભિષેક તથા સંદેશ

જરાક વાર થઈ ત્યાં તો એક અદ્‌ભુત આશ્ચર્ય થયું. તે કમળની સોળે ય પાંખડીઓ ઉપર સોળ સ્ત્રીઓ દેખાવા લાગી. તેમણે નખશીશ સફેદ સાડી પહેરી હતી. તેમનું મુખ નિર્વિકારિતાના લાવણ્યથી લસલસતું હતું. એથી ય વિશેષ માતા જેવું વાત્સલ્ય તેમના અંગોમાંથી નીતરતું હતું. જાણે કે તે સોળે ય મારી માતાઓ ન હોય!

હું તેમની સામે જોવા લાગ્યો – ત્યારે તેમણે મને કહ્યું; પુણ્યાત્મા! તું ચિંતા ન કરીશ. અમે સોળ વિદ્યાદેવીઓ છીએ. તને એક સંદેશ આપવા માટે જ અમે આ કર્યું છે. અમારે તને એક જ વાત કરવી છે કે, "તું તારા સ્વરૂપમાં લીન થા."

આટલું બોલીને તે વિદ્યાદેવીઓ અન્તર્ધ્યાન થઈ ગઈ.

"તું તારા સ્વરૂપમાં લીન થા." આ વાકયે મારા ચિત્તમાં પ્રચંડ કડાકો બોલાવ્યો. હું એકદમ સજાગ બની



Scanned by CamScanner

ગયો. અરે ! મારે મારા સ્વરૂપમાં લીન થવાનું છે! તો શું આ પળોમાં હું સ્વરૂપ–લીન નથી? અરે! પહેલાં મને એ તો કોક બતાડો કે મારું સ્વરૂપ શું છે?

અરે! ભૂલ્યો....એ મારું સ્વરૂપ-ભાન પણ મારે જ કરવાનું છે. હું કોણ છું? તે મારે જ શોધી કાઢવાનું છે.

પણ એ માટે તો મારે પરમ શાન્તિનું સ્થળ શોધવું પડશે. જ્યાં કોઈ ન હોય, કશું જ ન હોય; સિવાય દેશ અને કાળ.

હં....યાદ આવ્યું. જ્યાં સચરાચર વિશ્વનું કોઈ તત્ત્વ ન હોય એવું નિરવ સ્થળ તો એક જ છે. મારી પાસે....

તેનું નામ છે; બ્રહ્મરન્ધ્ર !

## ચિત્ર : ૪૨ સ્વાત્માનુ બ્રહ્મરન્ધ્રમાં બેસીને સ્વરૂપચિંતન

આ વિચાર કરતાં જ મેં સંકલ્પ કર્યો કે મારે હમણાં જ બ્રહ્મરન્ધ્રમાં પહોંચવું છે....

સંકલ્પ થતાંની સાથે જ તે પૂર્ણ થઈ ગયો. એક જ પળમાં હું મારી કોઈ અચિન્ત્ય આત્મશક્તિથી બ્રહ્મરન્ધ્રમાં પહોંચી ગયો. ત્યાં પદ્માસનસ્થ થઈ ગયો.

હવે હું મારા સ્વરૂપનું ચિંતન કરવા લાગ્યો.

ø



Scanned by CamScanner

## ચિત્ર : ૪૩ एगोऽहम्

હું મારી જાતને પુછવા લાગ્યો

कोऽहं : હું કોણ છું ? મારું સ્વરૂપ શું છે? જ્યારે વારંવાર મેં આ સવાલ પૂછ્યા જ કરો ત્યારે કોઈ અતાગ ઊંડાણમાંથી અવાજ આવ્યો : एगोऽहं.

હું એકલો છું. મારું કોઈ નથી. વારંવાર एगोऽहं ધ્વનિ અથડાવા લાગ્યો. અને પ્રત્યેક વખતે મારી આસ-પાસ-ચારે બાજુ નીચેની ધરતીએ ઊભેલા બા, બાપુજી વગેરે સ્વજનો; દુકાન, ઘરબાર, ગામ, નગર – સઘળુંય 'મારુ નથી.' મારે તેમની સાથે કોઈ સંબંધ નથી. તેમના વિષે રાગાદિભાવથી વિચારો કરવાનું મારે લેશ પણ પ્રયોજન નથી – એ વાત મને વધુ ને વધુ સ્પષ્ટ થવા લાગી.

અને....એમ થતાં થતાં છેલ્લે જાણે કે મારા મગજના દોઢ અબજ સેલ સાથે સંબંધ ધરાવતાં સ્વજનાદિ પ્રત્યેના રાગાદિભાવોના સેંકડો તાર તડાતડ કરતાં તૂટી ગયા. મેં તેમની સાથેનો સઘળો સંપર્ક છોડી દીધો.

મને મારા 'एगोऽहं' સ્વરૂપનો સાક્ષાત્કાર થયો.

પણ આ એકલતા મને સાલવા લાગી. કદાચ મારા અનાદિકાળના અનેકતાના વિપરીત અભ્યાસના કારણે પણ તેમ થયું હોય. ન સમજી શકાય તેવી ચિત્તની વિષમ સ્થિતિને હું અનુભવવા લાગ્યો.

☆



Scanned by CamScanner

# અરિહંત ધ્યાન

## ચિત્ર : ૪૪ दासोऽहं

ફરી હું મારા સ્વરૂપનું ભાન કરવા માટે એ જ પ્રશ્ન કરવા લાગ્યો : कोऽहं હું કોણ છું ? મારું સ્વ-રૂપ શું છે?

વળી આતમના અતાગ ઊંડાણમાંથી અવાજ આવ્યો : दासोऽहं.

હું ત્રિલોકગુરુ પરમાત્માનો દાસ છું. આ જ સમયે મને આકાશમાં વાદળોમાંથી પ્રગટ થએલા, મને આશિષ દેતાં પરમાત્મા દેખાવા લાગ્યા. તેમને જોઈને જ હું અર્ધ-પાગલ જેવો થઈ ગયો. મારા રોમાંચ ખડા થઈ ગયા. મારા આત્મપ્રદેશો નાચી ઊઠયા.

હું જોરથી બોલવા લાગ્યા. હા....હા....

दासोऽहं, दासोऽहं....હું આ દેખાય છે તે મારા સ્વામીનો દાસ છે; આ પરમપિતાનું બચ્ચું છું.

દાસત્વભાવનો એ આનંદ વર્ણવાતીત હતો. આખા જગતના સ્વામીને સ્વામિત્વનો જે આનંદ હશે તેનાથી અનંતગુણ આનંદ જગતપતિ પરમાત્માના દાસત્વનો મને હતો. હું તે વખતે તે આનંદ અનુભવી રહ્યો હતો.

## ચિત્ર : ૪૫ सोऽहं

દાસત્વના આ આનંદની અનુભૂતિમાં હું એકરસ બની ગયો હતો ત્યારે કોઈ પળે – એકાએક મારી નજરમાં



Scanned by CamScanner

જે ‘दासोऽहं’ પદ હતું તેનો दा દૂર થઈ ગયો. અને મને सोऽहं વંચાવા લાગ્યું. આથી મેં મારી જાતને પ્રશ્ન પૂછ્યો. ‘कोऽहं ?’ જવાબ મળ્યો : सोऽहं.

અરે ! હું તો તે–સ્વરૂપ જ છું. તેના દાસત્વની અનુભૂતિમાંથી અને તેના સ્વરૂપની અનુભૂતિ થવા લાગી. તે પરમ-તત્ત્વ; અને હું – આત્મ-તત્ત્વ: અમારા બે માં કશો ભેદ નથી. અમે બે એક સ્વરૂપ છીએ.

જે એનું ત્રૈકાલિક સ્વરૂપ છે તે જ મારું સ્વરૂપ છે. આ વખતે મારા આત્મતત્ત્વમાં મને પરમાત્મતત્ત્વ દેખાવા લાગ્યું. બન્ને અભિન્ન જણાવા લાગ્યા.

આ અભેદાનુભૂતિ કરતાં મારો આત્માનંદ પરાકાષ્ટાને પામી ગયો.

**વિભાગ : ૯ કૃતજ્ઞતાચિંતન, ક્ષપકશ્રેણિ અને કૈવલ્ય.**

## ચિત્ર : ૪૬ કૃતજ્ઞતા – ચિંતન

આવી અતિ ધન્ય અવસ્થા અનુભવતા મને એક વિચાર આવ્યો એક દિવસ હું કયાં હતો? કેવો અંતરનો ભિખારી! અવગુણોના ઉકરડાઓનો સ્વામી! દોષોની ગંધાએલી ગટર જેવો! અને આજે હું કયાં પહોંચ્યો? અરે! આ બધો કોનો મહિમા! એમને તો હું કેમ જ વિસારી શકું! હાય; એ તો નરી કૃતઘ્નતા જ કહેવાય!

એ સઘળો મહિમા મારા અસીમોપકારી. તરણુ તારણ-



Scanned by CamScanner

હાર દેવ અને ગુરુનો છે. દેવાધિદેવના અનુગ્રહે અને ગુરુદેવની કૃપાએ જ હું આવી અતિ ધન્ય અવસ્થાને પામી શક્યો છું.

આ વખતે અંતરીક્ષમાં મને મારા દેવાધિદેવ અને મારા ગુરુદેવ દેખાવા લાગ્યા. હું બન્ને ય ને જોતાં જ ઊભો થઈ ગયો. અને ત્યાં જ ખમાસમણું દઈને કોટિ કોટિ વંદન કરવા લાગ્યો.

અહા! મારા અસીમોપકારી આરાધ્યદેવો! તે ન મળ્યા હોત તો આ ભવરાનમાં હું ક્યાં ભટકતો હોત!

કૃતજ્ઞતા ગુણનો સ્પર્શ કરતાં મને સાતમા ગુણસ્થાનના અપ્રમત્તભાવની ઝલક પ્રાપ્ત થઈ. હું તે જ પળે સાતમા ગુણસ્થાન ઉપર આરૂઢ થયો.

## ચિત્ર : ૪૭ ક્ષપકશ્રેણિ : જીવ અને શિવ સાથે એકતા

એક વખત આ રીતે અપૂર્વ ઝલક દ્વારા સાતમા ગુણસ્થાન ઉપર મારો આત્મા આરૂઢ થયો હતો ત્યારે જીવ માત્ર સાથેના મારા સ્નેહપરિણામની ધારા એકદમ વધવા લાગી. મારી ચોફેર [તિર્થંક] જીવતત્વ જ હતું. સર્વ જીવરાશિ સાથે મારો અભેદ થવા લાગ્યો. અમે સહુ સંસારી જીવમાત્ર એક જ છીએ એવી એકતાનો હું અનુભવ કરવા લાગ્યો.



Scanned by CamScanner

એ વખતે બીજી પણ એક બીના બની કે મારી ઊર્ધ્વમાં રહેલા શિવસ્વરૂપ સકળ સિદ્ધ ભાગવંતો સાથે પણ મેં અભેદભાવ સાધ્યો. મને અમારા સહુમાં અભિન્નપણે શિવદર્શન થવા લાગ્યું.

કર્મયુકત અમે સહુ જીવ : એક
કર્મમુક્ત અમે સહુ શિવ : એક

આવી સકળ જીવ અને સકળ શિવ સાથે મારા આત્માએ જે એકતા સાધી તે જ મારી ક્ષપકશ્રેણી બની ગઈ. મારા મોહનીયકર્મના ચુરા બોલાઈ ગયા, મારા ઘનઘાતી કર્મોનો પણ સંપૂર્ણતઃ નાશ થઈ ગયો!

હું વીતરાગ થયો; સર્વજ્ઞ થયો.

## ચિત્ર : ૪૮ મુળસ્વરૂપમાં આગમન : શિવ: સ્વરૂપાનુભૂતિનું જાગરણ

વીતરાગતા અને કૈવલ્યની પરા-સ્થિતિનો અનુભવ મારો આત્મા કરી રહ્યો છે. એ સ્વરૂપરમણતાનો આનંદ માણી રહ્યો છે.

હું વળી પાછો ભરતક્ષેત્રનો તે જ માનવ બની ગયો. મને લાગ્યું કે મેં ઘણું બધું આગમથી ભાવનિક્ષેપે મારું અરિહંત સ્વરૂપ મેં ગુમાવ્યું છે. હા....મારા સ્વભાવનું પ્રાગટય ગુમાવ્યું છે તે. આ શી રીતે બની શકે? તે હું ન



Scanned by CamScanner

# અરિહંત ધ્યાન

સમજી શકયો પણ એ કટુ હકીકતનો મારાથી ઇન્કાર થઈ શકે તેમ ન હતું. પણ બીજી બાજુ એ પરમાનંદની અનુ-ભૂતિને હું કદી વિસરી શકું તેમ પણ ન હતું.

છતાં મને ભય હતો; આ સંસારનો ! તેની માયાનો! રખે ને મને કયાંક એ માયા ભુલાવામાં પાડી દે!

ના....ના....મારી સ્વરૂપાનુંભૂતિને તો હું કદી વિસરી ન શકું. હવે તો બાહ્યથી હું ભલે માનવાત્મા છે. પરન્તુ અભ્યન્તરથી તો હું પૂર્ણ પરમાત્મા જ છું આવી સ્થિતિમાં હું સદાય આ સંસારમાં અનાસક્ત રહેવાનો.

અને....એ વખતે મારા મનમાંથી એક પુકાર નીકળી ગયો.

ॐ ह्रीँ अर्हं પ્રસીય ભગવન્ મયિ ! હે સર્વેશ્વર ! આપ મારી ઉપર કૃપા કરો કે જેથી મારા મૂળભૂત સ્વરૂપના આનંદનું કયારે પણ વિસર્જન ન થઈ જાય. આપની કૃપા વિના એ સંભવિતજ નથી.

કૃપાલો ! કૃપા કરો; કૃપા કરો; કૃપા કરો અહીં આ મંત્રની માળા ગણવી. ત્યાર બાદ વીસ માળા ॐ ह्रीँ अर्हं नमः પદની ગણવી.

चुनीलाल पुनमचंद जैन
☆ [illegible]
[illegible]मी [illegible]रोड, लोअरपरेल
१०८ बंबई नं. ४०००१३

કમલ પ્રકાશન ટ્રસ્ટ

કિંમત રૂ. ૩–૦૦

ટાઇટલ: પપુ પ્રિન્ટર્સ, અમદાવાદ. ફોન: ૨૩૦૬૩

Scanned by CamScanner